بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.  رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.




સરપરસ્ત

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મ્હે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મ્હે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મરાઠખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મરાઠખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

Vol.-1, Isuue-8, June-2014

Website : www.jafariaawaz.com ® email : jafariaawaz@gmail.com

સંપાદક મંડળ

આદ્ય તંત્રી : મહૂંમ 'દીપક' દાંત્રિલિયા

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩

સલાહ-માર્ગદર્શન : મૌલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)

સહયોગી : મૌલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

લેસરકગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા - ૯૯૨૫૭૩૦૧૦૭

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬

સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૩૮

અનવરઅલી મનિયા

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ નવાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૯


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| ગડમથલ | 6 |
| કુરઆન શિક્ષણ | 7 |
| અહાદીસ | 9 |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | 13 |
| નબી કે બાદ ઉમ્મત કા હૈ તૂ સરદાર, યા હૈદર | 17 |
| ફઝીલતવાળા ઘરો | 18 |
| સકકાઈ | 21 |
| હઝરત હમ્ઝા બિન કાસિમ (અ.)ના રોઝા........ | 25 |
| મશાયખવાણી | 30 |
| ઈબાદાત | 33 |
| ઈસ્લામ વિષેની સમજણ | 35 |
| જાફરી પંચાંગ | 38 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 39 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 42 |
| ખુત્બો : બાળકો પ્રત્યે જવાબદારી | 45 |
| નહજુલ અસરાર | 48 |
| બ્લોગ | 51 |
| અલ ઈર્શાદ | 53 |
| મીર અનીસના મરસિયા | 56 |
| એપીટમી ડેરી | 59 |
| જ્ઞાનગોષ્ઠિ | 61 |
| આપણા ઘરની વાતો | 64 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 65 |


# ઊઘડતે પાને...

રસના લોકો આઝરબાઈજાન અને આરમેનિયાની વચ્ચે 'રસ' નદીના કાંઠે હઝરત સુલયમાન (અ.) પછીના જમાનામાં રહેતા હતા. રસ નદીના કાંઠે બાર શહેર વસેલાં હતાં અને આ લોકો એ શહેરોમાં રહેતા હતા. આ શહેરોમાંથી સૌથી મોટું શહેર 'ઈસ્ફન્દાર' હતું કે જ્યાં 'તર્કૂઝ' નામનો બાદશાહ રહેતો હતો. તર્કૂઝ નમરૂદનો એ વંશજ હતો, કે જે હઝરત ઈબ્રાહીમ (અ.)ના

જમાનામાં બાદશાહ હતો.

રસના લોકો 'સનોબર'ની ઈબાદત કરતા હતા. આ એક મોટું પાઈનનું ઝાડ હતું કે જેને ઈસ્ફન્દારમાં સર્વપ્રથમ હઝરત નૂહ (અ.)ના બેટા યાફસે પાણીના અઝાબ પછી રોપ્યું હતું. આ પાઈનના ઝાડના મૂળ પાસે એક ઝરણું હતું. કોઈને પણ તે ઝરણામાંથી પાણી પીવાની રજા ન હતી, કારણ કે તે ઝરણામાંથી ખુદા પાણી પીતા હોય, તેવું માનવામાં આવતું હતું. રસના લોકો નદીના કિનારે ખેતી કરતા હતા અને અલ્લાહે તેમને સારું વાતાવરણ અને સુખદ જીવન બન્ને બક્ષ્યાં હતાં. તેમ છતાંય આ લોકો અલ્લાહની નાશુક્રી કરતા હતા અને નાદાનીની સાથે પોતાની દુઆઓ પાઈનના ઝાડ આગળ માગતા હતા. તે ઝાડની ડાળીઓને તેઓ પોતાના ઘેર લઈ જતા અને ત્યાં તેની ઈબાદત કરતા હતા. ઈદના દિવસે, જાનવરના માંસને બાળીને તે ઝાડને અર્પણ કરવામાં આવતું હતું.

આવા જાહિલ લોકોની હિદાયત માટે અલ્લાહે તેમની પાસે પોતાના નબીને મોકલ્યા. તારીખમાં આ નબીનું નામ લખાયેલું નથી, પરંતુ આપણે એટલું જાણીએ છીએ કે આ નબી હઝરત યાકૂબ (અ.)ના બેટા યહૂદાના વંશમાંથી હતા. નબીએ લોકોને હિદાયત કરવાની પૂરી કોશિશ કરી. તેમને જણાવ્યું કે તમે ઝાડની ઈબાદત કરીને ભૂલ કરી રહ્યા છો. નબીએ તે લોકોને અલ્લાહની રહેમત અને બરકતો વિષે વાતો કહી અને તેમને ચેતવ્યા કે અલ્લાહ સિવાય કોઈની પણ ઈબાદત ન કરો. તેમની આવી સતત મહેનત છતાંય લોકોએ નબીની વાત પર ધ્યાન ન આપ્યું અને ઝાડની ઈબાદત કરતા રહ્યા.

ઈદના દિવસે, નબી દુઃખી થઈને ઝાડની ઈબાદત કરવા માટે લોકોની તૈયારી જોઈ રહ્યા હતા. જ્યારે નબીએ જોયું કે લોકો કેટલી બધી અકીદત અને ઉત્સાહ સાથે ઝાડની ઈબાદત કરવાની તૈયારીમાં વ્યસ્ત છે, તો તેમણે અલ્લાહ પાસે દુઆ માગી કે ઝાડ સૂકાઈ જાય કે જેથી લોકોને ખબર પડે કે તેઓ કેવી નાદાની કરી રહ્યા છે. અલ્લાહે દુઆ કબૂલ કરી લીધી અને લોકોએ જોયું કે તેમની નજરોની સામે ઝાડ સૂકાઈ રહ્યું છે, પરંતુ હિદાયત પામવાના બદલે લોકોએ માની લીધું કે નબીની દખલના કારણે તેમનો ખુદા તેમનાથી નારાજ થઈ ગયો છે. તે લોકોએ પોતાના ખુદાને રાજી કરવા માટે નબીની કુરબાની આપવાનું વિચાર્યું.

રસના લોકોએ નબીને પકડી લીધા અને તેમને એક મોટા ખાડામાં ફેંકી દીધા. તે પછી તેમણે ખાડાને પૂરી દીધો અને તેમાં આગ લગાવી દીધી. થોડા સમય સુધી ખાડામાંથી નબીની ચીસો સંભળાઈ પણ પછી તેઓ વફાત પામ્યા એટલે બધું શાંત થઈ ગયું. હવે લોકો પાછા ઝાડ તરફ વળ્યા કે જેથી તેની ઈબાદત પાછી શરૂ કરી શકે, પરંતુ ત્યાં સુધી તો અઝાબની નિશાનીઓ દેખાવા લાગી. અચાનક અલ્લાહનો ગઝબ રસના બધા લોકો ઉપર નાઝિલ થયો. રાતો પવન તેમની વચ્ચે ફૂંકાયો અને આખી વસ્તી નાબૂદ થઈ ગઈ. હવે જે કાંઈ બચ્યું હતું તે એક મોટું વાદળ હતું કે જે આખા વિસ્તાર ઉપર છવાયેલું હતું. ચારેય બાજુ અંધકાર છવાઈ

ગયો હતો. આવી રીતે રસના લોકોનું નામોનિશાન મટી ગયું, એવી રીતે કે તેમની પાછળ આવનારી કોમોએ તેમના પરિણામથી સબક લીધો.

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

પારા-૧૯, સૂરા ફુર્કાન, સૂરા-૨૫, આયત-૩૮ અને ૩૯

وَّعَادًا وَّثَمُوْدَاۡ وَاَصْحٰبَ الرَّسِّ وَقُرُوْنًاۢ بَيْنَ ذٰلِكَ كَثِيْرًا ﴿۳۸﴾

*(અને આદ અને સમૂદ અને રસના લોકો અને તેમના વચગાળાની અસંખ્ય પેઢીઓ.)*

وَكُلًّا ضَرَبْنَا لَهُ الْاَمْثَالَ ۫ وَكُلًّا تَبَّرْنَا تَتْبِيْرًا ﴿۳۹﴾

*(અને બધાને અમે દાખલા આપ્યા, અને બધાને અમે સદંતર નાબૂદ કરી દીધા.)*

પારા-૨૬, સૂરા કાફ, સૂરા-૫૦, આયત-૧૨ થી ૧૪

كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ وَّاَصْحٰبُ الرَّسِّ وَثَمُوْدُ ﴿۱۲﴾

*(તેમના પહેલાં (નબીઓને) જૂઠલાવ્યા નૂહની કોમે, અને રસના લોકોએ, અને સમૂદે,)*

وَعَادٌ وَّفِرْعَوْنُ وَاِخْوَانُ لُوْطٍ ﴿۱۳﴾

*(અને આદે, અને ફિરઓને, અને લૂતના ભાઈઓએ,)*

وَّاَصْحٰبُ الْاَيْكَةِ وَقَوْمُ تُبَّعٍ ۭ كُلٌّ كَذَّبَ الرُّسُلَ فَحَقَّ وَعِيْدِ ﴿۱۴﴾

*(અને જંગલના લોકોએ, અને તુબ્બઅની કોમે. બધાએ જૂઠલાવ્યા રસૂલોને પરંતુ અઝાબનો વાયદો સાચો સાબિત થયો.)*


અકબરઅલી
ફોન : ૦૨૭૭૨ - ૨૪૮૩૯૭
મો. : ૯૪૨૮૬ ૪૬૪૨૯


Bhagyoday DAIRY

દુધ ◎ દહીં ◎ ઘી ◎ છાશ ◎ પનીર ◎ લસ્સી
પેડા ◎ હલવો ◎ બાસુંદી ◎ શ્રીખંડ ◎ કેરીનો રસ (મેન્ગો મિલ્ક શેક)

ભાગ્યોદય ડેરી, બગીચા વિસ્તારના નાકે,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.




**સંપાદન :** જાફરી આવાઝ (માસિક) કાર્યાલય



## ::::: આડી ચાવીઓ :::::

(૧) ગુસ્લનો એક પ્રકાર (૫)
(૪) સફર કરનાર વ્યક્તિ (૫)
(૭) કંપન, ધ્રુજારી (૩)
(૯) મિત્રતા, દોસ્તી (૩)
(૧૦) કા'બા, ખુદાનું ઘર (૩)
(૧૨) ઈચ્છા, અભિલાષા (૩)
(૧૪) જગ્યા, સ્થળ (૧)
(૧૫) કુંડાળુ, ડાયરો (૨)
(૧૮) કુરઆનના એક સૂરાનું નામ (૩)
(૧૯) નીચતા, દુષ્ટતા, તોફાન (૪)
(૨૧) દૂધ માટેનો અરબી શબ્દ (૩)
(૨૨) એક પ્રકારની રોટી (૨)
(૨૩) પેન, લેખિની (૩)
(૨૫) સચ્ચાઈ, સત્યતા (૪)
(૨૭) બુત, પ્રિયપાત્ર (૪)
(૨૯) બાતલ, કાઢી નાખેલું (૨)
(૩૧) દુ:ખનો ઉદ્ગાર (૨)
(૩૨) પ્રહાર, ઝાટકો (૨)
(૩૩) મહેરબાની (૪)
(૩૪) સહાયતા (૩)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) સુધાર, સુધારણા (૩)
(૨) દોલત, ધન (૨)
(૩) જીવન પધ્ધતિ, જીવનતરાહ (૩)
(૫) પડછાયો, છાંયડો (૨)
(૬) જુદાઈ, વિરહ, વિયોગ (૩)
(૧૧) રોઝી આપનાર, અલ્લાહનું એક નામ (૩)
(૧૩) વસંતઋતુ, ફૂલોની ઋતુ (૩)
(૧૬) કા'બામાં લટકાવેલ એક બુતનું નામ (૨)
(૧૭) થાપણ સાચવનાર (૬)
(૧૮) વધારો, વૃધ્ધિ, વિપુલતા (૪)
(૧૯) ઝાકળબિંદુ (૪)
(૨૦) શરીરનો એક ભાગ, જાંઘ (૨)
(૨૨) સૂંઘવા માટેની ઈન્દ્રિય (૨)
(૨૪) સ્પર્શ, ઘસવાની ક્રિયા (૨)
(૨૫) હદ, બાઉન્ડ્રી (૪)
(૨૬) ફરિયાદ (૨)
(૨૮) મુક્તિ, છુટકારો (૩)
(૩૦) કરબલાનું એક નામ (૨)
(૩૧) જાહેર જનતાનું, સર્વસાધારણ (૨)



# કુરઆન શિક્ષણ

અર્ઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَ اِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا كَمَآ اٰمَنَ النَّاسُ
قَالُوْٓا اَنُؤْمِنُ كَمَآ اٰمَنَ السُّفَهَآءُ ؕ اَلَآ اِنَّهُمْ
هُمُ السُّفَهَآءُ وَ لٰكِنْ لَّا يَعْلَمُوْنَ ﴿۱۳﴾

✪ અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે જેમ બીજા લોકો ઈમાન લાવ્યા છે તેમ તમે પણ ઈમાન લાવો ત્યારે તેઓ કહે છે જે શું અમે એવી રીતે ઈમાન લાવીએ કે જેવી રીતે તે મૂર્ખાઓ ઈમાન લાવ્યા છે ? ખબરદાર ! એ લોકો પંડે જ મૂર્ખ છે પણ (તે) જાણતા નથી.

**(પારો–૧, સૂરા બકરા, આયત–૧૩)**

---

وَ لَتَجِدَنَّهُمْ اَحْرَصَ النَّاسِ عَلٰى حَيٰوةٍ ۚ
وَ مِنَ الَّذِيْنَ اَشْرَكُوْا ۚ يَوَدُّ اَحَدُهُمْ لَوْ يُعَمَّرُ
اَلْفَ سَنَةٍ ۚ وَ مَا هُوَ بِمُزَحْزِحِهٖ مِنَ الْعَذَابِ
اَنْ يُّعَمَّرَ ؕ وَ اللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿۹۶﴾

✪ અને તને ખચીત જ માલૂમ પડશે કે તેઓ સર્વે માણસો કરતાં (સંસારી) જિંદગીના અત્યંત લોભીષ્ટ છે, એટલા બધા પ્રમાણમાં કે મુશરિકો કરતાં ય વધારે, તેઓ માંહેનો દરેક એવું ઈચ્છે છે કે તે પોતે હજાર વર્ષ જીવે પરંતુ તેનું મોટી વયનું થવું (પણ) તેને (અમારી) શિક્ષાથી બચાવી શકનાર નથી અને જે (વર્તન) તેઓ કરે છે તે અલ્લાહ સારી પેઠે નિહાળે છે. **(પારો–૧, સૂરા બકરા, આયત–૯૬)**

---

مَنْ كَانَ عَدُوًّا لِّلّٰهِ وَ مَلٰٓئِكَتِهٖ وَ رُسُلِهٖ
وَ جِبْرِيْلَ وَ مِيْكٰلَ فَاِنَّ اللّٰهَ عَدُوٌّ
لِّلْكٰفِرِيْنَ ﴿۹۸﴾

✪ જે કોઈ અલ્લાહ તથા તેના ફરિશ્તા તથા તેના રસૂલો તથા જીબ્રઈલ તથા મીકાઈલના દુશ્મન છે તો નિ:સંશય અલ્લાહ પણ તે નહીં માનનારાઓનો દુશ્મન છે.

**(પારો–૧, સૂરા બકરા, આયત–૯૮)**

وَ اِذَا قِيْلَ لَهُمُ اتَّبِعُوْا مَآ اَنْزَلَ اللّٰهُ
قَالُوْا بَلْ نَتَّبِعُ مَآ اَلْفَيْنَا عَلَيْهِ اٰبَآءَنَا
ؕ اَوَ لَوْ كَانَ اٰبَآؤُهُمْ لَا يَعْقِلُوْنَ شَيْئًا وَّ لَا
يَهْتَدُوْنَ ﴿۱۷۰﴾

❂ અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે અલ્લાહે જે કાંઈ ઉતાર્યું છે તેને અનુસરો ત્યારે તેઓ કહે છે કે અમે તો તેને જ અનુસરીશું કે જેને અમારા બાપદાદાઓને અનુસરતા દીઠા છે, જો કે તેમના બાપદાદા કોઈ વસ્તુની સમજ ધરાવતા ન હતા (તેમજ) હિદાયત (પણ) પામેલા ન હતા તે છતાં ય શું (તેઓ તેમને અનુસરશે ?)

**(પારો–૨, સૂરા બકરા, આયત–૧૭૦)**

---

كَيْفَ يَهْدِي اللّٰهُ قَوْمًا كَفَرُوْا بَعْدَ
اِيْمَانِهِمْ وَ شَهِدُوْٓا اَنَّ الرَّسُوْلَ حَقٌّ وَّ
جَآءَهُمُ الْبَيِّنٰتُ ؕ وَ اللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ
الظّٰلِمِيْنَ ﴿۸۶﴾

❂ અલ્લાહ એવા લોકોને હિદાયત કેવી રીતે કરે કે જેઓ ઈમાન લાવ્યા પછી નાસ્તિક થઈ ગયા છે ? અને (વળી આ પછી કે) તેઓ સાક્ષી પણ આપી ચૂકયા હતા કે (પયગમ્બરે આખેરૂઝઝમાન) રસૂલે બરહક (સત્ય) છે તથા તેમની પાસે પ્રત્યક્ષ નિશાનીઓ પણ આવી ચૂકી હતી, અને અલ્લાહ જાલિમ (અન્યાયી) લોકોને હિદાયત કરતો નથી.

**(પારો–૩, સૂરા આલે ઈમરાન, આયત–૮૬)**

---

اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاللّٰهِ وَ رُسُلِهٖ وَ يُرِيْدُوْنَ
اَنْ يُّفَرِّقُوْا بَيْنَ اللّٰهِ وَ رُسُلِهٖ وَ يَقُوْلُوْنَ
نُؤْمِنُ بِبَعْضٍ وَّ نَكْفُرُ بِبَعْضٍ ۙ وَّ يُرِيْدُوْنَ
اَنْ يَّتَّخِذُوْا بَيْنَ ذٰلِكَ سَبِيْلًا ۙ ﴿۱۵۰﴾

❂ બેશક જે લોકો અલ્લાહનો તથા તેના રસૂલનો ઈન્કાર કરે છે તથા અલ્લાહ અને તેના રસૂલો વચ્ચે જુદાઈ પાડવા ઈચ્છે છે અને કહે છે કે અમે કેટલાક (રસૂલો)ને માનીએ છીએ અને કેટલાકોનો ઈન્કાર કરીએ છીએ, અને તેઓ આ બન્ને (કુફ્ર તથા ઈમાન) વચ્ચેનો (બીજો) એક માર્ગ ગ્રહણ કરવા ઈચ્છે છે.

**(પારો–૫, સૂરા નિસા, આયત–૧૫૦)**

---

اُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا ۚ وَ اَعْتَدْنَا
لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ﴿۱۵۱﴾

❂ તેઓ ખરે જ નાસ્તિક છે, અને અમોએ નાસ્તિકો માટે નામોશીભર્યો અઝાબ તૈયાર કર્યો છે.

**(પારો–૫, સૂરા નિસા, આયત–૧૫૧)**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૩૬ નફસનો વિરોધ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَاَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّهٖ وَنَهَى النَّفْسَ عَنِ الْهَوٰى ﴿٤٠﴾ فَاِنَّ الْجَنَّةَ هِيَ الْمَاْوٰى ﴿٤١﴾

*(પરંતુ જે બંદો પોતાના પરવરદિગારની સામે ઊભા રહેવામાં ભય અનુભવે છે અને જે પોતાની યોગ્ય ઈચ્છાઓને પણ રોકી રાખે છે તો તે અવશ્ય જન્નતમાં દાખલ થશે.)*

(સૂરા નાઝેઆત, આયત-૪૦, ૪૧)

(પર૪) પોતાના નફસના વિરોધમાં જિહાદ કરનાર મુજાહિદ છે.

(મજાઝાતુન્નબવિયા, સફા-ર૦૧)

(પરપ) જે બંદો પોતાની ઈચ્છાઓને મિટાવી દે તો શયતાન તેના પડછાયાથી પણ દૂર ભાગે છે. (જામેઅ અલ-અખબાર, સફા-૧૧૮)

(પર૬) તમારા દુશ્મનોમાંથી તમારો સૌથી મોટો દુશ્મન તમારી કામવાસના છે.

(મજમુઆ વરામ, જિલ્દ-૧, સફા-પ૯)

(પર૭) તમારી ઈચ્છાઓ વિરૂધ્ધ જિહાદ કરો કે જેથી તમે તમારા નફસ ઉપર કાબૂ મેળવી શકો. (ઈસ્નાઅશરીયા)

(પર૮) તમારા પોતાના નફસની વિરૂધ્ધ જિહાદ કરો કે જેથી તમારા દિલોમાં શાણપણ (હિકમત) આવે. (ઈસ્નાઅશરીયા)

(પર૯) જે બંદો લોકોને દુશ્મન સમજ્યા વગર પોતાના નફસને જ દુશ્મન ગણશે તો અલ્લાહ તેને કયામતના દિવસે શાંતિ આપશે. (રૌઝતુલ વાએઝીન, સફા-૪૧૯)

(પ૩૦) જેનું ઈલ્મ તેની ઈચ્છાઓને કાબૂમાં કરે તો એવું ઈલ્મ જ ફાયદાકારક છે.

(રૌઝતુલ વાએઝીન, સફા-૪૧ર)

(પ૩૧) શકિતશાળી એ નથી કે જે લોકો ઉપર શાસન કરે, પરંતુ શકિતશાળી એ છે કે જે પોતાના નફસને કાબૂમાં કરે.

(મજમુઆ વરામ, જિલ્દ-ર, સફા-૧૦)

(પ૩ર) ત્રણ બાબતો શ્રેષ્ઠ આમાલમાંથી છે :

(૧) નફ્સની વિરૂધ્ધ જિહાદ કરવો.

(૨) ઈચ્છાઓને કાબૂમાં કરવી.

(૩) દુનિયાની અવગણના કરવી.

(ઈસ્નાઅશરીયા)

(૫૩૩) રસૂલ (સ.)એ ફરમાવ્યું, "તમે ધન્ય છો કે તમે નાની જિહાદ (જિહાદે અસગર) થી પાછા ફર્યા છો અને મોટી જિહાદ (જિહાદે અકબર) તરફ આગળ વધી રહ્યા છો." લોકોએ પૂછ્યું, "યા રસૂલલ્લાહ! જિહાદે અકબર શું છે?" આપે ફરમાવ્યું, "પોતાના નફ્સ વિરૂધ્ધ જિહાદ કરવો.

(મજમુઆ વરામ, જિલ્દ–૧, સફા–૯૬)

## ૩૭ | તકવા (પરહેઝગારી) વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
...اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ ... ﴿١٣﴾

*(...તેમાં શંકા નથી કે અલ્લાહની દ્રષ્ટિમાં તમારા બધામાં સૌથી સન્માનીય તે જ છે કે જે સૌથી વધારે પરહેઝગાર હોય...)*

(સૂરા હોજોરાત, આયત-૧૩)

(૫૩૪) તમારા માટે પરહેઝગારી આવશ્યક છે કારણ કે પરહેઝગારી બધી નેકીઓમાં સર્વોચ્ચ છે.

(તરાએફુલ-હિકમ, જિલ્દ–૧, સફા–૧૮)

(૫૩૫) રસૂલ (સ.)એ ફરમાવ્યું, "હું કુરઆને કરીમની એક એવી આયત જાણું છું કે જો દુનિયાના બધા લોકો તેને લઈ લે તો બધા માટે તે પૂરતી થઈ જાય. આપને પૂછવામાં આવ્યું, "તે આયત કઈ છે ?" આપે જવાબમાં ફરમાવ્યું, "જે બંદો અલ્લાહથી પરહેઝગારી ઈખ્તિયાર કરશે તો અલ્લાહ તેને હિદાયતના રસ્તા બતાવશે અને તેને અણધારી જગ્યાએથી રોજી આપશે.

(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા–૫૬)

(૫૩૬) જે બંદો એવું ઈચ્છતો હોય કે લોકોમાં તે સૌથી વધારે લોકપ્રિય થાય તો તેણે પરહેઝગારી ઈખ્તિયાર કરવી જોઈએ.

(તુહાફુલ-ઉકૂલ)

(૫૩૭) એક વ્યવસાયનો એક ભાગીદાર તેના બીજા ભાગીદારોનું જે રીતે નિરીક્ષણ કરે છે તેનાથી વધારે ચોકસાઈથી જે પોતાના નફ્સનું આત્મનિરીક્ષણ કરશે તે જ પરહેઝગારી ઈખ્તિયાર કરી શકશે અને તેને એ પણ ખ્યાલ હોવો જોઈએ કે તેની રોજી અને પોશાક હલાલથી છે કે હરામથી છે.

(બિહારૂલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૮૬)

(૫૩૮) જન્નતમાં દાખલ થનારાઓમાં પરહેઝગારો અને સારી રીતભાત ધરાવનારાઓ હશે. (ઈસ્નાઅશરીયા)

(૫૩૯) જ્યાં સુધી એક બંદો પરવાનગી અપાયેલી વસ્તુઓનો પણ હરામ હોવાની શકયતાની બીકથી ત્યાગ ન કરે ત્યાં સુધી તે પરહેઝગારોમાં નહીં

ગણાય. (તુહાફુલ-ઉકૂલ)

(૫૪૦) અય લોકો ! તમારો પરવરદિગાર એક છે, તમારો બાપ એક છે, તમે બધા એક આદમની ઓલાદ છો અને આદમને માટીમાંથી બનાવેલા છે. તમારામાંથી સૌથી માનનીય તે છે કે જે સૌથી વધારે પરહેઝગાર હોય. અરબો અને ઈરાનીઓ ફકત પરહેઝગારીના ધોરણે જ એકબીજાથી બહેતર છે.

(જામેઅ અલ-અખ્બાર, સફા–૨૦૫)

(૫૪૧) સૌથી વધારે પરહેઝગાર બંદો એ છે કે જે દરેક વખતે સાચી વાત કહે, ભલેને પછી તેનાથી તેને લાભ થાય અથવા નુકસાન થાય. (રૌઝતુલ વાએઝીન, સફા–૪૩૨)


*Nature's Low of Cure*

**શિફા હોમિયોપેથ કિલનીક**

**ડૉ.એહમદઅબ્બાસ ધરખડ**

*(હોમિયોપેથીક કન્સલ્ટન્ટ)*

(હઠીલા રોગો માટે આશાનું કિરણ)

સ્ત્રી રોગો, ચામડીના રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ, મસા, વા, ગાંઠીયો વા, સાયટીકા, ખરતા વાળ, થાઈરોઈડ, માનસિક રોગો માટે હોમિયોપેથિક સારવાર.

**સમય : સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી**

**બહારના દર્દીઓએ ફોન કરીને આવવું.**

સ્પાન કોમ્પલેક્ષ, પૃથ્વી રેસ્ટોરન્ટની સામે, પોલીટેકનીક રોડ, વડનગર. જિ. મહેસાણા.

**મો.૯૭૨૩૩૮૯૬૧૩**

INDIAN SAFETY SOLUTION

**Contact:- M.G.KADIWALA**
(IGC-NEBOSH, MECHANICAL ENGG.)
**M. : 08866448339**
**E-mail : indiansafetysolution@gmail.com**

**ADD:- Plot No. 914, G.I.D.C. Chhatral, Ta. Kalol, Dist. Gandhinagar, Pin-382729. GUJARAT (INDIA)**

# INDIAN SAFETY SOLUTION



fire Extinguishers


Fire Alarm & Smoke detecoter Systems


Fire Fighting & Hydrant system

- I.S.I. માર્કાના ફાયર–હેસ્ટીંગગ્યુસર (ફાયર બોટલ)ના સપ્લાયર, ઈન્સ્ટોલેશન કરનાર તથા તેના સ્પેર પાર્ટસ અને રીફીલ કરનાર.
- મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂલ્સ મુજબ ફાયર હાઈડ્રન્ટ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમનું ઈન્સ્ટોલેશન કરનાર.
- ફાયર ફાઈટીન્ગ અને સ્પ્રીન્કલર્સ સીસ્ટમના ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે I.S.I. સ્ટાન્ડર્ડ મુજબ હાઈડ્રન્ટ વાલ્વ, હોસપાઈપ, હોસરીલ, વિગેરે)



Industrial Safety Equipment

- કમ્પલીટ ફાયર એલારામ સીસ્ટમના સપ્લાયર તથા ઈન્સ્ટોલેશન કરનાર.
- P.P.E. ઈન્ડસ્ટ્રીયલ સેફટી ઈક્વીપમેન્ટના સપ્લાયર્સ (જેવા કે હેલ્મેટ, હેન્ડગ્લોવઝ, માસ્ક, વિગેરે)
- હોટલ્સ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્પિટલ માટેના સેફટી ડિઝાઈનર, ઈન્સ્ટોલેશન અને સલાહકાર.
- બધી જાતની સેફટી ટ્રેનીંગ (સર્ટીફીકેટ સાથે) અને ઓડીટ માટેના ડોક્યુમેન્ટના આયોજક.

# શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત**

## ઝહીર હોસ્ટેલ (સમગ્ર બાવીસી માટે)

મુ. ઝહીરાબાદ, પો. સવગઢ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.

ફોન : ૦૨૭૭૨ - ૨૨૨૩૧૮ મો.૯૪૨૭૬૯૬૯૬૦

હોસ્ટેલ સંચાલન સમિતિ, ઝહીરાબાદ ખૂબ આનંદ સાથે જણાવે છે કે ઝહીર હોસ્ટેલ સફળતાપૂર્વક તેર વર્ષ પૂર્ણ કરીને ચૌદમા વર્ષમાં પ્રવેશ કરે છે. અને રાબેતા મુજબ માહે જૂન-૨૦૧૪થી શરૂ થતા નવા વર્ષ માટે ધો.૮ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. આથી નવા શૈક્ષણિક વર્ષ માટે ઝહીર હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા જૂના તથા નવા તમામ વિદ્યાર્થીઓના વાલીઓને ઝહીર હોસ્ટેલ કાર્યાલયમાંથી પ્રવેશપત્ર મેળવીને મોડામાં મોડા તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં ફી સાથે ફોર્મ ભરી પ્રવેશ મેળવી લેવા નમ્ર વિનંતી છે.

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા સંચાલિત**

## ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ (સમગ્ર બાવીસી માટે)

મુ. ઝહીરાબાદ, પો. સવગઢ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.

ફોન : ૦૨૭૭૨ - ૨૨૩૨૨૦ મો.૯૪૨૭૬૯૬૯૬૦

હોસ્ટેલ સંચાલન સમિતિ, ઝહીરાબાદ ખૂબ આનંદ સાથે જણાવે છે કે ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂર્ણ કરીને ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. અને રાબેતા મુજબ માહે જૂન-૨૦૧૪થી શરૂ થતા નવા વર્ષ માટે ધો.૮ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવશે. આથી નવા શૈક્ષણિક વર્ષ માટે ફાતેમા ગર્લ્સ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા ઈચ્છતી જૂની તથા નવી તમામ વિદ્યાર્થીનીઓના વાલીઓને ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ કાર્યાલયમાંથી પ્રવેશપત્ર મેળવીને મોડામાં મોડા તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં ફી સાથે ફોર્મ ભરી પ્રવેશ મેળવી લેવા નમ્ર વિનંતી છે.

નોંધ :(૧) વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

(૨) ધો.૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ કે જેમણે ધો.૧૧માટે ઝહીર હોસ્ટેલ/ ફાતેમા ગર્લ્સ હોસ્ટલમાં પ્રવેશ મેળવવાનો હોય તેમણે એસ.એસ.સી.નું પરિણામ જાહેર થયા પછી ૭ દિવસમાં પ્રવેશ પત્ર મેળવી ફી સાથે પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

(૩) ઝહીર હોસ્ટેલ/ફાતેમા ગર્લ્સ હોસ્ટેલમાં પ્રવેશ અંગે હોસ્ટેલ સંચાલન સમિતિનો નિર્ણય આખરી રહેશે.

(૪) વધુ માહિતી માટે ઉપરોક્ત દર્શાવેલ નંબરે સંપર્ક કરવો.

Superman In Islam

સુપરમેન ઈન ઈસ્લામ

# હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

:::::: અનુવાદક ::::::

હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

## આપ (અ.)થી પૂછવામાં આવેલા અન્ય પ્રશ્નો

(ગતાંકનું ચાલુ)

જીવનમાં ડગલેને પગલે આવા જ લોકો કામ કરતા હોય છે. આ જ લોકો ખેતી કરે છે. આ જ લોકો ઘેટાં બકરાં પાળે છે, ઝાડનો ઉછેર કરે છે, ઘર બનાવે છે અને પોતાની કોમની ઉત્પાદનની જરૂરિયાત પૂરી પાડે છે. જો મુસલમાન હોય તો જિહાદના સમયે ફીસબીલિલ્લાહ મુજાહિદ બની જાય છે અને જંગના મેદાનમાં જઈને પોતે શહીદ થઈ જાય છે. પરંતુ એ લોકો કે જે લાલચુ છે અને આખું જીવન દોલત ભેગી કરવા સિવાય કોઈ કામ કે મહત્વકાંક્ષા રાખતા નથી તેઓ પોતાની કોમ માટે કોઈ ફાયદાકારક કાર્ય કરતા નથી. જો જિહાદનો સમય આવે તો જંગના મેદાનમાં નથી જતા કારણ કે પોતાના વિશાળ ખેતરો, અનાજથી ભરેલા ગોદામો અને અઢળક ધનદોલતને છોડીને જંગના મેદાનમાં જવાની હિંમત તેમનામાં હોતી નથી કારણ કે તેમને ખબર હોય છે કે ત્યાં કત્લ થઈ જવાનો ખતરો છે. એટલા જ માટે અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે તે લાલચુ લોકોને પસંદ નથી કરતો એટલે સુધી કે જો કોઈ લાલચુ માણસ મોત પહેલાં પોતાની બધી ધનદોલત પોતાની પાછળ રહી જનારાઓ માટે થોડીક બાકી રાખીને બાકીની બધી ગરીબોમાં વહેંચી દે તો પણ અસંભવ છે કે અલ્લાહ તઆલા તેને જન્નતમાં મોકલી દે કારણ કે અનુભવ એ વાતનો સાક્ષી છે કે લાલચ ત્યાંથી શરૂ થાય છે કે જ્યાં શરૂઆતથી જ માણસ ખૂબ જ ઓછા સમયમાં અનૈતિક રીતે ખૂબ જ વધારે દોલત એકઠી કરવાનું શરૂ કરી દે છે અને આ વાત માણસને વારે ઘડીએ આવી જ રીતે એટલી જ અથવા એના કરતાં વધારે ધનદોલત એકઠી કરવાનો શોખ અપાવે છે. માટે જ્યારે ધનદોલત અનૈતિક રીતે જ ભેગી થતી હોય તો પછી આ ગુનો અલ્લાહ તઆલાની કુર્બત માટે ખર્ચેલી દોલત વડે દૂર નહીં થાય.

આવી રીતે તો લોકોના ફક્ત એક જૂથને ફાયદો પહોંચશે.

જાબિરે પૂછ્યું, શું જાનવરો અલ્લાહ પર ઈમાન ધરાવે છે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, કોઈ પણ શંકાકુશંકા વગર જાનવરો અલ્લાહ પર ઈમાન ધરાવે છે અને જો ન ધરાવતા હોત તો તેમનું જીવન આટલું શિસ્તબધ્ધ ન હોત. કહેવામાં આવે છે કે પ્રકૃતિ જાનવરોના જીવનને શિસ્તબધ્ધ કરે છે. પરંતુ એ બતાવવામાં આવતું નથી કે આ મનોવૃત્તિને જાનવરોની પ્રકૃતિમાં કોણ નાખે છે. જો જાનવરો અલ્લાહ પર ઈમાન ન ધરાવતા હોત તો શું એ વાત શક્ય હતી કે જાનવરોની કેટલીક જાતિઓ કે જેમના શિસ્તબધ્ધ સામાજિક જીવનથી તમે વાકેફ છો, આવું શિસ્તબધ્ધ જીવન જીવી

શકત? શું અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્ય ખાલિક છે કે જે જાનવરોના કેટલાક પ્રકારોના સામાજિક જીવનને એટલી હદે શિસ્તબધ્ધ કરે કે તેમનામાંથી હજારો જાનવરો એક જ સમયે એક જ પ્રકારનું કાર્ય કરે અને આખું જીવન કંઈ પણ ભૂલ કર્યા વગર તે કામ કરતા રહે ? શું ખાલિક પર ઈમાન વગર જાનવરોની કેટલીક જાતિઓ કે જેમનાથી તમે વાકેફ છો, આવું શિસ્તબધ્ધ અને વ્યવસ્થિત સામાજિક જીવન જીવી શકે છે કે તેમનો કોઈ સરદાર હોતો નથી અને તેમની અંદર દરજ્જાના આધારે કોઈ પણ એકબીજાથી ચઢિયાતો હોતો નથી? સામાજિક જીવન જીવનારા કેટલાક પ્રકારના જાનવરો પોતાની ફરજ પૂરી કરવામાં એટલા બધા પ્રયત્નશીલ રહે છે કે એ જાનવરો કે જે યુવાનીમાં જ મરી જાય છે જો તેઓ પોતાની ફરજ પૂરી કરવામાં ઓછા પ્રયત્નશીલ રહે તો વધારે જીવી શકે.

હું તમને એ વાત બતાવવા માગું છું કે જે જાનવરો સામાજિક જીવન જીવે છે અને એવા માણસો કે જે સતત મહેનત કરવાના કારણે યુવાનીમાં જ મૃત્યુ પામે છે તે એ મહેનતથી પોતે ફાયદો ઉઠાવતા નથી પરંતુ જે સમાજમાં તેઓ જીવન જીવે છે તે સમાજ તેમની મહેનતથી ફાયદો ઉઠાવે છે.

શું શક્ય છે કે એક ખાલિક ઉપર ઈમાન લાવ્યા વગર અને તે ખાલિકને તકદીર લખનારો માન્યા વગર તેઓ પોતાના સમાજ માટે આટલી બધી કુરબાનીઓ આપે ?

અય જાબિર ! જાણી લો કે આ વાત અશક્ય છે કે એક વસ્તુ અસ્તિત્વ ધરાવતી હોય પણ તે પોતાના ખાલિકની ઈતાઅત ન કરે અને ખાલિકની ઈતાઅત તે વસ્તુના ઈમાનનો પુરાવો છે. ન કેવળ માણસ, જાનવર કે ઝાડ ખાલિકની ઈતાઅત કરે છે બલ્કે ખનીજ પદાર્થ પણ ખાલિકની ઈતાઅત કરે છે. જો તેઓ ઈતાઅત ન કરતા તો બાકી રહેવા માટે પેદા જ ન થતા.

જાબિરે પૂછ્યું, તેમણે અલ્લાહ તઆલાની સિફતો વિશે કેવી રીતે જાણ્યું ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, તેમણે કુરઆન વડે અલ્લાહ તઆલાની સિફતો જાણી છે.

જાબિરે વિચાર વ્યક્ત કર્યો, મારો અકીદો તો કુરઆન પર અટલ જ છે પણ હું એમ પૂછવા માગું છું કે ઈસ્લામ પહેલાં અલ્લાહ તઆલાની સિફતોની જાણકારી તેમણે કેવી રીતે પ્રાપ્ત કરી ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, અલ્લાહની એ સિફતો બતાવો કે જેમની તેમણે માઅરેફત પ્રાપ્ત કરી છે તે કઈ છે ?

જાબિરે કહ્યું, ઈસ્લામ પહેલાં તોહીદ ઉપર ઈમાન ધરાવતી કોમોને ખબર હતી કે અલ્લાહ તઆલાનું શરીર નથી અને તે કોઈ પણ વસ્તુથી પેદા થયો નથી અને તે જોવામાં આવતો નથી અને તે લામકાન છે અથવા કોઈ જગ્યામાં સમાતો નથી, વાહિદ છે અને લાશરીક છે. તેની સિફતો તેની ઝાત ઉપર ઝાઈદ નથી બલ્કે તેની દરેક સિફત તેની ઝાતનો ભાગ છે. તે પ્રખર બુધ્ધિશાળી અને શક્તિશાળી છે, વગેરે, વગેરે. હું એ વાત જાણવા માગું છું કે કેવી રીતે આ લોકોએ અલ્લાહ તઆલાની સિફતોની માઅરેફત પ્રાપ્ત કરી ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, એમાંથી કેટલીક સિફતો કે જેમનું તમે વર્ણન કર્યું તે તો કુરઆનમાં આવી છે અને હું કુરઆન વડે

તસ્દીક કરું છું કે તે અલ્લાહ તઆલાની સિફતોમાંથી છે. પરંતુ જો કોઈ સિફત અલ્લાહ તઆલા સાથે જોડી દેવામાં આવે અને તેનું વર્ણન કુરઆને મજીદમાં ન હોય તો હું તેની તસ્દીક નથી કરતો.

જાબિરે કહ્યું, શું આપની બુધ્ધિ માનતી નથી કે તે સિફતો અલ્લાહની સિફતો હોઈ શકે ?

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, મારી બુધ્ધિ માનવીય બુધ્ધિ છે તે અલ્લાહની સિફતોને સમજી શકતી નથી અને એ લોકો કે જેમણે કુરઆન પહેલાં અલ્લાહની સિફતોનું વર્ણન કરતાં કરતાં અલ્લાહની કેટલીક સિફતોને સકારાત્મક અને કેટલીકને નકારાત્મક ગણાવી છે તેમણે પોતાની જાતે કયાસ કાઢ્યો છે.

જાબિરે કહ્યું, હું આપની વાતને સમજ્યો નહીં.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, હું દાખલો આપું છું કે જેથી તમે મારો આશય સમજી જાઓ.

ઈસ્લામ પહેલાં એક માણસ અલ્લાહ તઆલાની સિફતો જાણવા માગતો હતો. તે સમજતો હતો કે અલ્લાહ તઆલા પક્ષીઓની જેમ ઊડી શકે છે અને તે અલ્લાહ તઆલાની ઊડાનને તેની સકારાત્મક સિફતોમાંથી ગણતો હતો. એ માણસ ઊડાનને શા માટે અલ્લાહ તઆલાની સકારાત્મક સિફત માનતો હતો ? તેનો જવાબ એ છે કે તે પોતે ઊડી શકતો ન હતો માટે તે સમજતો હતો કે અલ્લાહ તઆલા તો ઊડી શકતો જ હશે અથવા તો એ કે એક માણસ વિચારતો હતો કે અલ્લાહ તઆલા માછલીની જેમ પાણીમાં રહી શકે છે અને અલ્લાહ તઆલાની પાણીમાં રહેવાની સિફતને તે સકારાત્મક સિફત માનતો હતો અને તે આવું એટલા માટે માનતો હતો કે તે પોતે માછલીની જેમ પાણીમાં જીવન વીતાવી શકતો ન હતો.

ત્રીજો માણસ વિચારતો હતો કે અલ્લાહ તઆલાનું શરીર નથી અને તે એટલા માટે આવું માનતો હતો કે તે પોતે શરીર ધરાવતો હતો. માટે તે શરીર ન ધરાવવાને અલ્લાહને નકારાત્મક સિફતોમાંથી માનતો હતો.

એક અન્ય માણસ વિચારતો હતો કે અલ્લાહ તઆલા લામકાન છે એટલા માટે કે તે પોતે લામકાન નહોતો અને તેને દરેક સમયે કોઈ ન કોઈ જગ્યાની જરૂર રહેતી હતી. માટે લામકાન હોવાને તે અલ્લાહની નકારાત્મક સિફતોમાંથી ગણતો હતો.

એક માણસ જૂઠ્ઠો હતો અને તે વિચારતો હતો કે અલ્લાહ તઆલા સાચું બોલવાવાળો છે કારણ કે તે પોતે સાચું બોલી શકતો ન હતો માટે તે સાચું બોલવાને અલ્લાહ તઆલાની સકારાત્મક સિફતોમાંથી ગણતો હતો.

કહેવાનો ભાવાર્થ એ છે કે એ તમામ લોકો કે જેમણે અલ્લાહ તઆલાની સકારાત્મક કે નકારાત્મક સિફતો ધ્યાનમાં રાખી તેમણે તે સિફતો કે જે એમની અંદર નહોતી અથવા તો તેમના સુધી પહોંચી શકતા ન હતા તે સિફતોને અલ્લાહની સિફતો સમજી લીધી. આ જ કારણ છે કે ઈસ્લામ પહેલાં જેટલી સિફતો પણ અલ્લાહ તઆલાની સિફતો તરીકે બયાન કરવામાં આવી છે તેમને હું અલ્લાહ તઆલાની સિફતો માનતો નથી સિવાય કે તેમનું વર્ણન કુરઆનમાં આવ્યું હોય કારણ કે માણસની બુધ્ધિ અલ્લાહ તઆલાની સિફતો અને વિશેષતાઓને સમજવાની ક્ષમતા ધરાવતી નથી.

જાબિરે કહ્યું, આવી રીતે તો જે કાંઈ ઈસ્લામ પહેલાં અલ્લાહની સિફતો વિશે કહેવામાં આવ્યું

છે તે પાયા વગરનું છે.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, એ સિફતો અપવાદરૂપ છે કે જેમના વિશે ઈસ્લામે તસ્દીક કરી છે બાકી બધી સિફતો આ જ આધારે પાયા વગરની છે.

જાબિરે કહ્યું, જે કંઈ આપે બયાન ફરમાવ્યું હું સારી રીતે સમજી ચૂક્યો છું પરંતુ શું આપણે અલ્લાહ તઆલાની સિફતો જાણવા માટે બુધ્ધિ સિવાય કોઈ અન્ય યુક્તિ અજમાવી શકીએ છીએ? આ જ બુધ્ધિ કે જેના કારણે આપણે અલ્લાહ તઆલાના અસ્તિત્વને માનતા થયા છીએ અને તેને આ કાઈનાતનો અને પોતાનો ખાલિક માનીએ છીએ તો આ જ બુધ્ધિ વડે આપણે અલ્લાહ તઆલાની સિફતો જાણવી જોઈએ. આપણી પાસે કોઈ અન્ય યુક્તિ નથી કે જેના વડે આપણે જાણી શકીએ કે તે કઈ સિફતોનો માલિક છે.(ક્રમશઃ)


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૫ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**અમીન ટૂર્સ**

**હજ - ઉમરા - ઝિયારત**

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

**હજ માટે તેના સમય પ્રમાણે**

ઓફિસ - ૦૨૭૬૧ ૨૯૨૨૪૭

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪

ફેબ્રુ - ૨૦૧૪, માર્ચ - ૨૦૧૪, મે - ૨૦૧૪, જૂન - ૨૦૧૪



Life Line Surgicare
care for Life

હિંમતનગર ખાતે શુભારંભ...

લાઇફ લાઇન સર્જીકેર

એન્ડોસ્કોપી અને લેપ્રોસ્કોપી હોસ્પિટલ

**ડૉ. આબિદઅલી એમ. ખણુસીયા**

**એમ.અસ (સર્જન)**
**એન્ડોસ્કોપીસ્ટ અને લેપ્રોસ્કોપીસ્ટ**
**કન્સલ્ટન્ટ સર્જન**

ડીપ્લોમા ઇન મિનીમલ એક્સેસ સર્જરી, વર્લ્ડ લેપ્રોસ્કોપી હોસ્પિટલ, ગુડગૉંવ
ફેલોશીપ ઇન લેપ્રોસ્કોપી, મેક્સ હોસ્પિટલ, દિલ્લી
ફેલોશીપ ઇન એન્ડોસ્કોપી, ઇન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ એન્ડોસ્કોપી, મુંબઇ

ડો. ગોપલાણીના હોસ્પિટલની ઉપર, આરોગ્યનગર, હિંમતનગર-૩૮૩ ००१.
ફોન : (૦૨૭૭૨) ૨૪૦૪૨૯, મો. ૯૯૦૯૯૩૦૪૨૯

# نبیؐ کے بعد امت کا ہے تو سردار، یا حیدرؑ،

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

نبیؐ کے بعد امت کا ہے تو سردار، یا حیدرؑ،
لٹایا تو نے امت کے لیے گھر بار، یا حیدرؑ۔

નબી કે બાદ ઉમ્મત કા હૈ તૂ સરદાર, યા હૈદર,
લુટાયા તૂને ઉમ્મત કે લીયે ઘરબાર, યા હૈદર.

محمدؐ تا محمدؑ سب کے قبضے میں ہے وہ آئی،
ہر اک تلوار سے اعلیٰ تری تلوار، یا حیدرؑ۔

મોહંમદ તા મોહંમદ સબકે કબ્ઝે મેં હય વો આઈ,
હર એક તલવાર સે આલા તેરી તલવાર, યા હૈદર.

بیاں کیسے کرے کوئی فضیلت ایسے انساں کی؟
جسے کاندھے پہ رکھیں احمدِ مختار، یا حیدرؑ!

બયાં કૈસે કરે કોઈ ફઝીલત ઐસે ઈન્સાં કી ?
જિસે કાંધે પે રખ્ખેં અહમદે મુખ્તાર, યા હૈદર !

مری نظروں میں اب کوئی محل جچتا نہیں مولا،
ہاں جب سے دیکھا ہے میں نے ترا دربار، یا حیدرؑ۔

મેરી નઝરોંમેં અબ કોઈ મહલ જચતા નહીં મૌલા,
હાં જબ સે દેખા હય મૈંને તેરા દરબાર, યા હૈદર.

یزیدی قصر کا منبر لرز اٹھا اسی دم جب،
ترے لہجے میں بولا عابدِ بیمارؑ، یا حیدرؑ۔

યઝીદી કસ્ર કા મિમ્બર લરઝ ઉઠ્ઠા ઉસી દમ જબ,
તેરે લહેજે મેં બોલા આબિદે બીમાર, યા હૈદર.

ترے بیٹے تھے کربل میں سبھی تیرے ہی جیسے تھے،
ہو وہ قاسمؑ یا وہ ہو اکبرِؑ جرار، یا حیدرؑ!

તેરે બેટે થે કરબલ મેં સભી તેરે હી જૈસે થે,
હો વો કાસિમ યા વો હો અકબરે જર્રાર, યા હૈદર !

علیؑ کا شیر جب آیا تو یہ دشمن پکار اٹھے،
یہ کون آتا ہے دیکھو تو، علمبردار یا حیدرؑ؟

અલીકા શેર જબ આયા તો દુશ્મન પુકાર ઉઠ્ઠે,
યે કૌન આતા હય દેખો તો, અલમબરદાર યા હૈદર ?

تری نظرِ کرم ہم پر سدا رکھنا مرے مولا،
ہمیشہ خوش رہیں شبیرؑ کے غمخوار، یا حیدرؑ۔

તેરી નઝરે કરમ હમ પર સદા રખના મેરે મૌલા,
હમેશાં ખુશ રહેં શબ્બીર કે ગમખ્વાર, યા હૈદર.

حضورِ ربِّ اکبر التجائے کامراںؔ ہے یہ،
کسی دن اس کو ہو جائے ترا دیدار، یا حیدرؑ۔

હુઝૂરે રબ્બે અકબર ઈલ્તેજાએ 'કામરાં' હય યે,
કિસી દિન ઈસકો હો જાએ તેરા દીદાર, યા હૈદર.

# ફઝીલતવાળા ઘરો

**સંકલન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

فِیۡ بُیُوۡتٍ اَذِنَ اللّٰہُ اَنۡ تُرۡفَعَ وَ یُذۡکَرَ فِیۡہَا اسۡمُہٗ ۙ یُسَبِّحُ لَہٗ فِیۡہَا بِالۡغُدُوِّ وَ الۡاٰصَالِ ﴿ۙ۳۶﴾

*તે ઘરો જેમને અલ્લાહે ઉચ્ચ મર્તબો આપેલો છે અને જેમાં અલ્લાહના નામનો ઝિક્ર થતો રહે છે અને સવાર સાંજ અલ્લાહની ઈબાદતો થતી રહે છે.* (સૂરા નૂર, આયત–૩૬)

આ આયતમાં જે ઘરો તરફ નિર્દેશ કરવામાં આવ્યો છે તેમાં (૧) ઈબ્રાહીમ (અ.) અને ઈસ્માઈલ (અ.)એ જેનું બાંધકામ કરેલું છે તે કા'બા બૈતુલ્લાહ છે (૨) દાવૂદ નબી અને સુલયમાન નબીએ જેનું બાંધકામ કર્યું છે તે મસ્જિદ જે જેરૂસલેમમાં સ્થિત છે. (૩) કુબા અને મદીનાની મસ્જિદો જે રસૂલલ્લાહ (સ.)ના હુકમ અનુસાર તામીર કરવામાં આવી છે, તેનો સમાવેશ થાય છે.

ઈમામ મોહંમદ બાકિર (અ.)ના કથન અનુસાર

"ઉપરોક્ત આયતમાં જે ઘરો તરફ નિર્દેશ કરવામાં આવ્યો છે તે ઘરોમાં પયગમ્બરો અને ઈમામોના ઘરો પણ શામેલ છે."

સૂરા નૂરની ઉપરોકત બયાન કરવામાં આવેલી આયતની તફસીરમાં પ્રખ્યાત સુન્ની આલિમ શલબી બયાન કરે છે કે અનસ બિન માલિક અને બુરૈદાની રિવાયત છે કે જ્યારે રસૂલ (સ.)એ આ આયતની તિલાવત કરી ત્યારે એક સહાબી ઊભા થયા અને અલી (અ.) અને ફાતેમા (અ.)ના ઘર તરફ ઈશારો કરીને પૂછવા લાગ્યા,

"યા રસૂલલ્લાહ (સ.) ! શું તે ઉચ્ચ મર્તબાવાળા ઘરોમાં આ ઘર શામેલ છે ?"

રસૂલ (સ.)એ જવાબમાં કહ્યું,

"હા, અને આ ઘર આ આયતમાં બયાન કરવામાં આવેલા ઘરોમાં સૌથી વધારે અફઝલ છે."

પ્રખ્યાત આલિમ કુતાદા કહે છે કે એકવાર તેઓ ઈમામ જાફર સાદિક (અ.)ની સાથે બેઠા હતા ત્યારે તેમણે ઈમામ (અ.)ને કહ્યું,

"મેં ઘણા આલિમો સાથે બેસીને ચર્ચાઓ કરેલી છે પરંતુ જેવી આદરની લાગણી આપની સાથે બેસીને થાય છે તેવી કોઈ આલિમની હાજરીમાં થતી નથી."

ઈમામ (અ.)એ જવાબ આપ્યો,

"કારણ કે તમે જે ઘરને અલ્લાહે ઉચ્ચ દરજ્જો આપ્યો છે તે ઘરમાં બેઠા છો અને ઈમામ (અ.)એ ઉપરોક્ત આયત સૂરા નૂર, આયત–૩૬ની તિલાવત સંભળાવી."

સૂરા નૂરની આ આયત અને તેની તફસીરની વિસ્તૃત ચર્ચા ઉપરથી ફલિત થાય છે કે પયગમ્બરો અને ઈમામોના ઘરો અત્યંત ઉચ્ચ મર્તબો ધરાવે છે આ દરજ્જો આવા ઘરોને અલ્લાહ તરફથી એનાયત કરવામાં આવેલો છે. જેમકે આપણે ઉપર જોયું કે આવા ઉચ્ચ મર્તબાવાળા ઘરો કરતાં પણ

અફઝલ ઈમામ અલી (અ.) અને ફાતેમા ઝહરા (અ.)નું ઘર છે. સૂરા અહઝાબની ૩૩ મી આયત જેને 'તત્હીર'ની આયત પણ કહેવામાં આવે છે, "હે પયગમ્બરની અહલેબૈત ! અલ્લાહ તો બસ એ જ ઈચ્છે છે કે તમારાથી દરેક નજાસતોને દૂર કરી દે અને તમને બિલકુલ પાક પાકીઝા કરી દે." વિષે અબૂ દાવૂદ અને માલિક અનસની રિવાયત બયાન કરતાં કહે છે,

"તત્હીરની આયત નાઝિલ થયા પછી સતત છ મહિના સુધી દરરોજ સવારની નમાઝ માટે જતી વખતે રસૂલલ્લાહ (સ.) ફાતેમા (અ.)ના ઘરના દરવાજા ઉપર તેની તિલાવત કરતા હતા."

આમ આવા ફઝીલત ધરાવતા ઘરોની તાઝીમ કરવી દરેક મોમિનની ફરજ બને છે.


બેસ્ટ ઈલેક્ટ્રીકલ

::::::::: ઓર્થોરાઈઝ ડીલર :::::::::

વાયર કેબલ : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
એમ.સી.બી. : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
મોટર પમ્પ : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
લાઈટીંગ : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
ઈલેક્ટ્રીક એસેસરીઝ : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે

૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન
૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન

૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.



મો. સાદિકઅલી આર. ભોરણીયા
(રસુલપુર ખે.)મો.99244 18243

મો.આબિદઅલી ડી. સુથાર
(શેખપુર ખે.)મો.9898435809

કામરાન એક્રેલીક
& L.E.D. સાઈન બોર્ડ




- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફ્લેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ

હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે

ઓફીસઃ ન્યુ ચીરાગ L.E.D. હાઉસ બસ સ્ટેન્ડ પાસે વડનગર
Email ; newchiragled@gmail.com

Zakir Hussain Y. Batti (Badarpur)
98 79 66 20 66

Aashiqali H. Momin (Dhroda)
99 749 87 901



PLASTIC CONTAINER
PACK LUCH TRAY
PACK LUCH COVER



PLASTIC SPOON
PLASTIC BAG
GARBAGE BAG



SILVER CONTAINER
Up Side Square & Owl Lid



SILVER FOIL
PAPER NAPKIN
TOOTHPICKS

ALL TYPES OF RESTAURANT DISPOSABLE MATERIAL AVAILABLE

PERENNIAL PACKAGING
17, Aeroma Estate, B/h. Samrat Hotel, Nr. City Puls, Sarkhej Road,
Ahmedabad - 380055, Email : perennialpack@gmail.com
Customer Care No.: 99 241 44 429, 99 798 68 429




'સક્કાઈ' એટલે પાણી પીવડાવવાનું કામ અથવા પાણી ભરવાનું કામ. 'સક્કા' એટલે પાણી પાનાર. હઝરત અબ્બાસ અલમદાર (અ.)ને જે ઈલ્કાબ આપવામાં આવ્યા છે એમાંનો એક લકબ 'સક્કાએ હરમ' પણ છે. ઈસ્લામ ધર્મમાં સક્કાઈનું શું મહત્ત્વ છે તેના ઉપર વિચાર કરીએ.

પાણી જીવનની પૂંજી છે. દુનિયાની કોઈ પણ વસ્તુ પાણી વગર જીવિત રહી શકતી નથી. અલ્લાહ તઆલાએ દરેક સજીવનું સર્જન પાણીથી કર્યું છે જેવી રીતે કે કુરઆને મજીદમાં ફરમાવ્યું છે :

...وَجَعَلْنَا مِنَ الْمَاءِ كُلَّ شَيْءٍ حَيٍّ ... ﴿٣٠﴾

*(...અમોએ દરેક અસ્તિત્વ ધરાવનારને પાણીથી પેદા કરી.)*

(સૂરા અંબિયા, આયત–૩૦)

એક વાર કૈસરે રૂમે મુઆવિયાની પાસે કાચનો એક પ્યાલો મોકલ્યો અને કહ્યું કે આમાં દરેક વસ્તુને ભરી દો. મુઆવિયા આ કોયડાનો ઉકેલ આપી શક્યો નહીં. તેણે બાબે મદીનતુલ ઈલ્મ અલી (અ.) ના દરના સવાલી ઈબ્ને અબ્બાસને આ કોયડાનો ઉકેલ લાવવની ઈચ્છા વ્યકત કરી. ઈબ્ને અબ્બાસે કહ્યું,

"આ પ્યાલામાં પાણી ભરી દો કેમકે અલ્લાહે દરેક વસ્તુને પાણીથી પેદા કરી છે."

જે વખતે તે ચીનાઈ માટીનો પ્યાલો પાણીથી ભરેલો કૈસરે રૂમની પાસે પહોંચ્યો તો તે ઈબ્ને અબ્બાસના બુધ્ધિચાતુર્યથી ખૂબ જ પ્રભાવિત થયો.

પાણી જીવનની ધોરી નસ છે તેથી જ તો અગર કોઈએ સક્કાઈની ફરજ અદા કરી લીધી તો જાણે કે તેનું અસ્તિત્વ એક નાવિકથી ઓછું નથી. એવો માણસ કે જે બીજાને પાણી પીવડાવે તેની છાતીમાં મહેરબાની અને મોહબ્બતથી ભરેલું દિલ હોય છે. તેની અંદર અનુકંપા અને માણસથી ભરપૂર દિલ જોવા મળે છે. સક્કાઈ એક ભલાઈ છે કે જે દરેકના નસીબમાં નથી હોતી.

સક્કાઈ એ બાબત તરફ પણ ઈશારો કરે છે કે સક્કાના દિલમાં માત્ર પોતાના જીવનની જ આરઝૂ નથી હોતી પરંતુ તે પોતાની જાતિના લોકોની જિંદગીનો પણ ઈચ્છુક હોય છે.

ઈસ્લામી શરીઅતમાં પણ સક્કાઈનું ખૂબ જ મહત્ત્વ છે. શરીઅત માણસને આ મુદ્દાની તરફ ધ્યાન અપાવે છે કે ઈસ્લામ એક સ્વભાવગત વ્યવસ્થા છે તો બીજી તરફ આ મુદ્દાની તરફ પણ ધ્યાન દોરે છે કે સક્કાઈ કરવી તે ઈસ્લામનો એક એવો હુકમ છે કે જેના પર અલ્લાહ રાજી અને ખુશ રહે છે અને સક્કાઈ કરવાવાળો અલ્લાહના ત્યાં આખેરતમાં મહાન સવાબ મેળવવાનો હકદાર છે.

આ બાબતમાં ઘણી બધી રિવાયતો અઈમ્માએ તાહેરીન (અ.) અને રસૂલે અકરમ (સ.) તરફથી વારિદ થયેલી છે જેમાં સક્કાઈ અને પાણી પીવડાવવાની ફઝીલતનો સંકેત મળે છે. સક્કાઈના માટે કોઈ શરત નથી. અગર કોઈએ જાનવર અને

કાફિર સુધ્ધાંને સયરાબ કર્યો તો તે સવાલ માટે હકદાર છે.

હઝરત ખત્મી મર્તબત (સ.)નો ઈરશાદ છે :

"અફ્ઝલુલ અઅ્માલે ઈન્દલ્લાહ ઈબ્રાદુલ કબીદલ હર્રા મિન હબીમતીવ વ ગૈરેહા."

(અલ્લાહની દૃષ્ટિએ બહેતરીન અમલ તરસ્યા માણસને પાણી પીવડાવવું તે છે ભલેને પછી તે હેવાન હોય કે માણસ હોય.)

બીજી હદીસમાં છે :

"અગર કોઈએ પાણી મોજૂદ હોવા છતાં પાણી પીવડાવ્યું તો તેના ગુના એવી રીતે ખરી પડે છે જેવી રીતે ઝાડનાં પાંદડાં ખરી પડે છે."

એક બીજી હદીસમાં છે :

"અલ્લાહ પાણી પીવડાવનારને પાણીના દરેક ટીપાના બદલામાં સોનું, ચાંદી અને ઊંચા પ્રકારનો શરાબે તહૂર આપશે અને અગર કોઈએ રણપ્રદેશમાં કે વેરાન જંગલમાં કોઈને સયરાબ કર્યો તો તે માણસ અંબિયાએ કિરામની સાથે હોઝે કૌસર પર આવશે."

એક માણસે આંહઝરત (સ.)ને સવાલ કર્યો કે તે કયો અમલ છે કે જેનાથી તે જન્નતની નજીક હોઈ શકે ?

હઝરતે જવાબમાં ફરમાવ્યું,

"એક નવી મશ્ક ખરીદો અને પાણીથી ભરીને બીજાઓને સયરાબ કરો એટલે સુધી કે તે મશ્ક ટુકડે ટુકડા થઈ જાય. આ એ અમલ છે કે જે માણસને જન્નતની નજીક લાવી દે છે."

આ બાબતમાં ઈમામ જાફર સાદિક (અ.)નો ઈરશાદ છે :

"અગર કોઈએ પાણીની મોજૂદગી અને પ્રાપ્યતામાં કોઈને સયરાબ કર્યો તો જાણે તેણે રાહે ખુદામાં ગુલામને આઝાદ કર્યો અને અગર કોઈ એવી જગ્યાએ સયરાબ કર્યો કે જ્યાં પાણી ન હતું તો તેની હેસિયત એવા માણસ જેવી છે કે જેણે કોઈને જીવતો કર્યો હોય અને અગર કોઈએ એક માણસને સજીવન કર્યો તો જાણે તેણે આખી માનવજાતને જિંદગીની ભેટ આપી."

આ બધી હદીસો સક્કાઈના મહત્ત્વ અને ફઝીલત ઉપર રોશની ફેંકે છે, દરેક સજીવને પાણીની જરૂર હોય છે. પાણી કોઈ ખાસ સમુદાય અને કબીલા સાથે મખ્સૂસ નથી. અલ્લાહની આ નેઅમતની દરેક મખ્લૂકને જરૂર હોય છે.

એક માણસે ઈમામ જાફર સાદિક (અ.)ને સવાલ કર્યો કે પાણીની મજા કેવી છે ? હઝરત (અ.)એ ફરમાવ્યું, જેવી મજા જીવનની છે.

પાણીનું મહત્ત્વ જોતાં શરીઅતે સક્કાઈને પણ ખૂબ જ મહત્ત્વની અને પ્રશંસાપાત્ર ગણવામાં આવી છે. અરબોમાં સક્કાઈ એક મહત્ત્વનો મન્સબ (હોદ્દો) માનવામાં આવતો હતો અને પાણી પીવડાવનાર પેશવાઈ કોમ અને કબીલાઓ હતા. આ મહત્ત્વને ધ્યાનમાં રાખીને હઝરત રસૂલે અકરમ (સ.)ના બાપદાદાઓ હંમેશાં સક્કાઈએ હિજાજનો પ્રબંધ કરતા રહ્યા.

જનાબે કુસે માટે કહેવાય છે કે તેઓ હજના જમાનામાં દૂધ અથવા સૂકી દ્રાક્ષનો શરબત હાજીઓમાં વહેંચતા હતા. જનાબે કુસેના જમાનામાં મક્કામાં પાણી ન હતું. મક્કાના લોકો

પોતાના માટેનું જરૂરી પાણી શહેરના બહારથી લાવવાની વ્યવસ્થા કરતા હતા. સૌથી પહેલો કૂવો જનાબે કુસેએ મક્કામાં દાખલ થવાની જગ્યાએ ખોદાવ્યો કે જેનું નામ 'અજૂલ' રાખવામાં આવ્યું કે જ્યાં પાછળથી હઝરત અમીરુલ મોમિનીન (અ.) ની બહેન ઉમ્મે હાનીનું ઘર બન્યું. અરબ જ્યારે પાણી ભરવા આવતા તો આ શેઅર ગાતા રહેતા હતા : (ભાવાર્થ)

"અમે લોકો અજૂલ કૂવાથી સયરાબ થઈ રહ્યા છીએ અને થઈ રહીશું. જનાબે કુસે જે વાયદો કર્યો હતો તેને વફા કરી દીધો. સાચાઓની શાન આવી હોય છે."

જનાબે કુસેએ શહેરમાં દાખલ થતાં બીજો કૂવો પણ ખોદાવ્યો કે જેનું નામ 'સજલા' રાખ્યું અને તે કૂવા વિષે આપનો આ શેઅર છે : (ભાવાર્થ)

"હું કુસે છું. મેં સજલા કૂવો ખોદાવ્યો છે જેથી ખુદાના ઘરના ઝાઈરો આવતા રહે અને સયરાબ થતા રહે."

જનાબે કુસે પછી જ્યારે અલ્લાહના ઘરનો પ્રબંધ જનાબે હાશિમ સુધી પહોંચ્યો તો તેમણે હાજીઓને વધારે સગવડ આપવાની બાબતને ધ્યાનમાં લઈને ઝમઝમના ફરતાં નાના નાના હોઝ બનાવ્યા. મિનામાં પણ જો કે પાણી ન હતું તેથી આગ વરસાવતા આકાશ અને ગરમ હવાઓમાં તરસ્યા હાજીઓની સગવડ ખાતર પાણીનો પર્યાપ્ત જથ્થો ત્યાં પહોંચાડતા.

જનાબે હાશિમે પણ એક સાર્વજનિક કૂવો ખોદાવ્યો કે જેનું નામ 'બઝર' રાખવામાં આવ્યું. જ્યાં સુધી જનાબે અબ્દુલ મુત્તલિબ સુધી ખાના–એ–ખુદાની વ્યવસ્થા બદલાઈ ન ગઈ ત્યાં સુધી તેમણે પણ પોતાના બાપદાદાઓની સીરત પર અમલ કરતાં કરતાં હાજીઓને પાણી પીવડાવવાની બાબતમાં ખાસ ધ્યાન આપ્યું. તેથી આપના જમાનામાં ચાહે ઝમઝમનું બીજી વાર ખોદકામ થયું જેનાથી ઝરણું ફૂટી નીકળ્યું અને તે પાણીને આમ જનતાના માટે સબીલ તરીકે મુબાહ કર્યું.

જે વખતે ચાહે ઝમઝમમાંથી પાણી વાપરવાની મક્કાવાસીઓને રજા મળી તો તેમણે મક્કાની બહારથી પાણી લાવવાનું છોડી દીધું તેનું એક કારણ તો એ હતું કે ઝમઝમનું અંતર ઓછું હતું અને બીજું કારણ એ હતું કે ઝમઝમ હઝરત ઈસ્માઈલ (અ.)થી સંબંધિત હતો તેથી તેને બીજા કૂવાઓ ઉપર પ્રાથમિકતા આપતા હતા.

જનાબે અબ્દુલ મુત્તલિબે ઝમઝમની નજીક એક હોઝ પણ બનાવડાવ્યો કે જેની દરરોજ પોતાના ફરઝંદ હરસની મદદથી વ્યવસ્થા થતી હતી.

કુરેશ જનાબે અબ્દુલ મુત્તલિબની આ ફઝીલતે શરફથી (ઈર્ષાની આગમાં) બળવા લાગ્યા તેથી રાતના અંધારામાં આ હોઝને ખરાબ કરી દેતા. જનાબે અબ્દુલ મુત્તલિબ ફરીથી હોઝ બનાવડાવતા. પછી રાતમાં કુરેશ તોડી નાખતા. કેટલીય વાર આવું થતું રહ્યું. છેવટે જનાબે અબ્દુલ મુત્તલિબે અલ્લાહ આગળ દુઆ માગી,

"અય માઅબૂદ ! મારી મદદ ફરમાવ. હસદ કરનારાઓના હસદથી (મને) સુરક્ષિત કરી દે."

એક રાત્રે સપનામાં જોયું કે કોઈ કહી રહ્યું છે કે કુરેશને કહી દો, પોતાના સિવાય કોઈ બીજી

જરૂરતમાં તેનો ઉપયોગ કરવો હરામ છે.

જનાબે અબ્દુલ મુત્તલિબે ખાના–એ–કા’બામાં લોકોની સામે એલાન કરી દીધું. આ એલાન પછી ફરીથી કોઈએ તેને ખરાબ ન કર્યું અને આ એલાન પછી કોઈએ તેને ખરાબ કરવાની હિંમત કરી તો તે તીવ્ર દર્દ અને બીમારીમાં સપડાઈ ગયો.

ખોયલ્દ બિન અસદ આ બાબતમાં કહે છે :

“અય સલમાના દીકરા ! તેમાં આપની જરા પણ તૌહીન નથી કેમકે આપે ઝમઝમને બીજીવાર ખોદાવ્યો છે.”

ઝમઝમ એ જગ્યા છે કે જ્યાં હઝરત ઈસ્માઈલ (અ.)ના માટે પાણી ઉછળવા લાગ્યું હતું. અહીં હઝરત આદમ (અ.)ના જમાનામાં જિબ્રઈલ (અ.)ના કદમ પડ્યા હતા. (ક્રમશ:)


**અલમદાર ટૂર**

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી, મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદની દુઆઓથી અમોએ

હજ ઝિયારત – ૨૦૧૪નું

આયોજન કરેલ છે.

જે ભાઈઓ અને બહેનોને જવાની ઈચ્છા હોય તે વહેલાસર નીચે આપેલા નંબર પર સંપર્ક કરવો.

રસૂલભાઈ મોકણોજીયા (ખડીયાસણા)

મો. ૯૭૨૬૯૨૬૪૯૯

હસનભાઈ પનીયા (મોલીપુર)

મો. ૯૮૨૪૯ ૬૮૯૬૦

હસનઅલી આગલોડીયા (કાકોશી)

મો. ૯૭૨૪૮૨૨૩૩૦

૭૨, સામર્થ કોમ્પલેક્ષ, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.



આબિદઅલી 98793 97529
ગુલામઅલી 98798 52727

**અમીટી ટ્રેડર્સ**

UltraTech CEMENT The Engineer's Choice

Binani Industries Limited

ખીલાસરી, એંગલ, ચેનલ, પાટાપટ્ટી, લોખંડની પાઈપ, સિમેન્ટની વિવિધ ડિઝાઈનની જાળીઓ તમામ પ્રકારના થાંભલા નાની મોટી સિમેન્ટની ટાંકીઓ, બારી બારણાની ફ્રેમ, કોટાસ્ટોન, સિમેન્ટનાં પતરાં તથા ગેલ્વે. પતરાં, કપચી તેમજ મકાનના બાંધકામને લગતી તમામ આઈટમો છુટક તથા હોલસેલના વહેપારી.

**ઉમરૂ ચાર રસ્તા, મકતબા જાફરીયાની સામે, કાકોશી રોડ, તા. સિધ્ધપુર.**

# હઝરત હમ્ઝા બિન કાસિમ (અ.)ના રોઝા મુબારકનો ઈતિહાસ

ઈરાકનો હિલ્લા વિસ્તાર.

આ હિલ્લા વિસ્તારમાં બે પ્રખ્યાત મુબારક રોઝા આવેલા છે.

એક હઝરત હમ્ઝા બિન કાસિમ (અ.)નો રોઝો અને બીજો ઈમામ અલી રઝા (અ.)ના ભાઈ હઝરત કાસિમ બિન ઈમામ મૂસા કાઝિમ (અ.)નો શાનદાર રોઝો.

આપણે હઝરત હમ્ઝા બિન કાસિમ (અ.) વિષે જોઈશું.

હઝરત હમ્ઝા (અ.)નો શજરો પાંચમી પેઢીએ હઝરત અબ્બાસ અલમદાર (અ.)ને જઈને મળે છે. આપના નસબનો સિલસિલો આ મુજબ છે :

હઝરત હમ્ઝા બિન કાસિમ બિન અલી બિન હમ્ઝા બિન હુસૈન બિન અબ્દુલ્લાહ બિન અબ્બાસ બિન અમીરુલ મોમિનીન (અ.).

હમ્ઝા શબ્દ અરબી ભાષાનો છે અને તેનો અર્થ 'શેર' થાય છે. અને વ્યાકરણની દૃષ્ટિએ આ શબ્દ અલ હમૂઝાથી છે એટલે કે જે એમને સોંપવામાં આવે તેને સાચી રીતે અંકુશમાં રાખવું. બીજા શબ્દોમાં આપણે કહી શકીએ કે જવાબદારીને સારી રીતે બજાવવી અથવા આ શબ્દ હમ્ઝાથી છે કે તીવ્રતા અને સખ્તીના અર્થમાં હોય છે. એટલે કે કોઈ કામને સખ્તીથી પાર પાડવું.

હઝરત હમ્ઝા (અ.)ના નસબનો સિલસિલો જોતાં એવો અંદાજ લગાવી શકાય છે કે આપ અને હઝરત અબ્બાસની વચ્ચે પાંચ બાપ દાદાઓનું અંતર છે. અર્થાત્ એ દૃષ્ટિએ જોતાં આપનો સમયગાળો ઈમામ મોહંમદ તકી (અ.)ના જીવનકાળની સાથે અથવા તો ઈમામ અલી નકી (અ.)ના જીવનકાળ સાથે મળે છે. તો એવું કહી શકાય કે આપ (અ.)એ ત્રીજી હિજરી સનમાં જિંદગી વિતાવી છે. પરંતુ કેટલાક આલિમો (કે જેમાંથી અલ શેખ અલી અલ ઔરદબારી મોખરે છે)નું કહેવું છે કે આપ ચોથી સદી હિજરીમાં મોજૂદ હતા.

આપની વિલાદત મોહર્રમની પહેલી તારીખે થઈ અને વફાત ઝિલ્હજમાં થઈ. આપને એ જગ્યાએ દફન કરવામાં આવ્યા કે જ્યાં આજે આલીશાન રોઝો આવેલો છે.

આપનો રોઝો મદહતીયા ઈલાકામાં આવેલો છે અને મદહતીયાને મદહતીયા તેના વાલી ઉસ્માની બાદશાહ મદહત પાશાની સાથે સંબંધિત હોવાને કારણે કહેવામાં આવે છે. આ ઈલાકો એક જંગનો ભોગ બન્યા પછી ઈ.સ. ૧૮૬૯માં હિલ્લા શહેરના વિસ્તારમાં ગણાવા લાગ્યો. મદહત પાશા બાદશાહે આ ઈલાકાની પશ્ચિમ દિશામાં એક નાહિયા ઈદારિયા બનાવ્યું હતું કે જેથી તે વેપારી કેન્દ્ર બની ગયું હતું. અને પછી આ જ ઈલાકો કેટલાક પૂર્વીય અને પશ્ચિમી ઈલાકાઓ સાથે સંબંધિત પણ થઈ ગયો હતો. અહીંથી એક રસ્તો નજફે અશરફ અને કરબલાએ મોઅલ્લા તરફ જાય છે. આ ઈલાકાની નજીક એક ગામ છે કે જેને અલ્હાશિમિયા કહેવાય છે. મદહતિયા અને હાશમિયાની વચ્ચે બે

કિલોમીટરનું અંતર છે.

## હઝરત હમ્ઝા (અ.)ના મુબારક રોઝાના બાંધકામનો સિલસિલો

આપની કબ્ર મુબારક ઉપર જૂના સમયથી કાચી ઈંટોથી બનાવેલ એક ઓરડો બનાવેલો હતો કે જેની છત ખજૂરનાં પાંદડાં, વગેરેથી બનાવેલી હતી અને એ વખતે કબર મુબારકની દેખભાળ એ ઈલાકામાં રહેનારા એક કબીલા આલે નજમના હાથમાં હતી. તે કબીલાની વસ્તી પચાસ ઘરની હતી અને આ આલે નજમના પહેલાં જેણે તે ઓરડો બાંધ્યો હતો તેનું નામ અલી બિન નજમ અલ હિલાલ હતું કે જેણે પોતાના ભાઈઓની મદદથી બાબિલના ઈલાકામાંથી ઈંટો ઊંટો દ્વારા મંગાવી હતી. પછી તે ઓરડો ઈ.સ. ૧૯૨૧ સુધી બાકી રહ્યો.

આપની કબર મુબારકનું બીજું બાંધકામ જનાબ અલ શેખ અરાઈ અલ હરયાનના હાથે થયું કે જે આલે અબૂ સુલ્તાન કબીલાનો રઈસ હતો અને એ વખતની હુકૂમતમાં તે એક ખાસ હોદ્દા પર બિરાજમાન હતા. બીજી વખતના આ બાંધકામમાં શેખ અદાઈ જર્યાનની સાથે એ વખતના મશહૂર મદીનાના વેપારીઓ પણ સહાયતા કરી. એ ઈલાકાના લોકોમાંથી જાબિર અલ કરીમી આગળ પડતી વ્યકિતઓમાંથી હતા કે જેમણે આ બાંધકામમાં ખૂબ જ સહકાર આપ્યો. આ નવું બાંધકામ ઈ.સ. ૧૯૨૧ મુજબ હિજરી–૧૩૩૯માં સંપૂર્ણ થયું કે જેમાં મુબારક ગુંબજ અને સહન શરીફને વિસ્તૃત કરવાનું કાર્ય પૂર્ણ થયું.

આપના રોઝાનું ત્રીજી વખતનું બાંધકામ ઈ.સ. ૧૯૬૬માં શેખ તાયફ અલ જર્યાનના હુકમથી થયું કે તેણે એ ઈલાકામાં રહેનારા મશહૂર લોકોને ભેગા કર્યા અને દરેક વિભાગ પર એક નિશ્ચિત વ્યવસ્થાપક તેમજ રકમ નક્કી કરી અને કામ શરૂ થયું કે જેમાં જે કાર્ય શેખ અદાયી અલ જર્યાનથી બાકી રહી ગયું હતું તે પણ પૂરું થયું અને આઠ ગુંબજોનું નિર્માણકાર્ય પણ સંપૂર્ણ થઈ ગયું કે જે આઠ ગુંબજ આજે મસ્જિદનું સ્વરૂપ ધારણ કરી ચૂકયા છે. પછી ઈ.સ. ૧૯૭૬માં અહમદ હસન અલ બકર ઈરાકના રઈસ ઝિયારત માટે રોઝા મુબારકમાં પહોંચ્યા કેમકે અહમદ હસન અલ બકર કોઈક રોગથી પીડાતા હતા. કોઈ વઝીરે તેમને મશવેરો આપ્યો કે તમે જનાબે હમ્ઝાની ઝિયારત કરો, તો તમને શિફા મળશે કેમકે તે ડૉકટરોની દવાઓ લઈ લઈને થાકી ચૂકયા હતા. તો તે શિફાની ઉમ્મીદ લઈને ઝિયારત માટે આવ્યા અને તેમનું ઝિયારત પર આવવાનું ગુપ્ત રાખવામાં આવ્યું હતું. ઝિયારતથી ફારેગ થયા પછી તેઓ પાછા બગદાદ પહોંચ્યા તો તેમને રોગથી મુકત થયાનો અનુભવ થયો. પછી તેમણે હુકમ આપ્યો કે રોઝા મુબારકને પહોળો કરવામાં આવે અને કબર મુબારકને કરબલાની કાશી કારીગરીથી બનાવવામાં આવે અને રોઝાના મિનારા શાનદાર બનાવવામાં આવે અને રોઝાના સહનને દક્ષિણ–પૂર્વ દિશા તરફથી વિસ્તૃત કરવામાં આવે. જૂના બિછાનાઓની જગ્યાએ નવા ગાલીચા પાથરવામાં આવે. સહનનું ભોંયતળિયું સારા પથ્થરોથી જડવામાં આવે. આથી આ કાર્ય સંપૂર્ણતાના આરે પહોંચી ગયું અને રોઝાની રોનકમાં ઓર વધારો થઈ ગયો. આ ઉપરાંત રોઝા મુબારકનાં બે સહન અને એક મિનારો બનાવવામાં આવ્યો. એક સહન રોઝામાંથી બહાર નીકળવાના ભાગનું છે કે જેનું ક્ષેત્રફળ ૨૫૩૦૦ મીટર છે કે

જેની આજુબાજુ લોખંડની ગ્રીલ લગાવેલી છે. બીજું સહન પ્રવેશદ્વાર તરફનું છે કે જે મોટા સહનથી ઘેરાયેલું છે અને મિનારની ઊંચાઈ ૨૮ મીટર છે અને અરબી ઢબની સજાવટથી સજ્જ છે. રોઝા મુબારકની જાળીનું ક્ષેત્રફળ ૨૮૦ મીટર છે અને આ જાળી મુબારકને નસ્બ કરવાનું કાર્ય અલ્હાજ જલીલ અબ્દ ઔનના સહયોગથી અને રિયાઝ અબ્દ અલ હુસૈન અલ સબ્અની કારીગરી અને કલાથી થયેલ છે.

રોઝા મુબારકનું છેલ્લા નિર્માણકાર્યનું કામ ઈ.સ. ૨૦૦૭માં થયું કે જેમાં જૂની જાળીને ઉઠાવી લેવામાં આવી અને તેની જગ્યાએ નવી જાળી બેસાડવામાં આવી. આ નવા બાંધકામમાં જાળી મુબારકને બદલવાની સાથે સાથે હરમમાંથી નીકળવાના અને દાખલ થવાના ભાગોને સંગે મરમરથી પાકા અને સુશોભિત પણ કરવામાં આવ્યા હતા.

એ વખતનું નવનિર્માણનું કામ હુકૂમત તરફથી (અમાનતે આમ્મા અલ મઝારલ અલ શીઆ) શીઆઓ દ્વારા થયું કે જેમાં (અમાનત ખાસ્સા અલ મર્કદ અલ શરીફના) શીઆઓએ પણ સહયોગ આપ્યો. આ નવ નિર્માણનું આર્થિક ખર્ચ આશરે ૧૩૧ મિલિયન ઈરાકી દીનાર થયું જેમાંથી ૯૨ મિલિયન તબર્રૂકાત સ્વરૂપે જમા થયા અને બાકીના પૈસા મઝાર શરીફના ખજાનામાંથી લેવામાં આવ્યા.

રોઝા મુબારકનો ગુંબજ ખૂબ જ રોનકવાળો અને ભપકાદાર છે કે જેની ઊંચાઈ ૧૬ મીટર છે અને ગોળાઈનું પ્રમાણ અને ક્ષેત્રફળ ત્રીસ મીટર છે. ગુંબજના અંદરના ભાગને પશ્ચિમની ઢબેથી સજાવવામાં આવ્યો છે અને ગુંબજની દીવાલો પર કુરઆને મજીદની આયતો (જેવી કે અલ્લાહો નૂરૂસ્સમાવાતે વલ અર્ઝે) નકશીકામ કરેલ છે. અને હરમની દીવાલોમાં ઈટાલીથી લાવવમાં આવેલ સંગે મરમર જડવામાં આવેલો છે. રોઝા મુબારકમાં રવાક પણ બનાવવામાં આવેલ છે કે જે હરમના અંદરના ભાગમાં આવેલ છે અને દરેક બાજુએ રોશનદાતનું કામ ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલ છે. વળી એક મોટો હોલ પણ બનાવવામાં આવ્યો છે કે જેનું સ્વરૂપ અંગ્રેજી અક્ષરનું છે. અલ્લાહ તઆલાથી દુઆ કરીએ કે બધા જ મોમિનોને આ મુબારક રોઝાની ઝિયારત નસીબ થાય, આમીન.

(ઉર્દૂ ભાષાંતરકાર : સજ્જાદહુસૈન અબૂ જૉન (રૌઝએ હુસૈનિયા, ઓકટો.૨૦૧૨))


**રક્ષણ ફેબ્રીકેશન ગૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે



કરી આપવામાં આવશે.



**સંપર્ક**

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦
સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭
૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**



DAY BREAK
ચા
CTC Leaf
તાજગી ભરી શરૂઆત.....!
1kg., 500gm. અને 250gm. ના આકર્ષક પેકમાં ઉપલબ્ધ
HEARTY MART





૧૦૦% કડક સ્વાદ
1kg. & 500gm.
આકર્ષક પેકીંગ
રીટેઈલ તથા ડીસ્ટ્રીબ્યુટરશીપ માટે ફોન કરો
Contact: 9898884893,9712906429


હાર્ટીમાર્ટ
ગુડ ટાઇમ
મરચુ-હળદર-ધાણા જીરૂ-ધાણા પાવડર
Perfect Blend Of
Natural Purity
& Freshness
GOOD TIME
CHILLI POWDER
CORIANDER POWDER
TURMERIC POWDER
CORIANDER-CUMIN POWDER
બનાવે આપનો
દરેક ટાઇમ...
ગુડટાઇમ
www.heartymart.com

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૨૬

**તબ બીબી હો રાઝી, ઉસ મક્કારકુ આખા,**
**કીસ તરહ મેં મારું, યું બયાન રે દાખા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે ઈમામ હસન (અ.)ની બીબીએ રાજી થઈને તે મક્કાર ઓરતને કહ્યું કે તું બતાવ કે તેમને કેવી રીતે મારું.)

**વે મક્કાર તો યઝીદકે, પાસ ફેર રે ગહી,**
**અને બાત તો સારી, ખોલ કર કહી.**

(તે મક્કાર ઓરત ફરીથી પાછી યઝીદની પાસે ગઈ અને જે કંઈ બન્યું હતું તે સઘળી વાત તેને વિગતવાર બતાવી.)

**તબ યઝીદને ઉસકુ લે દીયા રે ઝેરા,**
**એસી દાવે હો કેરી, પુરી કીતી રે પેરા.**

(ત્યાર પછી યઝીદે તે મક્કાર ઓરતના હાથમાં ઝેર આપ્યું અને તેણે આવી રીતે તેણે દાવાની પૂરેપૂરી રીત બજાવી.)

**તબ મક્કાર વે ઝેર લે, ફીર આઈ રે સુણીતી,**
**આવ ઝેર દીયા ઓરતકું, ઉસે સહી રે બાતી.**

(ત્યાર પછી તે મક્કાર ઓરત ઝેર લઈને ફરીથી પાછી આવી અને ઈમામ હસન (અ.)ની બીબીને પેલું ઝેર આપ્યું.)

**અને તબ વે દન થે, ગરમી હો કેરે,**
**ભી ઈમામ થે રોઝદાર, એ સુનીઓ સવેરે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે એ વખતે ગરમીના દિવસો હતા એટલે કે ઉનાળો હતો અને ઈમામ હસન (અ.)એ રોઝો રાખ્યો હતો.)

**સુનો ઈમામ તો ઘરમાં, શામ વખત રે આએ,**
**સો રોઝા ખોલને, ખાતર રે સુણાએ.**

(એ પણ સાંભળો કે ઈમામ હસન (અ.) સાંજના વખતે ઈફતારીના સમયે રોઝો ખોલવા માટે પોતાના ઘેર તશરીફ લાવ્યા.)

**આવ ઉસ હી બીબી પાસ, પાણી રે મંગાયા,**
**ઉને ઝેર બા પાણીમાં, લાને પીલાયા.**

(ઈમામ હસન (અ.)એ ઘેર આવીને એ જ બીબી પાસે પાણી મંગાવ્યું તો તે ઓરતે પાણીમાં ઝેર ભેળવીને ઈમામ હસન (અ.)ને પીવડાવી દીધું.)

**સહી પીતે રે કલેજા, ટુટ કર ગીરીયા,**
**હો સીત્તેર ટુકડે, નીકલને પડીયા.**

(ઝેરવાળુ પાણી પીતાંની સાથે જ ઈમામ હસન (અ.)ના કલેજાના ટુકડા થઈ ગયા. અને એ સિત્તેર ટુકડા મોઢામાંથી બહાર નીકળી પડ્યા.)

**અને લોહી તો બોત બોત રે ચલીયા,**
**તબ ભાઈકા બોલના, તુરંત ઈમામે કરીયા.**

(વળી ઈમામ હસન (અ.)ના મોઢામાંથી પુષ્કળ પ્રમાણમાં લોહી પણ નીકળવા લાગ્યું તો તરત જ ઈમામ હસન (અ.)એ પોતાના ભાઈ ઈમામ હુસૈન (અ.)ને બોલાવ્યા.)

**ઈમામ હુસેન તો બેગે, ભાઈ પાસ રે આએ,**
**તબ ભાઈને ભાઈકુ, લે ગલે રે લગાએ.**

(સમાચાર મળતાંની સાથે જ ઈમામ હુસૈન (અ.) તરતને તરત પોતાના ભાઈની પાસે આવી પહોંચ્યા અને આવતાંની સાથે જ ભાઈએ પોતાના ભાઈને ગળે વળગાડી દીધા.)

**બોત ગમ તબ ઈમામ, હુસેનને ખાયા,**
**જબ ભાઈ કેરા હાલ, બોત તંગ રે દેખાયા.**

(પોતાના ભાઈ હસન (અ.)ની આવી તંગ હાલત જોઈને ઈમામ હુસૈન (અ.)એ ખૂબ જ ગમ વ્યક્ત કર્યો.)

**એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી,**
**એ નેહસુ કહો, દન ઓર રાતી.**

**–: રે તુહી :–**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે આવી બધી વાતો સાંભળીને તમે તમારી ઝાતને પાક કરો અને દિવસ અને રાત નેહથી અલ્લાહ તઆલાને યાદ કરો.)

**વીરને વીરકુ દેખતે,**
**નેનું ભરીયા નીર રે, નેનું ભરીયા નીર;**
**રધન કીયા બોત દિલસુ,**
**નાં હુઈ તલ ભર ધીર રે, નાં હુઈ તલ ભર ધીર.**

(ભાઈએ પોતાના ભાઈની આવી હાલત જોઈ તો પોતાની આંખોમાં આંસુ ભરી દીધાં. તેમણે દિલપૂર્વક ઘણો વિલાપ કર્યો તેમ છતાંય તેમના દિલને શાંતિ થઈ નહીં.)

## બયાન નં.૨૭

**ભાષા : રૂબાઈ**

**દેખો દેખો ધુતી વીર દુનિયા, રંગ કેરા નાંહી છેહ રે,**
**દુની છંદે દુઃખ સહી પાહીઆ, જગ માંહે વલીઉં દેહ રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે તેમ જુઓ કે આ દુનિયા કેવી ધુતારી છે, દગાબાજ છે. દુનિયા રંગ બદલ્યે જ જાય છે તેનો કોઈ છેડો નથી. દુનિયાના આવા છંદથી અલ્લાહના વલીઓએ આ દુનિયામાં ઘણું દુઃખ વેઠ્યું છે.)

**મક્કારસુ દગા સહી પોચીઆ, ઈમામ હસનકી જાત રે,**
**કલેજા ટુટા ઝેર લાગતે, એ તો સહી હે એ બાત રે.**

(ઈમામ હસન મુજતબા (અ.)ની મુબારક ઝાતને દુનિયાના આવા મકરો ફરેબથી દગાના ભોગ બનવું પડ્યું અને ઝેર અડતાંની સાથે જ તેમના કલેજાના ટુકડા થઈ ગયા.)

**લોહી નીકરી તે દેખા ચલીયા, ઝેર કીયા કલેજે કુ ધાવ રે,**
**દુઃખ એ પોચા ઈમામકુ, એસા દીયા વેરીને દાવ રે.**

(ઝેરના લીધે ઈમામ હસન (અ.)ના કાળજા ઉપર એવો ઘા થયો કે નીકમાં જેવી રીતે પાણી વહે છે તેવી રીતે આપના શરીરમાંથી લોહી વહેવા લાગ્યું. વેરીએ એવો દાવ અજમાવ્યો કે ઈમામને આવું દુઃખ વેઠવું પડ્યું.)

**ઈમામ હુસેન લાગે ઝુરને, દેખ દેખ અપના વીર રે,**
**દરદ લીતે રે આપ વીર કે, ચલીયે નેનું ભર નીર રે.**

(પોતાના ભાઈ હસન (અ.)ની આવી હાલત

જોઈને ઈમામ હુસૈન (અ.) ખૂબ જ ઝુરવા લાગ્યા. ભાઈને જે દુ:ખ પહોંચ્યું હતું તેના લીધે એમની આંખોમાંથી આંસુઓ વહેવા લાગ્યાં.)

**ગરજે ગગન દલ દલ દુ:ખસુ, મેહ નેનું ધારો ધાર રે,**
**ઈમામ ઝુરે રે કાજે વીર કે, દલ ના પકડે કરાર રે.**

(ઈમામ હસન (અ.)નું દુ:ખ જોઈને આસમાન ગરજીને વરસાદ દ્વારા પોતાની આંખોમાંથી આંસુ ધારોધાર વહાવવા લાગ્યું. આ બાજુ ઈમામ હુસૈન (અ.) પણ પોતાના ભાઈના ગમમાં ઝુરવા લાગ્યા. તેમના દિલને કરાર થતો ન હતો.)

**વીરકેવેઆવોવીરામીલીએ,છેલ્લાએમીલાહેભાઈરે,**
**જુદાઈ પડી અબ અપને, વિદા બાત વીરને બતાઈ રે.**

(એક ભાઈ બીજા ભાઈને કહેવા લાગ્યો કે અય ભાઈ ! આવો, આપણે છેલ્લા છેલ્લા મળી લઈએ.


# મહેર ટૂર

*ઉમરા ઝિયારત મે–૨૦૧૪ તથા હજ –૨૦૧૪માં જવા ઈચ્છતા દરેક મોમિન ભાઈ-બહેનોએ નીચેના નંબર પર સંપર્ક કરવો.*

**ઈસ્માઈલ ઉસ્તાદ (ઈલોલ તલાવ)**
૯૪૨૬૩ ૪૩૯૦૭, ૯૭૨૭૩૭૪૮૭૮
**અનવરઅલી શરીફભાઈ કડીવાલા (કાકોશી)**
૯૮૭૯૦ ૨૦૬૯૨
**હિદાયતઅલી રહીમભાઈ શેલીયા (અમદાવાદ)**
૯૮૨૫૬ ૨૯૩૪૦


હવે આપણા બન્ને વચ્ચે જુદાઈ પડી ગઈ. ભાઈએ દુનિયાથી વિદાય થવાની વાત બતાવી દીધી.)

**બીછરાન આ પડા અબ તમુસુ, સુનો એક વસીઅત બાત રે,**
**દયા કરો ફરઝંદ મેરડે, હુએ એ યતીમ જાત રે.**

(ઈમામ હસન (અ.) પોતાના ભાઈને કહેવા લાગ્યા કે હવે આપણા બન્ને વચ્ચે બિછરાન પડી ગયો, જુદાઈ થઈ ગઈ છે માટે મારી એક વસિયત સાંભળો. મારા ફરઝંદો યતીમ થઈ ગયા છે માટે તમે તેમના પર મહેરબાની કરજો.)

**યતીમકુ ભાઈ બોત ચાહ કર, કીજીઓ દિલાસા વીર રે,**
**પડે તો બીછરાન યતીમકું કરેંગે દિલાસે થી ધીર રે.**

(ઈમામ હસન (અ.) પોતાના ભાઈને વસિયત કરવા લાગ્યા કે અય ભાઈ ! મારા યતીમ ફરઝંદોને તમે ખૂબ જ પ્રેમથી દિલાસો આપજો મારા યતીમોને વિયોગનું દુ:ખ લાગે તો તમે તેમને દિલાસો આપજો.)

**નસીહત છેલ્લી એ સુનતે હુસેન રોએ ઝારો ઝાર રે,**
**બીછરાન દુ:ખ બોત લાગીયા, દિલને ના કીતા કરાર રે.**

(ભાઈની આવી છેલ્લી નસીહત સાંભળીને ઈમામ હુસૈન ઝારોકતાર રડવા લાગ્યા. પોતાના ભાઈની જુદાઈનું દુ:ખ તેમને ઘણું લાગ્યું તેથી તેમના દિલને કરાર થતો ન હતો.)

**જુદાઈ પડી અબ અપને, વિદા બાત વીર ને બતાઈ રે,**
**નાંહી હોવે અબ મીલના હમુ તમુસુ હોવે જુદાઈ રે.**

(ઈમામ હસન (અ.)એ પોતાના ભાઈને કહ્યું કે અય ભાઈ ! હવે મારે અને તમારે જુદાઈ પડી ગઈ. આ રીતે ઈમામ હસન (અ.)એ વિદાયની વાત કરી. તેમણે કહ્યું કે હવે મારે અને તમારે મળવાનું નહીં થાય. આપણા બન્ને વચ્ચે જુદાઈ થવાની છે.)

# ઇબાદાત

**માહે રમઝાનુલ મુબારક**

## માહે રમઝાનુલ મુબારકમાં પઢવાની દુઆઓ

### સેહરીના સમયે પઢવાની દુઆ

يَا مَفْزَعِى عِنْدَ كُرْبَتِى، وَيَا غَوْثِى عِنْدَ شِدَّتِىٓ اِلَيْكَ فَزِعْتُ، وَبِكَ اسْتَغَثْتُ، وَبِكَ لُذْتُ لَآ اَلُوْذُ بِسِوَاكَ وَلَآ اَطْلُبُ الْفَرَجَ اِلَّا مِنْكَ، فَاَغِثْنِىْ وَفَرِّجْ عَنِّىْ، يَا مَنْ يَّقْبَلُ الْيَسِيْرَ وَيَعْفُوْ عَنِ الْكَثِيْرِ، اِقْبَلْ مِنِّى الْيَسِيْرَ وَاعْفُ عَنِّى الْكَثِيْرَ، اِنَّكَ اَنْتَ الْغَفُوْرُ الرَّحِيْمُ، اَللّٰهُمَّ اِنِّىٓ اَسْاَلُكَ اِيْمَانًا تُبَاشِرُ بِهٖ قَلْبِى، وَيَقِيْنًا حَتّٰٓى اَعْلَمَ اَنَّهٗ لَنْ يُّصِيْبَنِىٓ اِلَّا مَا كَتَبْتَ لِىْ، وَرَضِّنِىْ مِنَ الْعَيْشِ بِمَا قَسَمْتَ لِىْ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ، يَا عُدَّتِىْ فِىْ كُرْبَتِىْ، وَيَا صَاحِبِىْ فِىْ شِدَّتِىْ، وَيَا وَلِيِّىْ فِىْ نِعْمَتِىْ، وَيَا غَايَتِىْ فِىْ رَغْبَتِىْ، اَنْتَ السَّاتِرُ عَوْرَتِىْ، وَالْاٰمِنُ رَوْعَتِىْ، وَالْمُقِيْلُ عَثْرَتِىْ، فَاغْفِرْ لِىْ خَطِيْٓئَتِىْ يَآ اَرْحَمَ الرَّاحِمِيْنَ.

### માહે રમઝાનમાં દિવસ દરમિયાન પઢવાની દુઆ

કિતાબ મકનામાં શેખ મુફીદે સકએ જલીલ અલી બિન મહેરયારથી રિવાયત કરી છે કે ઈમામ મોહંમદ તકી (અ.)એ ફરમાવ્યું કે માહે રમઝાનના દિવસો અને રાતોમાં આ દુઆ વધારેમાં વધારે પ્રમાણમાં પઢો :

يَا ذَا الَّذِىْ كَانَ قَبْلَ كُلِّ شَىْءٍ، ثُمَّ خَلَقَ كُلَّ شَىْءٍ، ثُمَّ يَبْقٰى وَيَفْنٰى كُلُّ شَىْءٍ، يَا ذَا الَّذِىْ لَيْسَ كَمِثْلِهٖ شَىْءٌ، وَّيَا ذَا الَّذِىْ لَيْسَ فِى السَّمٰوٰتِ الْعُلٰى، وَلَا فِى الْاَرَضِيْنَ السُّفْلٰى، وَلَا فَوْقَهُنَّ وَلَا تَحْتَهُنَّ وَلَا بَيْنَهُنَّ اِلٰـهٌ يُّعْبَدُ غَيْرُهٗ لَكَ الْحَمْدُ حَمْدًا لَّا يَقْوٰى، عَلٰٓى اِحْصَآئِهٖ اِلَّآ اَنْتَ، فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ صَلٰوةً لَّا يَقْوٰى، عَلٰٓى اِحْصَآئِهَآ اِلَّآ اَنْتَ.

### માહે રમઝાનમાં દરરોજ દિવસમાં ૧૦૦ વખત પઢવાનો ઝિક્ર

આ ઝિક્ર કે જેને મોહદ્દિસ ફયઝે ખુલાસતુલ અઝકારમાં નકલ કર્યો છે, તેને દરરોજ સો વખત પઢવો :

سُبْحَانَ الضَّآرِّ النَّافِعِ، سُبْحَانَ الْقَاضِىْ بِالْحَقِّ، سُبْحَانَ الْعَلِىِّ الْاَعْلٰى، سُبْحَانَهٗ وَبِحَمْدِهٖ، سُبْحَانَهٗ وَتَعَالٰى.

## માહે રમઝાનમાં વાજિબ નમાઝ પછી પઢવાની દુઆ

સૈયદ ઈબ્ને તાઊસે ઈમામ જાફર સાદિક (અ.) અને ઈમામ મૂસા કાઝિમ (અ.)થી રિવાયત કરી છે કે આપે ફરમાવ્યું કે આખા માહે રમઝાનમાં દરેક વાજિબ નમાઝ પછી આ દુઆ પઢો :

اَللّٰهُمَّ ارْزُقْنِي حَجَّ بَيْتِكَ الْحَرَامِ فِي عَامِي هٰذَا وَفِي كُلِّ عَامٍ مَا اَبْقَيْتَنِي فِي يُسْرٍ مِنْكَ وَعَافِيَةٍ، وَسَعَةِ رِزْقٍ وَلَا تُخْلِنِي مِنْ تِلْكَ الْمَوَاقِفِ الْكَرِيْمَةِ، وَالْمَشَاهِدِ الشَّرِيْفَةِ، وَزِيَارَةِ قَبْرِ نَبِيِّكَ صَلَوَاتُكَ عَلَيْهِ وَاٰلِهٖ، وَفِي جَمِيْعِ حَوَآئِجِ الدُّنْيَا وَالْاٰخِرَةِ فَكُنْ لِي، اَللّٰهُمَّ اِنِّي اَسْاَلُكَ فِيْمَا تَقْضِي وَتُقَدِّرُ مِنَ الْاَمْرِ الْمَحْتُوْمِ فِي لَيْلَةِ الْقَدْرِ، مِنَ الْقَضَآءِ الَّذِي لَا يُرَدُّ وَلَا يُبَدَّلُ، اَنْ تَكْتُبَنِي مِنْ حُجَّاجِ بَيْتِكَ الْحَرَامِ، الْمَبْرُوْرِ حَجُّهُمْ، الْمَشْكُوْرِ سَعْيُهُمْ، الْمَغْفُوْرِ ذُنُوْبُهُمْ، الْمُكَفَّرِ عَنْهُمْ سَيِّئَاتُهُمْ، وَاجْعَلْ فِيْمَا تَقْضِي وَتُقَدِّرُ، اَنْ تُطِيْلَ عُمْرِي، وَتُوَسِّعَ عَلَيَّ رِزْقِي، وَتُؤَدِّيَ عَنِّي اَمَانَتِي وَدَيْنِي، اٰمِيْنَ رَبَّ الْعَالَمِيْنَ.

## માહે રમઝાનની દરેક રાત્રિએ પઢવાની દુઆ

اَللّٰهُمَّ بِرَحْمَتِكَ فِي الصَّالِحِيْنَ فَاَدْخِلْنَا، وَفِي عِلِّيِّيْنَ فَارْفَعْنَا، وَبِكَاْسٍ مِنْ مَعِيْنٍ مِنْ عَيْنٍ سَلْسَبِيْلٍ فَاسْقِنَا، وَمِنَ الْحُوْرِ الْعِيْنِ بِرَحْمَتِكَ فَزَوِّجْنَا، وَمِنَ الْوِلْدَانِ الْمُخَلَّدِيْنَ كَاَنَّهُمْ لُؤْلُؤٌ مَكْنُوْنٌ فَاَخْدِمْنَا، وَمِنْ ثِمَارِ الْجَنَّةِ وَلُحُوْمِ الطَّيْرِ فَاَطْعِمْنَا، وَمِنْ ثِيَابِ السُّنْدُسِ وَالْحَرِيْرِ وَالْاِسْتَبْرَقِ فَاَلْبِسْنَا، وَلَيْلَةَ الْقَدْرِ وَحَجَّ بَيْتِكَ الْحَرَامِ، وَقَتْلًا فِي سَبِيْلِكَ فَوَفِّقْ لَنَا، وَصَالِحَ الدُّعَآءِ وَالْمَسْاَلَةِ فَاسْتَجِبْ لَنَا، وَاِذَا جَمَعْتَ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ يَوْمَ الْقِيَامَةِ فَارْحَمْنَا، وَبَرَآءَةً مِنَ النَّارِ فَاكْتُبْ لَنَا، وَفِي جَهَنَّمَ فَلَا تَغُلَّنَا، وَفِي عَذَابِكَ وَهَوَانِكَ فَلَا تَبْتَلِنَا، وَمِنَ الزَّقُّوْمِ وَالضَّرِيْعِ فَلَا تُطْعِمْنَا، وَمَعَ الشَّيَاطِيْنِ فَلَا تَجْعَلْنَا، وَفِي النَّارِ عَلٰى وُجُوْهِنَا فَلَا تَكْبُبْنَا، وَمِنْ ثِيَابِ النَّارِ وَسَرَابِيْلِ الْقَطِرَانِ فَلَا تُلْبِسْنَا، وَمِنْ كُلِّ سُوْٓءٍ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ بِحَقِّ لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ فَنَجِّنَا.

## માહે રમઝાનના છેલ્લા દસ દિવસ દરમિયાન વાજિબ નમાઝ પછી પઢવાની દુઆ

શેખ કફઅમીને હાશિમ બલદુલ અમીનમાં નકલ કર્યું છે કે ઈમામ જાફર સાદિક (અ.) માહે રમઝાન મુબારકમાં છેલ્લા દસ દિવસ દરમિયાન વાજિબ નમાઝ પછી આ દુઆ પઢ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اَدِّ عَنَّا حَقَّ مَا مَضٰى مِنْ شَهْرِ رَمَضَانَ، وَاغْفِرْ لَنَا تَقْصِيْرَنَا فِيْهِ، وَتَسَلَّمْهُ مِنَّا مَقْبُوْلًا وَلَا تُؤَاخِذْنَا بِاِسْرَافِنَا عَلٰى اَنْفُسِنَا، وَاجْعَلْنَا مِنَ الْمَرْحُوْمِيْنَ وَلَا تَجْعَلْنَا مِنَ الْمَحْرُوْمِيْنَ.

(ક્રમશઃ)

# ઈસ્લામ વિષેની સમજણ

(વિસ્તૃત તસ્વીર) (ભાગ–૧)

લેખક : ડૉ. ક્રિસ હેવર

(ગતાંકનું ચાલુ)

**ઈબ્રાહીમ (અ.)નો વંશવેલો**

આપણે બાઈબલના પ્રારંભબિંદુ તરફ વળી શકીએ છીએ અને ઈબ્રાહીમ (અ.)ના વ્યક્તિત્વ તરફ નજર કરીએ છીએ. બાઈબલમાં Genesis (મૂળ ઉત્પત્તિનાં પ્રકરણો – ૧૬,૧૭ અને ૨૧માં) આપણે ઈબ્રાહીમ (અ.)ને જનાબે સારા સાથે શાદી કરતાં પરંતુ સંતાન વગર ઘરડા બની જતાં વાંચીએ છીએ. અમને એવું કહેવામાં આવ્યું છે કે ઈબ્રાહીમ (અ.)એ ઈજિપ્તની રહેવાસી એક બીજી પત્ની હાજિરા સાથે શાદી કરી અને તેમનાથી ઈસ્માઈલ (અ.) નામના એક પુત્ર પેદા થયા. પાછળથી અલ્લાહે જનાબે સારા ઉપર રહેમત નાઝિલ કરી અને તેણી અને ઈબ્રાહીમ (અ.)થી ઈસ્હાક (અ.) નામના એક પુત્ર પેદા થયા. જનાબે સારા અને ઈસ્હાક (અ.) એ હતાં કે જેમના દ્વારા હિબ્રુ લોકોનો વંશવેલો ચાલુ થયો કે જેનો અહેવાલ બાઈબલમાં છે. હિબ્રુ લોકોમાંથી મૂસા (અ.)નો જન્મ થયો અને તેથી જ તો આપણે Judaism – યહૂદી લોકોનો બાઈબલ પર આધારિત ધર્મ – બોલી શકીએ છીએ. ઈસા (અ.) જન્મે યહૂદી હતા અને આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે ઈસાઈ ધર્મ તેમાંથી પેદા થયો અને યહૂદી ધર્મથી અલગ થયો.

યહૂદીઓ અને ઈસાઈઓ ઘણી વખત તો ઈબ્રાહીમી વંશવેલાના બીજા ભાગને ભૂલી જાય છે. બાઈબલ અનુસાર અલ્લાહે એવું વચન આપ્યું હતું કે જનાબે હાજિરા અને ઈસ્માઈલ (અ.)થી પણ લોકોનો એક વંશવેલો ચાલશે. તેમનું પણ અલ્લાહ રક્ષણ કરશે. બાઈબલમાં તેમને ઈસ્માઈલીઓ કહે છે, પરંતુ તેમને વધારે સારી રીતે આપણે હવે અરબ તરીકે ઓળખીએ છીએ. બાઈબલ આપણને કહે છે કે અલ્લાહે ઈબ્રાહીમ (અ.)ને એવું ફરમાવ્યું છે કે તમે હાજિરા અને ઈસ્માઈલ (અ.)ને રાતા સમુદ્ર અને ઈરાકની મહાનદીઓની વચ્ચે આવેલી ભૂમિ પર જતાં રહેવા દો. આ લોકોમાંથી મોહંમદ (સ.) પેદા થયા અને આ રીતે આપણે ઈસ્લામના આગમન વિષે કહી શકીએ છીએ. આપણે ઘણી વાર આવો ઉદ્ગાર પણ સાંભળીએ છીએ કે યહૂદીઓ, ઈસાઈઓ અને મુસલમાનો ઈબ્રાહીમી વંશના ભાગ છે. ઈબ્રાહીમ (અ.) ઉપર ઈમાન ધરાવવાની બાબતમાં તેઓ બધા પિત્રાઈ ભાઈઓ છે એટલે કે એક અને એક માત્ર અલ્લાહમાં ઈમાન ધરાવે છે, આ ત્રણેય કોમોમાં ઈબ્રાહીમ (અ.) અને તેમની પરંપરાઓ માટે આગવું સ્થાન છે.

**શરૂઆત અલ્લાહથી**

જ્યાં સુધી મુસલમાનોને લાગે વળગે છે ત્યાં સુધી ઈસ્લામ ધર્મની વાતનું એક માત્ર અને છેલ્લું આરંભબિંદુ અલ્લાહ સાથેનું જ હોય. કોઈ પણ વસ્તુની ખિલ્કત પહેલાં માત્ર અલ્લાહનું જ અસ્તિત્વ હતું. અલ્લાહ જ એક માત્ર અનંતકાળથી અસ્તિત્વ ધરાવનાર હયાતી હતી. God શબ્દમાં જેવો આપણે 'G' કેપિટલમાં મૂકીએ કે તરત જ

આપણે આવું વિધાન બનાવી દીધું : અલ્લાહ એક છે અને એકમાત્ર છે. તે શબ્દનું બહુવચન થતું નથી. પ્રાચીન જગતના અનેક ખુદાઓને 'g' (small letter 'g')થી લખવામાં આવે છે. જો આપણે God શબ્દનું અરબીમાં ભાષાંતર કરીએ તો અલ્લાહ બને છે. આનો અર્થ એ થયો કે "એક અને એક માત્ર અલ્લાહ" પણ એ રીતે જ થાય છે. તેનું પણ બહુવચન થતું નથી, તેનું પણ બહુવચનનું સ્વરૂપ નથી. અલ્લાહ એક અરબી શબ્દ છે અને આખી દુનિયાના મુસલમાનોમાં તે Godના સંદર્ભમાં વપરાય છે. મુસલમાનો અરબી ભાષામાં કુરઆન પઢે છે અને તેમની રોજિંદી નમાઝો પણ અરબીમાં પઢે છે. તેથી તેઓ God માટે અલ્લાહ શબ્દ વાપરે છે, પછી ભલેને તેમની માતૃભાષા અરબી ન હોય તો પણ એ બાબત યાદ રાખવી અગત્યની છે કે આજે સમગ્ર વિશ્વના મુસલમાનોમાં માત્ર લગભગ ૧૫% મુસલમાનોની માતૃભાષા અરબી છે તેથી આપણે એવું ન કહી શકીએ કે ઈસ્લામ અરબ લોકોનો જ ધર્મ છે.

એ લોકો કે જે અરબી બોલે છે અને એક અને એક માત્ર અલ્લાહ હોવાની માન્યતા ધરાવે છે, તેઓ પણ અલ્લાહને God કહે છે. આ બાબત અગત્યની છે કેમકે દુનિયામાં એક કરોડ ચાલીસ લાખ જેટલા અરબી માતૃભાષાવાળા ઈસાઈઓ છે કે જેઓ અલ્લાહને God કહે છે. તદુઉપરાંત દુનિયામાં લગભગ ચાલીસ લાખ યહૂદીઓ એવા છે કે જે દક્ષિણી યુરોપની યહૂદી કોમોમાંથી ઉતરી આવ્યા છે કે જેમને અગિયારમીથી લઈને સત્તરમી સદીઓ સુધીમાં તે પ્રદેશોમાંથી ઈસાઈઓના વિજય પછી તગેડી મૂકવામાં આવ્યા હતા. તેમને પૂર્વિય ભૂમધ્ય સમુદ્રના પ્રદેશના મુસ્લિમ પ્રદેશોમાં આવકારવામાં આવ્યા હતા, અને આ રીતે અરબી ભાષા તેમની સાંસ્કૃતિક માતૃભાષા પણ બની ગઈ. તે લોકો પણ God શબ્દ અલ્લાહ તરીકે બોલે છે જ્યારે કે તેઓ અરબીમાં વાત કરતા હોય.

એક અને એક માત્ર અલ્લાહની આ માન્યતા ઈસ્લામની સ્પષ્ટ માન્યતા છે. અલ્લાહ એક છે અને અલ્લાહે એક જ માનવવંશનું સર્જન કર્યું છે. બધા જ મનુષ્યોને આ એક જ અલ્લાહની ઈતાઅતમાં રહેવાનું કહેવામાં આવે છે, અને આ જ માનવ પરિયોજના છે. અલ્લાહને પોતાની પસંદગીઓ નથી હોતી. સમગ્ર માનવવંશને અલ્લાહ દ્વારા માનવ પરિયોજનામાં રહેવાની હિદાયત કરવામાં આવી છે, એવી અપેક્ષાએ કે તેઓ આ દુનિયામાં અને આખેરતના જીવનમાં અલ્લાહની વધારે કુર્બત પ્રાપ્ત કરે. (કુરઆન–૪૦:૭૮) અહીં એક નિર્ણાયક મુદ્દો છે : એક અલ્લાહ, એક માનવવંશ, એક માનવ પરિયોજના અને એક માનવ વિધાતા; તેથી આ માનવવંશને તેમના ભાગ્ય તરફ હિદાયત કરવા અલ્લાહ દ્વારા મોકલાવામાં આવેલ હિદાયતનું તાત્પર્ય એક જ પ્રકારનું રહ્યું છે. પૃથ્વી ઉપરના બધા જ લોકો તરફ ઓછામાં ઓછી એક આસમાની કિતાબ અને ઓછામાં ઓછો એક પયગમ્બર મોકલવામાં આવ્યો છે. આ બધી આસમાની કિતાબો અને પયગમ્બરોના પયગામનો નિષ્કર્ષ હંમેશાં એક પ્રકારનો જ રહ્યો છે. હવે આપણે મોહંમદ (સ.)ને અને કુરઆનને આ સંદર્ભમાં જોઈ શકીએ છીએ. મોહંમદ (સ.) માનવજાતના આખરી અને સર્વસામાન્ય પયગમ્બર છે કે જેઓ મનુષ્યોની જરૂરી જીવન પધ્ધતિની સાબિતીઓ ધરાવે છે કે

જેની તરફ સૌને બોલવવામાં આવ્યા છે. એવી જ રીતે, કુરઆન પણ અંતિમ અને પ્રમાણભૂત આસમાની કિતાબ છે કે જેને માનવજાતને શુધ્ધ, જરૂરી, અનંત હિદાયત કરવા માટે મોકલવામાં આવી છે કે જે હિદાયત અલ્લાહે સમગ્ર માનવ સદીઓ દ્વારા મોકલી છે.

અલ્લાહની વહદાનિયત ઉપરનો આગ્રહ એક એવી વ્યાખ્યાત્મક માન્યતા છે, માત્ર મોહંમદ (સ.) ની જ નહીં, પરંતુ પહેલાંના બધા જ પયગમ્બરોની પણ છે. આપણે ઈબ્રાહીમ (અ.), મૂસા (અ.) અને ઈસા (અ.)ને એવા જમાનાઓમાં રહેતા વિચારી શકીએ છીએ કે જ્યારે લોકો તેમની ફરતાં એવા હતા કે જેઓ ઈલાહી વિષે અન્ય મંતવ્યો ધરાવતા હતા. એવા પણ લોકો હતા કે જેઓ બદ્દુઓના ખુદાઓની, સ્થાનિક ખુદાઓની, રાજકીય ખુદાઓની – અનેક ખુદાઓની પરસ્તિશ કરતા હતા. એવું જ મોહંમદ (સ.)ના જમાનામાં પણ હતું. ઈસ્લામ પહેલાંના અરબ લોકો હજારોની સંખ્યામાં અનેક ખુદાઓને માનતા હતા. કોઈ માણસ મોહંમદ (સ.)ની ઉમ્મતમાં જોડાયો છે કે નહીં તે માટેનો ચાવીરૂપ માપદંડ એ હતો કે શું તે આપ (અ.)ના પાક એકેશ્વરવાદ (વહદાનિયત)ને અનુસરે છે કે પછી બુતોની પરસ્તિશ કરતાં કરતાં હજુ પણ અલ્લાહ વિષેની અજ્ઞાનતાના યુગમાં હજુ જીવી રહ્યો છે. એટલે જ તો મુસલમાનો અલ્લાહ સિવાય બીજા કોઈની ઈબાદત કરવાની બાબતમાં કોઈ પણ વિચારધારાના વિરોધી છે અને કુરઆન અને મોહંમદ (સ.)ની નબુવ્વત દ્વારા જ સમગ્ર માનવજાતને એક અને એક માત્ર અલ્લાહ છે એવા સૌથી ઉત્તમ ઈલ્મનો લાભ મળ્યો છે. (ક્રમશઃ)


દુકાન
૯૦૩૩૧૨૭૪૪૦

આબિદઅલી મુખી
૯૯૭૯૦૮૮૦૧૮

# યાદગાર હોજીયરી
## એન્ડ કટલરી સ્ટોર્સ
(વાઘરોલવાળા)

**અમારે ત્યાં હોટલના કટલરી સ્ટોર્સ પર વેચાતી તમામ હોઝીયરી વેરાયટી મળશે.**
**નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, બનીયાન, ટુવાલ, અંડરવેર, હાથરૂ માલ, પગમોજા, સોલાપુરી ચાદર, લુંગી, ગમછા, પીળા ડસ્ટર, નેપકીન, મફલર, અશોકા રૂમાલ, જોકી અંડરવેર, જોકી બનીયાન, ગરમ બ્લેન્કેટ, ગરમ ટોપી, વગેરે વેરાયટી હોલસેલ ભાવે મળશે.**

અમારો હેતુ સમાજના હિતમાં છે અને હંમેશાં રહેશે.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન હોટલની બાજુમાં, ગાંધી રોડ (ફુવારા), અમદાવાદ-૩૮૦૦૦૧**

# જાફરી પંચાંગ

ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે જૂન–૨૦૧૪ થી તા. ૧૫, માહે જુલાઈ–૨૦૧૪<br>મુ.તા. ૧૭, શાબાન–૧૪૩૫ થી મુ.તા. ૧૭, રમઝાન–૧૪૩૫ |
|---|---|---|---|
| જૂન | શાબાન | – | |
| 16 | ૧૭ | સોમ | **ઉર્સ : હઝરત બાલાપીર બાવા (રહે.અ.), કડી** |
| 21 | ૨૨ | શનિ | **વિલાદત : પીર સૈયદ કબીરૂદ્દીન કુફ્ફશીકન (રહે.અ.)** |
| 23 | ૨૪ | સોમ | **ઉર્સ : પીર સૈયદ હસનઅલી બાવા (રહે.અ.), અમદાવાદ** |
| 29 | રમઝાન-૧ | રવિ | માહે રમઝાનુલ મુબારક શરૂ |
| જુલાઈ-8 | ૧૦ | મંગળ | વફાત : જનાબે ખદીજતુલ કુબરા (અ.) વીંછુડો બેસે : રાત્રે ૮–૩૬ |
| 9 | ૧૧ | બુધ | વીંછુડો |
| 10 | ૧૨ | ગુરૂ | વીંછુડો ઉતરે : રાત્રે ૧૧–૧૬ |
| 13 | ૧૫ | રવિ | **વિલાદત : હઝરત ઈમામ હસન મુજતબા (અ.)** |
| 15 | ૧૭ | મંગળ | વફાત : હઝરત બાલાપીર બાવા (રહે.અ.) |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

(૧) આયતે તત્હીર નાઝિલ થઈ ત્યારે રસૂલલ્લાહ (સ.)એ ફાતેમા ઝહરા (અ.)ના દરવાજે કેટલા મહિના સુધી તિલાવત કરી હતી ?

(૨) જનાબે કુસેએ મક્કામાં દાખલ થતાં જે પહેલો કૂવો ખોદાવ્યો તેનું નામ શું હતું ?

(૩) બાળકને તેના પોતાના હાથે ખેરાત આપવાની સૂચના આપો. આ વાકય કયા લેખમાં આવેલું છે ?

(૪) દરેક જણ કામ કરવાનો દાવો કરે છે, પરંતુ એ કે જે ખરેખર કામ કરે છે તે ................ બની જાય છે.

(૫) "દિલ દુઆ છે તેથી તેમાં સારી વાતો રાખ્યા કરો." આ શબ્દો કયા ઈમામના છે ?

(૬) રસ નદીના કાંઠે કેટલાં શહેર વસેલાં હતાં ?

(૧) આઠ (૨) બાર (૩) દસ (૪) ત્રણ

(૭) ઈરાકના હિલ્લા વિસ્તારમાં કોના કોના બે પ્રખ્યાત મુબારક રોઝા છે.

(૮) સક્કા એટલે ................

(૧) પાણી પીવડાવવાનું કામ (૨) પાણી પાનાર

## કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

### સૂરા નં.૮૪ સૂરા ઇન્શિકાક

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી તેમને શું થઈ ગયું છે કે તેઓ ઈમાન લાવતા નથી. (૨૦)**

**અને જ્યારે તેમની સમક્ષ કુરઆન પઢવામાં આવે છે ત્યારે સજ્દો કરતા નથી ? (૨૧)**

**એટલું જ નહીં, બલ્કે જે નાસ્તિકો છે તેઓ તે (કુરઆન)ને જુઠલાવ્યા કરે છે. (૨૨)**

**અને તેઓ (મનમાં) જે કાંઈ સંતાડે છે તેનાથી અલ્લાહ સારી પેઠે વાકેફ છે. (૨૩)**

**માટે (અય રસૂલ !) તું તેમને દુ:ખદાયક અઝાબની ખુશખબર સંભળાવી દે. (૨૪)**

**સિવાય તે લોકોના કે જેઓ ઈમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યાં, તો તેમના માટે અખૂટ બદલો છે. (૨૫)**

કુરેશના કુફ્ફારને કુદરત કહે છે કે તમને શું થયું છે ? કે તમો ખુદા, પયગમ્બર અને કયામત ઉપર ઈમાન લાવતા નથી એ છતાં કે કુદરતની નિશાનીઓ જાહેર અને રોશન છે અને જ્યારે કુરઆનની તિલાવત કરવામાં આવે છે ત્યારે તેઓ (કુરેશી કાફરો) સજ્દો કરતા નથી, એનો અર્થ એ કે કુરઆનને સાંભળીને નમ્રતા ગ્રહણ કરતા નથી. આ આયતની તિલાવત કર્યા પછી સજ્દો કરવો સુન્નત છે અને મન્કુલ છે કે સૂરા ઇન્શિકાક પઢીને રસૂલે ખુદા (સ.) સજ્દો કરતા હતા.

**યૂઊન :** એથી મુરાદ છે કે એ જે કંઈ દિલોમાં રાખે છે ખુદા તેમના બધા ભેદોથી જાણકાર છે અને હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી વર્ણન છે કે દિલ દુઆ છે તેથી તેમાં સારી વાતો રાખ્યા કરો.

### સૂરા નં.૮૫ સૂરા બોરુજ

૨૨ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયો હોવાથી મક્કી સૂરો છે.

**કસમ છે નક્ષત્રોવાળા આસમાનની. (૧)**

**અને તે દિવસની કે જેનો વાયદો કરવામાં આવ્યો છે. (૨)**

**અને સાક્ષી આપનારની તથા જેની સાક્ષી આપવામાં આવે છે તેની. (૩)**

બાર બોરુજ (નક્ષત્રો)વાળા આસમાનની કસમ અને વાયદો અપાયેલા દિવસ (કયામત)ની કસમ. પછી કહે છે કે શાહેદ અને મશ્હૂદની કસમ, આ કસમો ખાઈને ફરમાવે છે કે ઉખ્દૂદના લોકોને કતલ કરવામાં આવ્યા અને તેઓને લાનત કરવામાં આવી અને એમાં અધ્યાર એ છે કે આજ પ્રમાણે

મક્કાના લોકોને પણ અઝાબ દઈને કતલ કરવામાં આવશે. પહેલી આયતમાં જે બોરુજની કસમ ખાવામાં આવી તે બાર બોરૂજો છે.

તફસીરે બુરહાનમાં ઈબ્ને અબ્બાસથી વર્ણન છે કે હુઝૂરે ફરમાવ્યું કે અલ્લાહનો ઝિક્ર, મારો ઝિક્ર, અને અલી (અ.)નો ઝિક્ર ઈબાદત છે. ત્યાર પછી તેમની ઓલાદમાં જે અઈમ્મા (અ.) છે તેમનો ઝિક્ર કરવો ઈબાદત છે. પછી હુઝૂર અલ્લાહની કસમ સાથે ફરમાવે છે કે મને બધી મખ્લૂકથી અફઝલ કર્યો અને મારો વસી બધા અવસિયાથી અફઝલ છે અને તમામ બંદાઓ ઉપર અલ્લાહની હુજ્જત છે અને તે અલ્લાહની મખ્લૂક પર તેનો ખલીફા છે અને અઈમ્મા (અ.) તેની જ ઓલાદમાંથી થશે અને તેમના જ કારણે અલ્લાહ જમીન પરથી અઝાબ ટાળી દે છે અને તેમના લીધે જ આસમાન જમીન ઉપર નથી ટૂટી પડતું અને પહાડ પોતાની જગ્યાએ કાયમ છે. વરસાદ વરસે છે અને તેમના લીધે જ જમીન હરિયાળી બને છે અને ખરેખર અઈમ્મા (અ.) અલ્લાહના અવલિયા અને ખલીફા છે અને તેમની સંખ્યા મહિનાઓની સંખ્યાની બરાબર છે અને તે બાર છે. જેવી રીતે હઝરત મૂસા (અ.)ના નોકબાની સંખ્યા પણ બાર હતી. ત્યાર પછી હુઝૂરે આ આયતની તિલાવત ફરમાવી. પછી ફરમાવ્યું કે અય ઈબ્ને અબ્બાસ ! શું તમે એમ સમજો છો કે અલ્લાહે આસમાન અને તેના બાર બુરૂજોની કસમ ખાધી છે ? ઈબ્ને અબ્બાસે અરજ કરી કે યા રસૂલલ્લાહ (સ.) તો પછી અલ્લાહે કઈ ચીજની કસમ ખાધી છે ? હુઝૂરે ફરમાવ્યું કે તે આસમાન હું છું અને બાર બુરૂજ એ મારા પછી થવાવાળા બાર અઈમ્મા (અ.) છે. જેમાં પહેલા અલી (અ.) અને છેલ્લા હઝરત મહદી (અ.) છે.

"શાહેદ અને મશ્હૂદ" આના વિષે જુદા જુદા કોલ છે. (૧) શાહેદ જુમ્આનો દિવસ અને મશ્હૂદ અરફાનો દિવસ. (૨) શાહેદ આંહઝરત અને મશ્હૂદ યૌમે કયામત.


તફસીરે મજમઉલ બયાનમાં છે કે એક વખત એક શખ્સ મસ્જિદે નબવીમાં દાખલ થયો અને તેણે જોયું કે મસ્જિદમાં એક શખ્સ અહાદીસે નબવી બયાન કરી રહ્યો છે તો પેલા શખ્સે તેનાથી શાહેદે મશ્હૂદનો અર્થ પૂછ્યો તો તેણે જવાબ આપ્યો શાહેદ યૌમે જુમ્આ છે અને મશ્હૂદ યૌમે અરફા છે. પછી તે આગળ વધ્યો અને જોયું કે એક બીજો શખ્સ પણ અહાદીસે નબવી બયાન કરી રહ્યો છે તો તેણે તેનાથી શાહેદો–મશ્હૂદનો અર્થ પૂછ્યો તો તેણે જવાબ આપ્યો કે શાહેદ યૌમે જુમ્આ છે અને મશ્હૂદ યૌમે મહર છે. પછી તે આગળ વધ્યો અને જોયું કે એક બહુ જ નૂરાની ખૂબસૂરત ચેહરાવાળા શાહઝાદા અહાદીસે નબવી બયાન ફરમાવી રહ્યા છે તો તે શખ્સે તેમનાથી પણ શાહેદો–મશ્હૂદનો અર્થ પૂછ્યો તો તેમણે ફરમાવ્યું કે શાહેદથી મુરાદ હઝરત રસૂલે ખુદા (સ.) છે અને મશ્હૂદથી મુરાદ યૌમે કયામત છે અને સાથે જ તેમણે આ આયત પઢી "ઈન્ના અર્સલના શાહેદન" તે શખ્સ કહે છે કે મેં જ્યારે તપાસ કરી તો ખબર પડી કે પહેલા શખ્સ હદીસ બયાન કરવાવાળા જનાબે ઈબ્ને અબ્બાસ છે, બીજા ઈબ્ને ઉમર અને ત્રીજા હઝરત ઈમામે

હસન (અ.) હતા. (૩) શાહેદે યૌમે નહર અને મશહૂદ યૌમે અરફા. (૪) શાહેદે યૌમે અરફા અને મશહૂદ યૌમે જુમ્આ અને અબૂ દરદાથી રિવાયત છે કે હુઝૂરે ફરમાવ્યું કે મારા ઉપર જુમ્આના દિવસે દુરૂદ વધારે મોકલ્યા કરો કારણ કે જુમ્આ મલાએકાની હાજરી આપવાનો દિવસ છે અને જે કોઈ તે દિવસે મારા ઉપર દુરૂદ મોકલે છે તો તેની મને ખબર આપવામાં આવે છે. રાવીએ પૂછ્યું કે શું આપની વફાત પછી પણ દુરૂદ મોકલવામાં આવે તો આપને ખબર પડશે ? આપે ફરમાવ્યું કે જમીનના માટે અંબિયાના શરીરને ખાઈ જવા હરામ છે, જે નબી હોય છે તે જાહેરી રીતે પછી પણ જીવતો હોય છે અને અલ્લાહની રોજી પામતો હોય છે. (૫) શાહેદ ફરિશ્તા અને મશહૂદ કયામતનો દિવસ. (૬) શાહેદથી મુરાદ એ છે કે મહેશરના દિવસે લોકો ઉપર ગવાહી આપશે અને મશહૂદ એ કે જેના ઉપર ગવાહી આપવામાં આવશે. (૭) શાહેદ આ ઉમ્મત અને મશહૂદ પાછલા સમયમાં થયેલી ઉમ્મત. (૮) શાહેદ બની આદમના અવયવો અને મશહૂદ ખુદ પોતે બની આદમ. (૯) શાહેદ હજરે અસ્વદ અને મશહૂદ હાજી. (૧૦) શાહેદ રાત–દિવસ અને મશહૂદ ઈબ્ને આદમ. (૧૧) શાહેદ અંબિયા અને મશહૂદ ખાતેમુલ અંબિયા. (૧૨) શાહેદ અલ્લાહ અને મશહૂદ તૌહીદનો કલેમો. (૧૩) શાહેદ ખલ્ક અને મશહૂદ હક. આ વર્ણન મજમઉલ બયાનમાં છે અને હઝરત ઈમામે જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું શાહેદ હઝરત રસૂલે ખુદા (સ.) અને હઝરત અલી (અ.) છે. (ક્રમશ:)


BLUECROSS LABORATORY

precise medical analyses

લોહી તથા પેશાબ ની તપાસ (Investigation) માટે ઉપલબ્ધ સેવાઓ




**નોંધ :- લોહી તથા પેશાબના તમામ ટેસ્ટ વ્યાજબી દરે કરી આપવામાં આવશે.**

પ્રો.ઈમદાદઅલી હસનભાઈ ભટ્ટ (જેઠીપુરા)

**બ્લ્યુક્રોસ લેબોરેટરી**

L/30 આકાશગંગા કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડની બાજુમાં, હિંમતનગર, જિ. સા.કાં.

(ઓ.) ૦૨૭૭૨-૨૪૦૧૨૧, મો. ૯૪૨૬૪ ૧૮૬૮૬ E-mail: bluecrosslabhmt@gmail.com

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**પાંચ બાબતોમાં આંહઝરત (સ.)ની આલનું આંહઝરત (સ.) સાથે સામ્ય હોવું :**

ઈમામ ફખ્રુદ્દીન રાઝી કહે છે કે અલ્લાહ ઈઝઝ વ જલ્લે આંહઝરત (સ.)ની અહલેબૈતને પાંચ બાબતોમાં આંહઝરત (સ.)ની સમાન ગણી છે.

(૧) પહેલું તો એ કે સલામમાં તેમને આંહઝરત (સ.)ના શરીક અને સમાન ગણ્યા છે. પરવરદિગારે આલમ ફરમાવે છે કે સલામ થાય તારા પર અય નબી ! અને ખુદાની રહેમત થાય અને તેની બરકતો. અને તેમની અહલેબૈતના હકમાં ફરમાવ્યું કે આલે યાસીન પર સલામ થાય. સૈયદ નૂરૂદ્દીન અલી બિન જમાલુદ્દીન અબ્દુલ્લાહ અશ્શાફઈ રહેમતુલ્લાહ અલૈહ જવાહેરુલ અકદૈનમાં લખે છે: મુફસ્સેરીનની એક જમાઅતે અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત કરી છે કે તેઓ આયતે સલામ અલી આલે યાસીનની તફસીરમાં લખે છે કે તેનાથી મુરાદ આલે મોહંમદ (સ.) છે. કલબી રહેમતુલ્લાહ અલૈહથી નકાશ રિવાયત કરે છે કે આલે યાસીનથી મુરાદ આલે મોહંમદ (સ.) છે. અલ્લાહ તઆલાએ મોહંમદ (સ.)ના નામના જેવું જ નામ યાસીન રાખ્યું છે જેવી રીતે કે હઝરત યાકૂબ (અ.)નું નામ ઈસ્રાઈલ રાખ્યું છે અને અહમદ અને મોહંમદ આપનાં નામ રાખ્યાં છે.

(૨) બીજું એ કે જેમાં આંહઝરત (સ.)ની સાથે આપની અહલેબૈતને શરીક અને સમાન ગણ્યાં છે તે તહારત છે. અલ્લાહ જલ્લેશાના ફરમાવે છે: તા–હા. તેનો અર્થ એ છે કે અય તાહિર! અમે એટલા માટે તારી તરફ કુરઆનને નાઝિલ કર્યું નથી કે તું બહેકી જાય અને આંહઝરત (સ.)ની અહલેબૈતના માટે ફરમાવ્યું છે કે તાહિર કરશે તમને હક તાહિર કરવાનો.

(૩) ત્રીજી બાબત એ કે જેમાં આંહઝરત (સ.)ની સાથે આપની અહલેબૈતને શરીક અને સમાન ગણી છે તે દુરૂદ શરીફ છે કે તશહ્હુદના બાબમાં છે. કાબ બિન અજઝા કહે છે જ્યારે આ આયત

إِنَّ ٱللَّهَ وَمَلَٰٓئِكَتَهُۥ يُصَلُّونَ عَلَى ٱلنَّبِيِّ ۚ يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ صَلُّوا۟ عَلَيْهِ وَسَلِّمُوا۟ تَسْلِيمًا ﴿٥٦﴾

નાઝિલ થઈ કે જેનો અનુવાદ આ મુજબ છે: અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તાઓ દુરૂદ પઢે છે નબી પર, અય તે લોકો કે જે ઈમાન લાવ્યા છો, દુરૂદ પઢો તેના પર અને સલામ મોકલો હક સલામ મોકલવાનો. તો અમે અરજ કરી, યા રસૂલલ્લાહ ! અમને આપ તાલીમ ફરમાવો કે અમે આપના ઉપર કેવી રીતે દુરૂદ પઢ્યા કરીએ ? અને કેવી રીતે સલામ મોકલ્યા કરીએ ? આપ (અ.)એ ઈરશાદ કર્યો કે તમે

આવી રીતે કહ્યા કરો : અય અમારા પરવરદિગાર! રહેમત નાઝિલ કર મોહંમદ (સ.) અને આલે મોહંમદ (અ.) પર જેવી રીતે કે તેં બરકત નાઝિલ કરી છે ઈબ્રાહીમ (અ.) અને આલે ઈબ્રાહીમ (અ.) ઉપર, બેશક તું જ છે સતૂદા બુઝુર્ગ છે.

(અખ્રજા અલ બુખારી વ અલ મુસ્લિમ)

અબૂ મસઊદ બદ્રી (રઝી.અ.)થી રિવાયત છે કે અમારી પાસે સરવરે આલમ (સ.) તશરીફ લાવ્યા. અમે સઅદ બિન ઉબાદાની મજલિસમાં બેઠેલા હતા. બશીર બિન સઅદે અરજ કરી, યા રસૂલલ્લાહ ! અમને અલ્લાહે આપના ઉપર દુરૂદ પઢવાનો હુકમ કર્યો છે તો પછી અમે કેવી રીતે આપના ઉપર દુરૂદ મોકલ્યા કરીએ ? જનાબે રસૂલલ્લાહ (સ.) ખામોશ થઈ રહ્યા એટલે સુધી કે અમને એવો ખયાલ પેદા થયો કે કાશ બશીર બિન સઅદે હુઝૂર (સ.)ને આ સવાલ પૂછ્યો ન હોત ! પછી આપ (સ.)એ ઈર્શાદ કર્યો કે તમે આવી રીતે પઢ્યા કરો : અલ્લાહુમ્મા સ્વલ્લે અલા મોહંમદ વ આલે મોહંમદ કમા સ્વલૈતા અલા ઈબ્રાહીમ વ આલે ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ્મજીદ. અલ્લાહુમ્મા બારિક અલા મોહંમદિંવ વ આલે મોહંમદ. કમા બારકત અલા ઈબ્રાહીમ વ આલે ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ્મજીદ. આ રિવાયત તો સર્વમાન્ય છે અને તબરીએ આ હદીસને એવી રીતે રિવાયત કરી છે કે આંહઝરત (સ.)એ બશીર બિન સઅદના પૂછવાથી ખામોશ થઈ ગયા એટલે સુધી કે હુઝૂર (સ.) તરફ અલ્લાહ તરફથી વહી નાઝિલ થઈ અને આપ (સ.)એ ઈર્શાદ કર્યો કે તમે આવી રીતે પઢ્યા કરો.

શહર બિન હુવૈશબ (રઝી.અ.) જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.)થી રિવાયત કરી છે કે તેહકીકપૂર્વક જનાબે રસૂલલ્લાહ (સ.)એ જનાબે ફાતેમાને કહ્યું, મારી પાસે તમારા શૌહર અને બન્ને દીકરાઓને બોલાવી લાવો. તેઓ તેમને પોતાની સાથે લઈ આવ્યાં. આપ (અ.) એ એક કપડું કે જે મને ખૈબરમાં હાથમાં આવ્યું હતું, અને મારી પાસે હતું, તેને તેમના ઉપર નાખી દીધું અને દુઆ કરી, અય મારા પરવરદિગાર ! આ આલે મોહંમદ (અ.) છે. હવે તું તારી રહેમત અને બરકતો તેમના પર નાઝિલ ફરમાવ જેવી રીતે કે તેં ઈબ્રાહીમ (અ.) અને આલે ઈબ્રાહીમ (અ.) પર નાઝિલ કરી છે અને તું મસ્તૂદા અને બરગુઝીદા છે.

જનાબે ઉમર (રઝી.અ.) કહે છે કે નમાઝ થતી નથી પરંતુ કિરઅતની સાથે અને તશહ્હુદના અને આંહઝરત (સ.) ઉપર દુરૂદ પઢવાથી.

અબ્દુલ્લાહ બિન મસઊદ (રઝી.અ.) કહે છે કે જે માણસે તશહ્હુદમાં આંહઝરત (સ.) અને તેમની આલ ઉપર દુરૂદ ન પઢી તેની નમાઝ થતી નથી.

શોઅબા (રહે.અ.) કહે છે કે જેણે તશહ્હુદમાં નબી (સ.) પર અને તેમની આલ ઉપર દુરૂદ ન મોકલી તેણે નમાઝનો અઆદો કરે.

જનાબે રસૂલલ્લાહ (સ.)થી મરફૂઆ મરવી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, મારા ઉપર તમે દુરૂદે નાકિસ ન પઢ્યા કરો. સહાબાએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! દુરૂદે નાકિસ શું છે ? આપ (સ.)એ ફરમાવ્યું કે તમે લોકો કહ્યા કરો છો કે અય અમારા પરવરદિગાર રહેમત નાઝિલ કર મોહંમદ (સ.) પર અને પછી ખામોશ થઈ જાઓ છો બલ્કે આવું કહ્યા કરો, અય અમારા પરવરદિગાર રહેમત નાઝિલ ફરમાવ મોહંમદ (સ.) પર અને મોહંમદ (સ.)ની

આલ ઉપર.

ઈમામ શાફઈ (રહેમતુલ્લાહ અલૈહ) કહે છે કે અય અહલેબૈતે રસૂલલ્લાહ ! તમારી મોહબ્બતને ખુદાએ ફરજ કરી છે અને કુરઆન શરીફ તેમના માટે નાઝિલ કર્યું છે. તમારા મર્તબાની બડાઈના માટે એટલું જ કાફી છે કે જે માણસ તમારા પર દુરૂદ ન મોકલે તેની નમાઝ થતી નથી.

(૪) ચોથી બાબત કે જેમાં આંહઝરત (સ.) ની સાથે આપની અહલેબૈતને શરીક અને સમાન ગણવામાં આવી છે તે છે સદકો હરામ હોવાની બાબત. જ્યારે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે સદકો મોહંમદ વ આલે મોહંમદ પર હલાલ નથી.

જનાબે હુસૈન (અ.)થી મરવી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, અમે મોહંમદ (સ.)ની આલ છીએ. અમારા ઉપર સદકો હલાલ નથી.

અબૂ હુરૈરા (રઝી.અ.)થી મન્કૂલ છે કે જનાબે હસન (અ.)એ એક ફળ સદકાના ફળોમાંથી લઈને પોતાના મોઢામાં નાખી દીધું. આંહઝરત (સ.) એ કખ કખ કહીને નારાજગી દર્શાવી જેથી તેને નીચે નાખી દે. પછી ફરમાવ્યું, તને ખબર નથી કે આપણા માટે સદકો હલાલ નથી.

(પ) પાંચમી બાબત કે જેમાં આંહઝરત (સ.) ની સાથે આપ (અ.)એ અહલેબૈતને શરીક અને સમાન ગણ્યાં છે તે છે મોહબ્બતની બાબત. અલ્લાહ તઆલા ફરમાવે છે કહી દો અય રસૂલલ્લાહ! કે તમે મારું આજ્ઞાપાલન કરો, મારો અલ્લાહ તમને દોસ્ત રાખશે અને હઝરતના અહલેબૈતની બાબતમાં ફરમાવે છે કે અય મોહંમદ ! કહી દો કે નથી માગતો હું એના ઉપર અજ્ર (બદલો) પરંતુ મારા કરાબતદારો સાથેની મોહબ્બત.


મો. ૯૯૧૩૪૩૧૪૬૩

ગુજરાત એન્ટરપ્રાઈઝ



એફ–૭૧, સામર્થ કોમ્પલેક્ષ, સિધ્ધાર્થ હોટલની સામે, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.

# ખુત્બો : બાળકો પ્રત્યે જવાબદારી ૧૭

પ્રસ્તુતકર્તા : મોલ્વી હસનઅલી ગુલામઅલી ડોડીયા (કાટવાડ)

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعَالَمِیۡنَ وَالصَّلَاۃُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِہِ الطَّیِّبِیۡنَ

અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે :

પારો-૨૮, સૂરા તહરીમ, સૂરા-૬૬, આયત-૬

یٰۤاَیُّهَا الَّذِیۡنَ اٰمَنُوۡا قُوۡۤا اَنۡفُسَکُمۡ وَ اَهۡلِیۡکُمۡ نَارًا وَّ قُوۡدُهَا النَّاسُ وَ الۡحِجَارَۃُ عَلَیۡهَا... ﴿۶﴾

*(અય ઈમાન લાવનારાઓ ! (દોઝખની) એવી આગથી પોતાને તથા પોતાના પરિવારજનોને બચાવતા રહો કે જેનું ઈંધણ લોકો તથા પથ્થરો છે...)*

આ આયતમાં અલ્લાહ ઈમાનવાળાઓને જ દોઝખની આગથી બચવાની હિદાયત નથી કરતો, પણ તેમના પરિવારજનો અને બાળકોને પણ બચાવતા રહો એવી હિદાયત કરે છે. એ દોઝખની આગની સામગ્રી એટલે કે તેનું જે ઈંધણ છે તે પથ્થરો અને માણસો છે, તો આપણે આવી ભયાનક આગના ઈંધણ ન બનીએ તે માટે પોતાની રહેણીકહેણી સુધારવી જોઈએ અને આપણા બાળકો અને પરિવારજનોને પણ આનાથી સાવચેત કરવા જોઈએ. આનો અર્થ એ કે બાળકો જ્યાં સુધી નાના હોય છે ત્યાં સુધી એ આપણી પાસેથી સબક લે છે. આપણી રહેણીકહેણીને પોતાના જીવનમાં ઉતારતા હોય છે અથવા ધ્યાન રાખે છે કે મારા માબાપ શું શું કરે છે? બરાબર તે જ ઉંમરે તેમને સારાનરસાની પરખ કરાવવાની સૌથી વધારે જરૂર હોય છે. જો એ ઉંમરે તેમનો ખ્યાલ ન રાખવામાં આવે તો એ બાળક બીજા કોઈની રીતભાતની નકલ કરવા લાગી જશે. ચાહે એ સારી હોય કે ખરાબ, એ બીજાની ખરાબ રીતભાતની નકલ કરવા લાગે તે પહેલાં જ તેના દિલમાં માબાપે સારા અખ્લાકોને ભરી દેવા જોઈએ કે જેથી બીજાને મોકો ન મળે.

ઈમામ અલી (અ.)એ ઈમામ હસન (અ.)ને કહ્યું, "નવજાત શિશુનું દિલ ખાલી જમીનના જેવું હોય છે કે જેમાં જે દાણો વાવવામાં આવે છે તેનો તે સ્વીકાર કરી લે છે. આ જ કારણે મેં તમારું દિલ કઠણ થઈ જાય અને મન બીજે પરોવાઈ જાય તે પહેલાં જ સારી રીતભાત શિખવાડવાનું શરૂ કર્યું છે." (નહજુલ બલાગા)

તો આપણે મૌલા અલી (અ.)ની શિખામણ જોઈ કે તે પોતાની ઓલાદને એટલે કે ઈમામ હસન (અ.)ની સાથે કેવી શિખામણની વાત કરી. તો આપણે પણ આપણી ઓલાદને આવી જ રીતે એની ઉંમર પ્રમાણે સારા સારા અખ્લાક શિખવાડીશું તો બાળક મોટું થઈને ઈન્શાઅલ્લાહ સારા ચરિત્રવાળું જ બનશે.

બાળકો પ્રત્યેની આપણી જવાબદારીઓમાંથી એક એ પણ છે કે આપણે તેમને શિક્ષણ અપાવીએ. શિક્ષણમાં સૌ પ્રથમ ઈસ્લામી શિક્ષણ અને પછી દુન્યવી શિક્ષણ. તેનો અર્થ એ નહીં કે બધા બાળકોને વર્ષો

સુધી મદ્રેસામાં પઢાવતાં જ રહેવું, પરંતુ તેનો અર્થ એ કે ઓછામાં ઓછું ઈસ્લામના પ્રાથમિક ઉસૂલોનું શિક્ષણ તો તેમને આપવું જ જોઈએ કે જેથી જ્યારે તેઓ દુન્યવી શિક્ષણ પ્રાપ્ત કરે તો તેમને ખબર પડે કે તેમના જ્ઞાન વડે ઈસ્લામ અને પોતાની કોમની સેવા કેવી રીતે કરવી.

બાળકોને કેવી રીતે તૈયાર કરવાં તે તરફ ઈશારો કરતી કેટલીક અન્ય હદીસો હવે આપણે જોઈએ :

ઈમામ અલી રઝા (અ.)એ ફરમાવ્યું કે, "બાળકને તેના પોતાના હાથે ખેરાત આપવાની સૂચના આપો, પછી તે રોટીનો ટુકડો અથવા મુઠ્ઠીમાં આવે એટલો ખોરાક કે બીજી કોઈ નાની ચીજ કેમ ન હોય કારણ કે બધી વસ્તુઓ ભલે ગમે તેટલી નાની અમથી હોય જો અલ્લાહની ખાતર પ્રામાણિકતાથી દાન કરવામાં આવે તો તે ઘણી મોટી છે." (અલ-કાફી)

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "તમારા બાળકોને સાત વર્ષની ઉંમરે નમાઝ પઢતાં શિખવાડો અને જ્યારે તેઓ દસ વર્ષનાં થાય ત્યારે તેમને નમાઝ પઢવાની ફરજ પાડો અને તેઓને અલગ પથારીઓમાં સૂવાનું કહો. (કન્ઝુલ અમ્માલ)

ઈમામ સાદિક (અ) એ ફરમાવ્યું કે, "બાળકને પંદરથી સોળ વર્ષની વચ્ચે રોઝા રાખવાનું શિક્ષણ આપો" (બિહારૂલ અન્વાર)

આ હદીસોથી આપણને જાણવા મળે છે કે આપણે બાળકને કેવી રીતે જ્ઞાન આપવું જોઈએ. સાથે સાથે એ પણ ખ્યાલ રાખવો કે આ બધા અખ્લાક બાળક ખુશી ખુશી પોતાની અંદર ઉતારે એવો પ્રયાસ કરે. એના ઉપર દબાણો લાદીને નહીં. હદીસમાં છે કે, "નેક બાળક જન્નતના ફૂલોમાંનું એક ફૂલ છે." તો ફૂલની સાથે તો ફૂલની રીતે જ વર્તવું જોઈએને ?

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "આપણે આપણા બાળકો જોડે સદ્‌વર્તન કરવું જોઈએ અને તેમની સાથેની મોહબ્બતને જાહેર કરતા રહેવી જોઈએ. આપણે તેમને કરેલા વાયદા પણ પૂરા કરવા જોઈએ કારણ કે તેમને રોજી આપનાર આપણે પોતે જ છીએ અને તેમને આપણી મદદની અપેક્ષા હોય છે."

રસૂલલ્લાહ (સ.)એ મૌલા અલી (અ.)ને ફરમાવ્યું કે, "અય અલી ! માબાપ ઉપર બાળકોના ઘણા બધા હક વાજિબ છે અને આવી જ રીતે બાળકો ઉપર પણ માબાપના ઘણા બધા હક વાજિબ છે."

બાળક વડીલોની દુનિયામાં સ્વતંત્રતાથી ચાલી શકે તે પહેલાં તેના જીવનમાં ત્રણ તબક્કા આવે છે. દરેક તબક્કો સાત વર્ષનો છે : (૧) માલિકનો, (૨) ગુલામનો અને (૩) વઝીરનો.

પોતાના જીવનના પહેલા તબક્કાનાં સાત વર્ષ દરમિયાન બાળક માલિક છે અને તેને કોઈ પણ જવાબદારી વગર રમવાનો અને ખુશ થવાનો હક છે. તેનો અર્થ એ નથી કે તમે તેને મનમાની કરવા દો, પરંતુ તેનો અર્થ તે થાય છે કે તમે તેને શરીઅતના બંધનોમાંથી આઝાદી આપો. તેના ઉપર શાળાના શિક્ષણનો ભાર પણ ન લાદો અને તેને ફક્ત નેક કાર્યો વડે શિક્ષણ આપો.

બીજાં સાત વર્ષનો તબક્કો એટલે કે ગુલામનો તબક્કો છે તેનો અર્થ એ કે હવે સમય આવી ચૂકયો છે કે તેને પોતાની જવાબદારીઓ વિષે, ઈસ્લામના નિયમો વિષે અને દુન્યવી ઈલ્મ વિષે શિખવાડવામાં આવે. તેનો અર્થ એ નથી કે બાળક ઉપર બળજબરી કરવામાં આવે, પરંતુ પહેલાં સાત વર્ષ દરમિયાન તેને જે છૂટછાટ મળતી

હતી તે તેને ન આપવામાં આવે.

છેલ્લાં સાત વર્ષનો તબક્કો એટલે કે વજીરનો તબક્કો છે તેનો અર્થ એ કે બાળક અથવા તો નવયુવાનને જોઈએ કે ઘરમાં કામકાજ કરવાનું અને બધાની મદદ કરવાનું શરૂ કરી દે. હવે જે જ્ઞાનને તે શીખ્યો છે તેનાથી તેના માબાપ અને પરિવારજનોને ફાયદો પહોંચાડે.

બાળક સાથે સદ્‌વર્તન કરવા વિષે ઈસ્લામમાં એટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે કે રસૂલલ્લાહ (સ.) એ ફરમાવ્યું છે કે, "જે પણ માણસ પોતાના બાળકને બોસો આપે છે તેના માટે આમાલનામામાં એક નેકી લખાય છે."

અહીં આપણે કુરઆનની આયત અને હદીસોના ઝિક્રથી બાળકો પ્રત્યેની આપણી જવાબદારી વિષે ઘણું બધું જાણ્યું. તો હવે આપણે એવી કોશિશ કરવી જોઈએ કે અલ્લાહ અને તેના રસૂલ (સ.) આપણા અખ્લાકી જીવનથી ખુશ થાય.

**અંતમાં દુઆ માગીએ :**

- અય પરવરદિગાર ! અમને અને અમારી ઓલાદને સારાં અખ્લાકી જીવન જીવવાની નેક તોફીક અતા કરજે.
- બારે ઈલાહા ! અમને અમારા બાળકોને સભ્યતા શિખવવામાં અને તેમની સાથે સદ્‌વર્તન કરવામાં અમારી સહાયતા કરજે.
- અય અમારા મા'બૂદ ! અમારા અને અમારી ઓલાદના દિલોમાં મોહંમદ વ આલે મોહંમદની મોહબ્બત કાયમ રાખજે.




# નહજુલ અસરાર

**સંપાદક :** મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા **અનુવાદ :** મો.કાસમભાઈ વિજાપુરા

## ખુત્બા (બિદ્અત–રાય–કિયાસ)

હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ખુત્બામાં ફરમાવ્યું, અય લોકો ! ફિત્નાઓની શરૂઆત નફસની ખ્વાહિશોની પયરવી અને પોતાના તરફથી તેમના હુકમો બનાવવાથી થાય છે કે જે અલ્લાહની કિતાબની સરાસર વિરોધી હોય છે અને લોકો બીજાઓને તેમાં સાહેબે તસરીફ (બદલનારા લોકો) બનાવી લે છે. વળી બાતિલ જો ખાલિસ (શુધ્ધ) સૂરતમાં સામે આવત તો અકકલવાળા લોકોથી છૂપું ન રહેત અને જો હક ખાલિસ (શુધ્ધ) સૂરતમાં હોત તો ઈખ્તેલાફ પેદા જ ન થાત. પરંતુ થાય છે એવું કે થોડુંક બાતિલથી લેવામાં આવે છે અને થોડુંક હકથી અને આ બન્ને આપસમાં ભળી જઈને લોકોની સામે આવે છે. આવી પરિસ્થિતિમાં શયતાન પોતાના અવલિયા (ભોળા લોકો) ઉપર ગાલિબ આવી જાય છે અને જે લોકો ડરે છે તેમની તરફ અલ્લાહ તઆલા તરફથી નેકી પહેલ કરે છે.

ત્યાર પછી ફરમાવ્યું, અલ્લાહની દૃષ્ટિએ સૌથી બદતર દુશ્મનો બે છે, એક એ કે જેના કામને અલ્લાહે તેના ઉપર છોડી દીધું છે. પછી તે રાહેરાસ્તથી દૂર થઈ ગયો અને પોતાના બિદ્અતી કલામનો આશિક બની ગયો અને રોઝા–નમાઝનો આશિક થઈ ગયો. પછી તે (પોતાના મુરીદો માટે) એક ફિત્નો છે. જેણે તેને કબૂલ કર્યો તે હિદાયતથી ગુમરાહીમાં જઈ પડ્યો. તે પોતાની જિંદગીમાં અને મોત પછી પણ પોતાની પયરવી કરવાવાળાને ગુમરાહ કરનારો છે તે બીજાઓના ગુનાઓનો બોજ ઉઠાવવાવાળો છે અને પોતાના ગુનાઓમાં સપડાયેલો છે.

બીજા તે કાજી અને મુફતી લોકો છે કે જેઓ જહલે મુરકકબ (બેવડી અજ્ઞાનતા – પોતે અજ્ઞાની હોવું અને પોતાની જાતને આલિમ માનવું)નો શિકાર થઈને બીજાઓને જિહાલતમાં ફસાવે છે અને ફિત્નો ફેલાવવામાં મદદ કરે છે. આમ જનતાએ તેને આલિમ સમજી લીધો છે જો કે એનો એક દિવસ પણ અલ્લાહના અહકામ પ્રમાણે શંકાથી ખાલી નથી. તેના જહલે મુરકકબની નિશાની એ છે કે તેણે એ બાબતને કે જેનું ઓછું હોવું વધારે હોવાથી બહેતર છે, ખૂબ જ ઝડપથી ખૂબ જ વધારે જમા કરી લે છે, એટલે સુધી કે જ્યારે તે ગંદા પાણીથી સયરાબ થઈ ગયો અને બિનફાયદાકારક બાબતોથી મુકર્રર થઈ ગયો તો કાજી બની બેઠો અને લોકોને શંકાઓમાંથી બહાર કાઢવાનો જામીન થઈ ગયો. જો તેણે પોતાના પહેલાંના કાજીના હુકમનો વિરોધ કર્યો તો તે એ કાર્યથી ડર્યો નહીં કે તેના પછી આવનારા તેના હુકમને એવી રીતે તોડી નાખશે કે જેવી રીતે તેણે પોતાના પહેલાંના હુકમને તોડ્યો છે. અગર કોઈ મુશ્કેલ મસઅલો સામે આવ્યો તો તે પોતાના અભિપ્રાય વિરૂધ્ધ હકીકત બયાન કરીને

અયોગ્ય બાબતો પર મામલાને ખતમ કરી દે છે અને શંકાઓની પડદાપોશીનો હુકમ આપે છે જેનું દૃષ્ટાંત કરોળિયાનું જાળી ગૂંથવા જેવું છે. તેને ન તો એ ખબર હોય છે કે તેની રાય સાચી છે અને ન તો એ ખબર હોય છે કે તે ગલત છે. તેના ગુમાન સુધ્ધામાં એ બાબત નથી કે જેનાથી ઈન્કાર કર્યો છે, ઈલ્મ એમાં છે. અને તે નથી સમજતો કે તે બે વસ્તુઓના જેવા હોવાના કારણે એકના બીજી વસ્તુ પર કિયાસ કરત તો પોતાના વિચારને ગલત ન સમજત. અગર તેના પર કોઈ બીજી છૂપી વાત અંધકારમય બની જાય છે એટલે કે તે એમાં પોતાના કિયાસનો માર્ગ નથી મેળવતો તો તેને પોતાની જિહાલત (અજ્ઞાનતા) અગાઉના ઈલ્મથી સંતાડે છે જેથી લોકો એવો વિચાર ન કરે કે એ નથી જાણતો. પછી મર્દાનગી (બહાદુરી) કરીને હુકમ લગાવે છે અને આંધળાપણાથી ઘણીવાર થતી શંકાઓની ચાવી બને છે અને શંકાઓ તેમજ (ભ્રમણાઓ)માં ખબ્તુલ હવાસી (વાસનાઓનું ગાંડપણ) કરે છે. તે જે બાબતને જાણતો નથી તેની બાબતમાં અભિમાન પણ નથી કરતો જેથી ગુમરાહીથી બચે. તે પૂરી કોશિશથી ઈલ્મ હાંસિલ નથી કરતો જેથી ગનીમતે ઈલ્મ અને બુધ્ધિ પ્રાપ્ત કરે અને તે અહાદીસને એવી રીતે પૂરી ગંદી કરે છે જેવી રીતે તેજ હવા ઘાસને ગંદી કરે છે.

તેના ગલત હુકમ આપવાથી મીરાસ રડે છે અને મઝલૂમોનાં ખૂન ચીસો પાડે છે. તેણે પોતાના ફત્વાઓથી હરામ શર્મગાહોને હલાલ કરી દીધી, પોતાના ફેંસલાથી હલાલ શર્મગાહોને હરામ બનાવી દીધી, જે હુકમો તેના તરફથી નીકળ્યા તે તેમના માટે ઈલ્મથી ભરપૂર નથી અને હકની બાબતમાં તે જેટલા પ્રમાણમાં ઈઆદા (પુનરાવર્તન) કરે છે તે તેનો અહલ (પાત્ર) નથી. (ઉસૂલે કાફી, જિલ્દ–૧, બાબ–૨૦)

**અલ્લાહની માઅરેફત વિષેનો ખુત્બો**

કિતાબ અલ ઈર્શાદમાં શેખ મુફીદે સાલેહ બિન કીસાનથી રિવાયત કરી છે કે હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ અલ્લાહની માઅરેફતની બાબતમાં આખરી ખુત્બામાં ઈર્શાદ ફરમાવ્યો :

અલ્લાહની અવ્વલ ઈબાદત તેની માઅરેફત છે અને તેની માઅરેફતની અસ્લ (મૂળ) તેની તૌહીદ છે અને તેની તૌહીદનો પ્રબંધ તેની સિફતોની તપાસ કરવી તે છે. તે એનાથી ખૂબ જ અઝીમ છે કે તેની સિફતોની બુધ્ધિઓ ગવાહી આપે (એટલે કે સમજી શકે) તે બધી જ વસ્તુઓ કે જેની સિફતોની અક્કલો ગવાહી આપે તે બધી બનાવેલી છે. તેહકીકપૂર્વક કે અલ્લાહ જલ્લે જલાલહૂ નિર્માણ કરનારો છે, કોઈનો બનાવેલો નથી. અલ્લાહના નિર્માણકાર્યોથી તેના ઉપર દલીલ લાવવામાં આવે છે અને અક્કલોથી તેની માઅરેફતનો એતેકાદ રાખવામાં આવે છે અને વિચારશક્તિથી તેની હુજ્જતને સાબિત કરવામાં આવે છે. તેના પર અલ્લાહે મખ્લૂકને પોતાની દલીલ બનાવી દીધી કે જેનાથી તેની રબૂબિયત જાહેર થાય છે. અઝલથી તે એકલો અને વાહિદ છે, હૈયત (સબબ/કારણ) માં તેનો કોઈ શરીક નથી અને રબૂબિયતમાં તેનો કોઈ બરોબરીયો નથી. તે વિરોધી છે તે વસ્તુઓનો કે જે આપસમાં એકબીજાની વિરોધી છે. તે જાણે છે કે તેના મુકાબલામાં કોઈ નથી અને આપસમાં એકબીજાથી સમાન કાર્યોમાં તેની મુકારનત એટલે કે બરોબરી નથી. તે જાણે છે કે તેનો કોઈ સાથીદાર

નથી.

તેની નિશાનીઓ તેની દલીલો છે અને તેનું વજૂદ તેનાં કારણો છે. તેની માઅરેફત તેની તૌહીદ છે અને તેની તૌહીદ એ છે કે તેની મખ્લૂકથી અલાયદો રાખે. તેને અલાયદો રાખવાનો હુકમ એ છે કે તેની સિફતને તેનાથી તવસ્સુલ (વસીલો) રાખે ન કે તેની વાહેદિયતને. તેહકીકપૂર્વક કે તે પાલનહાર અને ખાલિક છે અને મખ્લૂકને (મર્બૂબ) સંબંધિત નથી. તેના વિષે જે કંઈ કલ્પના કરીએ તેને તેના વિરૂધ્ધ પામશો.

ત્યાર પછી ફરમાવ્યું,

તે એવો નથી કે જેના નફસને કોઈ ઓળખી શકે. તે દલીલની સાથે પોતાના ઉપર દલાલત કરવાવાળો છે. અને પોતાની માઅરેફતને અતા કરવાવાળો છે.


## અલ ઈમાન ટૂર

ઈન્શાઅલ્લાહ ચાલુ સાલે ૨૦૧૪માં અલ–ઈમાન ટૂર આયોજિત મોહર્રમ માસમાં ઈરાક અને ઈરાન ઝિયારત માટે ૨૪ થી ૨૮ દિવસનો પ્રોગ્રામ કરવાનો હોય તો જે મોમિન ભાઈબહેનોએ મોહર્રમમાં ઝિયારત માટે જવાની તમન્ના હોય તો નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

**મોહંમહુસૈન વ. ભુરા**
મુ.પો. ઈલોલ (તલાવ), તા. હિંમતનગર.
મોબાઈલ : ૯૮૭૯૫ ૫૮૬૭૦
૯૪૨૯૭ ૫૬૧૪૩



Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Work** (કાર્ય)

  Everybody claims to work, but the one who actually works, becomes successful.

  દરેક જણ કામ કરવાનો દાવો કરે છે, પરંતુ એ કે જે ખરેખર કામ કરે છે તે કામયાબ બની જાય છે.

- **Boldness & Shamelessness** (નીડરતા અને બેશરમીપણું)

  The difference between boldness and shamelessness is that when you take steps against norms of your society, it's boldness; but when you take steps against the guidance of your own conscience, it's shamelessness. The world often confuses between the two.

  નીડરતા અને બેશરમીપણા વચ્ચે તફાવત એ છે કે જ્યારે તમે તમારા સમાજનાં ધારાધોરણો વિરૂધ્ધ પગલાંભરો છો તો તે નીડરતા છે, પરંતુ જ્યારે તમે તમારા પોતાના (નફ્સ) અંતઃકરણની હિદાયત વિરૂધ્ધ પગલાં ભરો છો તો તે બેશરમીપણું છે. દુનિયા ઘણી વખત આ બન્ને વચ્ચે ગોટાળો ઊભો કરે છે.

- **Identity** (ઓળખ)

  Whenever you come to realise that you are just one of the many and not special, you actually become special.

  જ્યારે જ્યારે તમને એવી અનુભૂતિ થાય કે તમે તો માત્ર ઘણા બધામાંના એક છો અને કોઈ ખાસ (વ્યક્તિ) નથી ત્યારે જ ખરેખર તમે ખાસ (વ્યક્તિ) બની જાઓ છો.

- **News** (સમાચાર)

  Twisted facts, far from reality, being sold as a commodity.

  વાસ્તવિકતાથી ઘણે દૂર, વેપારી ચીજવસ્તુ તરીકે વેચાઈ રહેલી વિકૃત હકીકતો (તેનું નામ સમાચાર.

- **Language** (ભાષા)

  In the spiritual realm, where meaning is the reality, every language is a new country.

  રૂહાની સામ્રાજ્યમાં કે જ્યાં વાસ્તવિકતા જ ઈરાદો હોય ત્યાં દરેક ભાષા એક નવો દેશ છે.

- **Law** (કાયદો)

  Don't make laws so scientific that they ignore human feelings of humiliation and reformation of heart.

  કાયદાઓને એટલા બધા વૈજ્ઞાનિક ન બનાવી દો કે જેથી તે માનહાનિના માનવ લાગણીની અને દિલની સુધારણાની અવગણના ન કરી બેસે.

- **Curiosity** (કુતૂહલવૃત્તિ/જિજ્ઞાસાવૃત્તિ)

  To curb ones curiosity is the best example of self control and God's gift to you. Let not the Internet take that ability away from you. Knowledge will keep coming to you in its own legitimate way.

  પોતાની કુતૂહલવૃત્તિને અંકુશમાં રાખવી તે આત્મસંયમનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે અને અલ્લાહ તરફથી તમને મળેલી બક્ષિસ છે. ઈન્ટરનેટને પરવાનગી ન આપો કે તે શક્તિને તમારાથી દૂર લઈ જાય. ઈલ્મ તમારી તરફ તેના હલાલ રસ્તે આવતું રહેશે.

- **Darkness** (અંધકાર)

  When there is darkness around you, you stop seeing what's around you, but you keep seeing what's inside you. If what's inside you is peace, you are at peace even in the darkness. If it is anything but peace, darkness frightens you.

  જ્યારે તમારી આજુબાજુ અંધકાર હોય છે ત્યારે તમે તમારી આજુબાજુ શું છે તે જોવાનું બંધ કરી દો છો, પરંતુ તમારી ભિતરમાં જોવાનું ચાલુ રાખો છો. જો તમારી ભિતરમાં જે છે તે શાંતિ હોય તો અંધકારમાં પણ તમે શાંતિમાં છો. જો તે શાંતિ સિવાય બીજું કંઈ પણ હોય તો અંધકાર તમને ગભરાવી નાખે છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**



મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ

# અલ ઈર્શાદ

## મક્કાનો વિજય

(ગતાંકનું ચાલુ)

આ સાંભળીને અબૂ સુફયાન ગભરાઈ ગયો અને સમજી ગયો કે હવે તે અસુરક્ષિત છે. તેણે ફરીથી અમીરુલ મોમિનીન (અ.) સમક્ષ રજૂઆત કરી અને આપ (અ.)ને કહ્યું,

"અય અબુલ હસન ! મારા માટે મામલો ખૂબ વિકટ બની ગયો છે હવે તો આપ (અ.) જ કંઈ અભિપ્રાય આપો."

આપ (અ.)એ જવાબ આપ્યો,

"હું હવે સમજતો નથી કે હું તમારી કોઈ રીતે મદદ કરી શકું. હા, એટલું કહી શકું છું કે તમે કિન્આના કબીલાના સરદાર છો એટલા માટે તમે એલાન કરો કે પ્રજાને આમ માફી આપી દેવામાં આવે છે. ત્યાર પછી તમે તમારા વતનમાં પાછા જઈ શકો છો."

તે બોલ્યો,

"શું આવું કરવાથી મને ફાયદો થશે એવું આપ સમજો છો ?"

અમીરુલ મોમિનીન (અ.)એ જવાબ આપ્યો,

"ના, હું એવું સમજતો નથી, પરંતુ એના સિવાય બીજો કોઈ તરીકો નથી."

ત્યાર પછી અબૂ સુફયાન મસ્જિદમાં આવ્યો અને એવું એલાન કર્યું કે, "અમારા તરફથી તમને લોકોને અમાન આપવામાં આવે છે."

આવું એલાન કરીને તે ઊંટ ઉપર બેઠો અને પોતાના શહેરની તરફ રવાના થઈ ગયો. જ્યારે તે કુરૈશની સામે પહોંચ્યો તો એ લોકોએ પૂછ્યું, "જ્યારે તમે ચાલ્યા હતા ત્યારે પરિસ્થિતિ કેવી હતી "

તેણે કહેવાનું શરૂ કર્યું, "હું પહેલાં તો મોહંમદ (સ.)ની પાસે ગયો અને તેમને મારા આગમનનું કારણ બતાવ્યું, પરંતુ તેમણે કોઈ જવાબ ન આપ્યો. ત્યારે હું ઈબ્ને અબી કહાફાની પાસે ગયો પરંતુ એમણે પણ કંઈ ન કહ્યું. ત્યાર પછી હું ઈબ્ને ખત્તાબની પાસે ગયો પરંતુ તેમણે મોટી બદઅખ્લાકી દર્શાવી. ત્યાર પછી હું અલીની પાસે ગયો અને તે મને ખૂબ જ સભ્ય અને શરીફ માણસ લાગ્યા. તેમણે જે મશવેરો આપ્યો તે પ્રમાણે મેં કર્યું. ખુદાની કસમ, હું નથી જાણતો કે તેનાથી આપણને ફાયદો પહોંચશે કે નહીં."

તે લોકોએ પૂછ્યું,

"તેમણે તમને શું કરવાનું કહ્યું ?"

તે બોલ્યો, "તેમણે મને કહ્યું કે હું લોકોની સુરક્ષાનો એકરાર અને એલાન કરું."

તે લોકોનો પ્રશ્ન હતો, "શું મોહંમદે તેની ઈજાઝત આપી હતી ખરી ?"

તેણે જવાબમાં કહ્યું, "ના."

"ખુદાની કસમ, તે માણસે તમારી સાથે ખિલવાડ સિવાય બીજું કંઈ કર્યું નથી."

તે લોકોએ સ્પષ્ટતા કરી, "શું તેનાથી તમને કંઈ ફાયદો થશે ?"

તેનો જવાબ હતો, "ના, ખુદાની કસમ, નહીં થાય, પરંતુ મને તેમના સિવાય એક માણસ પણ એવો ન મળ્યો (કે જે મને મશવેરો આપે.)."

જે રવૈયો અમીરુલ મોમિનીન (અ.)એ અબૂ સુફયાનની સાથે અપનાવ્યો હતો તે બિલકુલ સાચો હતો અને મુસલમાનોની ભલાઈના માટે (સફળ) મન્સૂબો હતો. આવી રીતે તેણે (અબૂ સુફયાને) એક એવો કારગર મન્સૂબો પયગમ્બરે ઈસ્લામ (સ.) ના માટે છોડી દીધો કે જે મુસલમાનોની ભલાઈ માટે હતો અને જેને આંહઝરત (સ.) સરળતાથી પ્રાપ્ત કરી શકતા ન હતા. હઝરત અલી (અ.) એ અબૂ સુફયાનને પયગમ્બરે ઈસ્લામની સહીહ સ્થિતિથી વાકેફ કરીને તેને રજામંદ કર્યો હતો કે તે આમ લોકોના અમાન અને સુરક્ષાનું એલાન કરે. તેના (અબૂ સુફયાન) પર આપ (અ.)ની શરાફત અને હમદર્દીભરી વાતચીતનું પરિણામ આવ્યું હતું. એટલા માટે જ્યારે તે (અબૂ સુફયાન) મદીનાથી પાછો જઈ રહ્યો હતો તે અનુભવ કરી રહ્યો હતો કે અમુક હદે તેને કામયાબી મળી ગઈ છે. જ્યારે તે ચાલ્યો ગયો તો તેનો એ અમલ કાર્યની દૃષ્ટિએ કારગર ન આવી શકયો કે મદીનામાં કંઈક એવાં પગલાં ભરવામાં આવે કે જેનાથી અશાંતિ ફેલાઈ શકે અને પયગમ્બર (સ.)ની સામે સંગીન મસઅલા ઊભા થઈ શકે. તેની સામે જે મુશ્કેલીઓ અબૂ બક્ર અને ઉમરના વાર્તાલાપ પછી ઉભરી હતી તો તેનો સીધો ફેંસલો (અબૂ સુફયાન) એવો કરતો કે પાછો જઈને પોતાના લોકોને ભડકાવત કે પયગમ્બર (સ.)ની વિરૂધ્ધ જંગ ચાલુ રાખવામાં આવે. આવી રીતે તે એવી પરિસ્થિતિ પેદા કરી દેત કે કુરેશ કોઈ પણ હાલતમાં મોહંમદ (સ.)ની સાથે વાત કરવા માટે તૈયાર ન થાત, બલ્કે તેમના પર જંગ કરવાનું ચાલુ રાખત. આવી કામયાબી અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થઈ હતી પરંતુ તેને સંપૂર્ણતા સુધી પહોંચાડવામાં અમીરુલ મોમિનીન (અ.)એ દુરંદેશીથી કામ લીધું હતું. અને તેનું પરિણામ એવું આવ્યું કે થોડા સમયમાં પયગમ્બરે ઈસ્લામ (સ.) ની સામે એવા રસ્તાઓ ખુલી ગયા કે જેનાથી આંહઝરત (સ.)એ મક્કા પર ઈસ્લામી પરચમ લહેરાવી દીધો.

જ્યારે પયગમ્બરે ઈસ્લામ (સ.)એ સઅદ બિન ઉબૈદાને હુકમ આપ્યો કે તે ઈસ્લામી પરચમ લઈને મક્કામાં દાખલ થઈ જાય તો તેમણે મક્કાવાસીઓના વિરૂધ્ધ હાનિકારક કાર્યવાહી કરી અને લોકોને પોતાના સખત અભિગમથી નિરાશ કર્યા. જ્યારે તેઓ મક્કાની સરહદમાં પહોંચ્યા તો મોટા અવાજે કહ્યું,

"આજે જંગ અને કતલ અને ખૂનનો દિવસ છે. આજે તમારા દીકરાઓની હરકત સલામત નહીં રહે."

(રસૂલલ્લાહ (સ.)ના કાકા) અબ્બાસે આ અવાજ સાંભળ્યો અને પયગમ્બર (સ.)ની પાસે આવીને બોલ્યા, "શું આપ (સ.)એ સઅદ બિન ઉબૈદાના શબ્દો નથી સાંભળ્યા ? મને તો ડર છે કે તે કુરેશ ઉપર બેદર્દીપૂર્વકનો હુમલો કરી દેશે."

પયગમ્બરે ખુદા (સ.)એ અમીરુલ મોમિનીન (અ.)ને કહ્યું,

"અય અલી ! તમે હાલને હાલ સઅદની પાસે જાઓ અને ઈસ્લામી પરચમ તેમની પાસેથી લઈ લો. તમે તેને લઈને મક્કાની અંદર જાઓ."

આ સાંભળીને અમીરુલ મોમિનીન (અ.) તેની પાસે ગયા અને તેમની પાસેથી પરચમ લઈ લીધો. સઅદે હઝરત અલી (અ.)ને ઈસ્લામી પરચમ આપી દેવામાં વિલંબ ન કર્યો. સઅદની નકામી હરકતથી જે નુકસાન પહોંચ્યું હતું તેને અમીરુલ મોમિનીન (અ.)એ તરત જ રફેદફે કરી દીધું. પયગમ્બરે ઈસ્લામ (સ.)એ કોઈ પણ માણસને ભલેને પછી તે મુહાજિરીનમાંથી હોય કે અન્સારમાંથી હોય તે માટે યોગ્ય ન સમજ્યા કે તેને મોકલીને અન્સારના કાઈદ (સઅદ બિન ઉબૈદા) પાસેથી અલમ પાછો લેવાનો હુકમ આપત. આંહઝરત (સ.)એ આ કાર્ય માટે અમીરુલ મોમિનીન (અ.)ને પસંદ કર્યા. આંહઝરત (સ.) ખૂબ સારી રીતે જાણતા હતા કે જે કોઈ બીજાને મોકલવામાં આવશે તો સઅદ તેને અલમ કદી પણ આપવા માટે તૈયાર ન થયા હોત બલ્કે અલમ આપવાનો ઈન્કાર કરી દેત અને જો એવું થયું હોત તો આખાય મન્સૂબા ઉપર પાણી ફરી વળત અને મુહાજિરીન અને અન્સારોની વચ્ચે વિવાદાસ્પદ પરિસ્થિતિ પેદા થઈ જાત. એ બાબતો નક્કી જ હતી કે સઅદ કદી પણ બીજા કોઈ મુસલમાનને અલમ કદી પણ ન આપત. તેઓ કાં તો અલમ પયગમ્બરે ઈસ્લામ (સ.)ને પાછો આપત અને પયગમ્બર (સ.) માટે આ શોભાસ્પદ ન હતું કે તેઓ જાતે જઈને અલમ લેત. (ક્રમશ:)






# મીર અનીસના મરસિયા

મરસિયા—૨

مرثیہ-۲

**જનાબે ઝૈનબ (અ.)ના ફરઝંદો :**
**ઔન (અ.) અને મોહંમદ (અ.)ની શહાદત**

**جنگ و شہادت عونؑ و محمدؑ پسرانِ**
**حضرتِ زینبؑ**

یہ سنتے ہی عباسؑ کو شبیرؑ پکارے
دوڑو کہ مرے بھانجے دنیا سے سدھارے
زینبؑ نے کہا شور ہے دریا کے کنارے
لوگو مرے فرزندوں نے سر ماموں پہ وارے
الطاف و کرم دونوں پہ فرماتے ہیں شبیرؑ
لاشوں کو اٹھانے کے لیے جاتے ہیں شبیرؑ

૩૦

**યે સુનતે હી અબ્બાસકો શબ્બીર પુકારે**
**દૌડો કે મેરે ભાનજે દુન્યા સે સિધારે**
**ઝૈનબને કહા શોર હય દર્યા કે કનારે**
**લોગો, મેરે ફરઝંદોંને સર માઁ પે વારે**
**અલ્તાફો કરમ દોનોં પે ફરમાતે હૈં શબ્બીર**
**લાશોંકો ઉઠાનેકે લિયે જાતે હૈં શબ્બીર**

(આવું સાંભળતાંની સાથે જ શબ્બીરે અબ્બાસને પોકારીને કહ્યું કે દોડીને આવો કે મારા ભાણીયા દુનિયાથી વિદાય થઈ ગયા. ઝૈનબ (અ.)એ કહ્યું કે દરિયાના કિનારા ઉપર શોર થઈ રહ્યો છે. અય લોકો ! મારા ફરઝંદોએ પોતાનાં મસ્તક પોતાની મા ઉપર ફિદા કરી દીધાં. આ બાજુ શબ્બીર તે બન્નેને મહેરબાની અને કૃપાના શબ્દો ફરમાવી રહ્યા હતા. લાશોને ઉપાડવા માટે જઈ રહ્યા છે.)

فِضّہ گئی اور پیٹتی میدان سے آئی
روکر یہ خبر زینبؑ بے کس کو سنائی
حیدرؑ کے نواسوں نے تو جان اپنی گنوائی
اب ہوتی ہے لاشوں کے اٹھانے پہ لڑائی
باندھے ہیں صفیں شاہ کو آنے نہیں دیتے
معصوموں کے مُردے بھی اٹھانے نہیں دیتے

૩૧

**ફિઝ્ઝા ગઈ ઔર પીટતી મૈદાનસે આઈ**
**રોકર યે ખબર ઝૈનબે બેકસકો સુનાઈ**
**હૈદરકે નવાસોંને તો જાન અપની ગંવાઈ**
**અબ હોતી હૈ લાશોંકે ઉઠાને પે લડાઈ**

**બાંધે હૈં સફેં શાહકો આને નહીં દેતે**
**માઅસૂમોંકે મુર્દે ભી ઉઠાનેં નહીં દેતે**

(જનાબે ફિઝ્ઝા મેદાનમાં ગયાં અને છાતી કૂટતાં પાછાં આવ્યાં. તેમણે રડી રડીને જનાબે ઝૈનબ (અ.)ને આવી ખબર આપી કે હૈદર (અ.)ના બન્ને નવાસાઓ પોતાના જીવ ગુમાવી દીધા. હવે લાશોને ઉઠાવવાની બાબતમાં લડાઈ થઈ રહી છે. દુશ્મનો સફો બાંધીને ઊભા છે અને શાહે કરબલાને આવવા દેતા નથી. અને મા'સૂમ બચ્ચાઓની લાશોને ઉઠાવવા દેતા નથી.)

شبیرؑ بھی کھینچے ہوئے تلوار کھڑے ہیں　　بپھرے ہوئے عباسؑ علمدار کھڑے ہیں
ہم شکلِ نبیؐ لڑنے کو تیار کھڑے ہیں　　قاسمؑ بھی سنبھالے ہوئے ہتھیار کھڑے ہیں
یہ کہتے ہیں جس طرح سے دوگے ابھی لیں گے
وہ کہتے ہیں سر دیں گے پر لاشوں کو نہ دیں گے

**શબ્બીર ભી ખેંચે હુએ તલ્વાર ખળે હૈં　　બિફરે હુએ અબ્બાસ અલમદાર ખળે હૈં**
૩૨
**હમશકલે નબી લળનેકો તૈયાર ખળે હૈં　　કાસિમ ભી સંભાલે હુએ હથિયાર ખળે હૈં**
**યે કહેતે હૈં જીસ તર્હસે દોંગે અભી લેંગે**
**વો કહેતે હૈં, સર દેંગે પર લાશોંકો ન દેંગે**

(હઝરત શબ્બીર પણ તલવાર ખેંચીને ઊભા છે. અબ્બાસ પણ વિફરેલી અવસ્થામાં ઊભા છે. હમશકલે નબી અલી અકબર પણ લડવા માટે તૈયાર ઊભા છે. જનાબે કાસિમ પણ હથિયાર લઈને ઊભા છે. આ લોકો કહે છે કે જેવી રીતે લાશો આપશો હમણાં જ અમે લઈ લઈશું. તેઓ કહે છે કે સર આપી દઈશું પણ લાશો નહીં આપીએ.)

یہ سنتے ہی خیمے میں تلاطم ہُوا اک بار　　در پر گئی تھرّاتی ہوئی زینبؑ ناچار
چلّاتی بہن صدقے ہو یا سیّدابرار　　پھر آؤ مجھے بیٹوں کی لاشیں نہیں درکار
زخمی ہوئے آپ تو مر جاؤں گی بھائی
سر پیٹتی خیمے سے نکل آؤں گی بھائی

**યે સુનતે હી ખૈમેમેં તલાતૂમ હુવા ઈક બાર　　દર પે ગઈ થર્રાતી હુઈ ઝૈનબે નાચાર**
૩૩
**ચિલ્લાતી બહન સદકે હો યા સૈયદે અબરાર　　ફિર આઓ મુઝે બેટોંકી લાશેં નહીં દરકાર**
**ઝખ્મી હુએ આપ તો મર જાઉંગી ભાઈ**
**સર પીટતી ખૈમેસે નિકલ આઉંગી ભાઈ**

(આ સાંભળતાંની સાથે જ એક વખતના માટે ખૈમામાં તોફાન મચી ગયું. ધ્રુજતાં ધ્રુજતાં લાચાર ઝૈનબ ખૈમાના દરવાજા પર ગયાં અને બૂમ પાડીને કહેવા લાગ્યાં કે યા સૈયદે અબરાર ! તમારા પર તમારી બહેન કુરબાન થઈ જાય,

તમે બધા પાછા આવી જાઓ મને મારા દીકરાઓની લાશોની દરકાર નથી. અય ભાઈ જો આપ ઘાયલ થઈ જશો તો હું મરી જઈશ અને માથું કૂટતી કૂટતી ખૈમામાંથી બહાર નીકળી આવીશ.)

تم کو علی اکبرؑ کی قسم خیمے میں آؤ      لاشے جو اٹھانے نہیں دیتے نہ اٹھاؤ
صدقے کیے بیٹے مجھے تم شکل دکھاؤ      میداں سے بھتیجوں کو مرے پھیر کے لاؤ
کس واسطے حضرت چلے آتے نہیں گھر میں
جو دیتے ہیں صدقہ اسے لاتے نہیں گھر میں

૩૪

**તુમકો અલી અકબરકી કસમ ખૈમેમેં આવો      લાશે જો ઉઠાને નહીં દેતે, ન ઉઠાવો**
**સદકે કિયે બેટે મુઝે તુમ શકલ દિખાવો      મૈયદાંસે ભતીજોંકો મેરે, ફેર કે લાવો**
**કિસ વાસ્તે હઝરત ચલે આતે નહીં ઘરમેં**
**જો દેતે હૈ સદકા, ઉસે લાતે નહીં ઘરમેં**

((અય ભાઈ !) તમને અલી અકબરની કસમ છે, તમે ખૈમામાં આવો. મારા બેટાઓની લાશો દુશ્મનો ઉઠાવવા દેતા ન હોય તો ઉઠાવશો નહીં. મેં મારા બેટાઓને ફિદા કરી દીધા છે. તમે મને તમારો ચહેરો દેખાડો. મેદાનમાંથી મારા ભત્રીજાઓને પાછા ખૈમામાં લાવો. શું કારણ છે કે હઝરત ઘેર ચાલ્યા આવતા નથી. જેને સદકા તરીકે આપી દીધા હોય તેમની લાશોને કોઈ ઘરમાં પાછી લાવતા નથી.)


સિધ્ધપુર      નોન વેજ.

MEZBANI
EAT DAILY. FRESH, FAST & TASTY.

મેઝબાની
રેસ્ટોરન્ટ

તંદૂર | ઈન્ડીયન | મોગલાઈ | ચાઈનીસ

અમારા ત્યાં પાર્ટી ઓર્ડર લેવામાં આવે છે.

❖ માટલા ગોસ ❖ માટલા ચિકન ❖ સ્પે. મટન ❖ સ્પે. ચીકન

વજન (કિલો) પર બનાવી આપીશું.

તાવડીયા ચાર રસ્તા પાસે, સિધ્ધપુર. ફોન : ૦૨૭૬૭ ૨૨૪૩૭૭ મો. ૯૭૨૪૦ ૧૪૭૦૩

પ્રસ્તુતકર્તા : એપીટમી ડેરી ફાર્મ (મક્તબા જાફરીયા), ડૉ.નજરઅલી એચ. માંકણોજીયા (કાકોશી)

## વિષાણુઓ (વાઈરસ)થી થતા રોગો

### : ખરવા મોવા :

વાઈરસથી થતો આ રોગ બે ખરીવાળા પશુઓ ખાસ કરીને ગાય, ભેંસ, બળદ, ઘેટાં-બકરાં, ડુક્કરને થાય છે. ઘોડામાં આ રોગ થતો નથી. આ રોગના વાઈરસની અનેક જાતો-ઉપજાતો હોવાથી રોગ-નિયંત્રણ અતિ મુશ્કેલ છે. રોગના વાઈરસ શરીરની બહાર ઘાસ પર, માંસ પર, જમીન પર, છાયડાવાળી જગ્યામાં દિવસો સુધી જીવિત રહી શકે છે. જ્યારે ઠંડા તાપમાનમાં એક વર્ષથી વધુ જીવિત રહે છે. આ રોગ સાંસર્ગિક હોવા ઉપરાંત રોગના વાઈરસ માઈલો સુધી પવનની દિશામાં જઈ અન્ય જગ્યાએ રોગ ઉત્પન્ન કરે છે. રોગ થયેલ પશુના મોઢામાં ફોલ્લા ફૂટે છે. અને લાળ દ્વારા પાણી, ઘાસચારો, આજુબાજુની જગુઆ ચેપી બને છે. પશુના દૂધ દ્વારા પણ વાઈરસ બહાર નીકળે છે.

**રોગના ચિહ્નો :**

રોગિષ્ટ પશુના છાણ, પેશાબ, લાળ, દૂધ, પાણી દ્વારા ફેલાવો ઝડપથી થાય છે. મોટાભાગના પશુ આ રોગમાં સપડાય છે. સામાન્ય રીતે ચેપ ૧ થી ૫ દિવસમાં લાગે છે. શરૂઆતમાં જાનવરને ૧૦૪૦ થી ૧૦૫૦ ફે. થી વધુ તાવ હોય છે. મોઢામાં જીભ પર, ગાલની અંદરના ભાગે અને દાંતના પેઢા પર ફોલ્લા પડે છે. ફોલ્લાઓ ફૂટતાં જીભ પર ચાંદાં પડે છે. પશુ ખાઈ શકતું નથી. મોઢામાંથી ખૂબ લાળ પડે છે. કેટલીક વખત મોઢામાં ચાંદાની સાથે પગની ખરી વચ્ચે ચાંદા પડે છે. અને ગંદકી, માખીના ઉપદ્રવમાં પગની ખરીમાં જીવડાં પડે છે. પશુ લંગડાય છે. પગના ચાંદાની કાળજી ન લેવામાં આવે તો દિવસો સુધી તે રુઝાતા નથી અને સમય જતાં ખરી વચ્ચે મસા થાય છે. કેટલીક વાર આઉ અને આંચળ પર ઝીણી ફોલ્લીઓ થાય છે. દૂધ તદ્દન ઘટી જાય છે. જાનવર નબળું પડી જાય છે. રોગમાંથી બહાર આવતા પશુને ૧૫ થી ૨૦ દિવસ થાય છે. છતાં મૂળ ઉત્પાદન મેળવી શકાતું નથી.

**રોગ નિદાન :**

રોગનું નિદાન રોગના ચિહ્નો પરથી સહેલાઈથી થઈ શકે છે. પશુના શરીરમાં આ નિદાન મોં ના ચાંદા, ખરીની ફાડમાં થતી ફોલ્લીઓ, દુઝણી ગાયોના આઉ-આંચળ પર થતી ફોલ્લીઓ પરથી કરી શકાય છે.

**સારવાર અને અટકાવ :**

આ રોગમાં કેટલીક ઘરગથ્થું સારવાર અને કાળજી ઉપયોગી છે. રોગિષ્ઠ પશુને તરત અલગ કરવા તેમજ તેના ખોરાક, પાણીની જુદી વ્યવસ્થા કરવી. પશુને પોટેશિયમ પરમેગનેટ કે ફટકડી (૧:૧૦૦૦)ને પાણીમાં મેળવી દિવસમાં ૪ થી ૫ વખત ધોવું. આ પાણી પશુ પી જાય તો પણ નુકસાન થતુ નથી. આ ઉપરાંત પગની ખરી આ પાણીથી વારંવાર ધોવી, ખરીમાં થયેલા ઘામાં જીવડાં પડ્યા હોય તો જંતુનાશક દવાથી કે ટીંચર-આયોડીનથી ઘા સાફ કરી તેમાં ટર્પેન્ટાઈનને ખાવાના તેલ (૧:૩)માં મિક્સ કરી લગાડવું. જીવડાં નાશ થતા બોરીક પાઉડર કે ઝીંક પાઉડરનો મલમ લગાવી પાટો બાંધી ઘા સાફ કરી ડ્રેસિંગ કરવું અને પશુ ડૉક્ટરની સલાહ લેવી. રોગિષ્ઠ પશુને સૂકું ઘાસ ન આપતા, કુણું લીલું ઘાસ આપવું. આ રોગ અટકાવવા માટે અન્ય પગલાં જેમ કે ગમાણની સ્વછતા, રોગિષ્ટ પશુના ખોરાક, પાણીની અલગ વ્યવસ્થા, હલનચલન પર નિયંત્રણ વગેરે જરૂરી છે.

**ગડમથલ નં.૨૬૧નો ઉકેલ**

**આડી ચાવીઓ:** (૧) ઈરતેમાસી (૪) મુસાફિર (૭) લરઝા (૯) યારાના (૧૦) હરમ (૧૨) તલબ (૧૪) જા (૧૫) હાલા (૧૮) બકરા (૧૯) શરારત (૨૧) લબન (૨૨) નાન (૨૩) કલમ (૨૫) સદાકત (૨૭) સનમ (૨૯) રદ (૩૧) આહ (૩૨) વાર (૩૩) શફકકત (૩૪) મદદ **ઊભી ચાવીઓ:** (૧) ઈસ્લાહ (૨) માલ (૩) સીરત (૫) સાયા (૬) ફિરાક (૧૧) રઝઝાક (૧૩) બહાર (૧૬) લાત (૧૭) અમાનતદાર (૧૮) બરકત (૧૯) શબનમ (૨૦) રાન (૨૨) નાક (૨૪) મસ (૨૫) સરહદ (૨૬) દાદ (૨૮) નજાત (૩૦) તફ (૩૧) આમ




# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક : મોમિન રત્ન

## વસિયત વિષે

(ગતાંકનું ચાલુ)

**કેટલાક વારદારોના ગુલામના આઝાદ હોવાનો અથવા કર્ઝનો એકરાર :**

યૂનુસ બિન અબ્દુર્રહેમાને મન્સૂર બિન હાઝિમથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે એક માણ મરી ગયો અને તે એક ગુલામ પાછળ મૂકી ગયો તો તેના કોઈ છોકરાએ ગવાહી આપી કે તેના બાપે તેને આઝાદ કરી દીધો છે. તો આપ (અ.)એ ફરમાવ્યું કે તેની ગવાહી તેના હિસ્સા માટે છે. તે બીજાઓના હિસ્સાઓનું નુકસાન નહીં થવા દે બલ્કે ગુલામ બીજાઓના હિસ્સાઓની રકમ અદા કરવાની કોશિશ કરશે. (૫૪૪૪)

ઈબ્ને અલી ઉમૈરે મોહંમદ બિન અબી હમ્ઝા અને હુસૈન બિન ઉસ્માનથી અને તેમણે ઈસ્હાક બિન અમ્મારાથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે એક માણસ મરી ગયો તો તેના કોઈ વારદારે એકરાર કર્યો કે મરનાર ઉપર ફલાણા માણસનું કર્ઝ છે તો આપ (અ.)એ ફરમાવ્યું આ કર્ઝ તેના હિસ્સામાંથી અદા કરવું લાઝિમ થશે. (૫૪૪૫)

અને એક બીજી હદીસમાં છે કે અગર વારિસોમાંથી બે માણસો ગવાહી આપે અને બન્ને આદિલ હોય તો તમામ વારસદારો પર તેની અદાયગી લાઝિમ છે અને જો તે બન્ને આદિલ ન હોય તો તે બન્નેના હિસ્સામાંથી તેની અદાયગી લાઝિમ બનશે. (૫૪૪૬)

**એક માણસ મરી ગયો. તેના ઉપર કર્ઝ છે અને તેનાં બાલબચ્ચાં છે અને તે માલદાર છે. :**

ઈબ્ને અબી નસિર બિઝનતીએ પોતાની સનદો સાથે રિવાયત કરી છે કે આંજનાબ (અ.)ને પૂછવામાં આવ્યું કે એક માણસ મરી ગયો છે અને પોતાની અહલોઅયાલ છોડી ગયો છે અને તેના ઉપર લોકોનું કર્ઝ પણ છે તો શું તેના માલમાંથી તેની અહલોઅયાલનું ખર્ચ ચલાવવામાં આવે ? આપ (અ.)એ ફરમાવ્યું, અગર તેને યકીન હોય કે જેટલા પ્રમાણમાં તેના પર કર્ઝ છે એટલો તેનો બધો માલ છે તો પછી તેની અહલોઅયાલ પર ખર્ચ ન કરે અને અગર યકીન ન હોય તો તેમના પર મધ્યમસર ખર્ચ કરે. (૫૪૪૭)

**વસિયત વિષેની અજોડ હદીસો :**

મોહંમદ બિન યાકૂબ કુલૈની (રઝી.અ.)એ હમીદ બિન ઝિયાદથી, તેમણે હસન બિન મોહંમદ બિન સમાઆથી, તેમણે અબ્દુલ્લાહ બિન જબલા, વગેરેથી, તેમણે ઈસ્હાક બિન અમ્મારાથી, તેમણે અબી બશીરથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ પોતાની વફાતના સમયે પોતાના ગુલામોમાંથી જેટલા સરકશ હતા તેમને આઝાદ

કરી દીધા અને જેટલા નેક અને સારા હતા તેમને રોકી લીધા તો મેં અરજ કરી, બાબાજાન ! આપે તે લોકોને આઝાદ કરી દીધા અને આમને રોકી લીધા ? તો આપ (અ.)એ ફરમાવ્યું, તે લોકોએ મારા હાથનો માર ખાધો છે તો તેના બદલામાં આ છે. (૫૪૪૮)

હસન બિન અલી વશ્શાએ અબ્દુલ્લાહ બિન સિનાનથી, તેમણે ઉમર બિન યઝીદથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે હઝરત અલી ઈબ્નુલ હુસૈન (અ.) ત્રણ વખત બીમાર પડ્યા અને આપ (અ.)એ ત્રણેય વખત વસિયત કરી અને જ્યારે તંદુરસ્ત થયા તો પોતાની વસિયત પર અમલ ફરમાવ્યો. (૫૪૪૯)

ઈબ્ને અબી ઉમૈરે અને સફવાન બિન યહ્યાએ અબ્દુર્રેહેમાન બિન હિજાજથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે મેં હઝરત અબુલ હસન (અ.)ને પૂછ્યું કે લોકો કહે છે કે મોતના સમયે વસિયત એક તૃત્યાંશ (૧/૩) અથવા ૧/૪ (એક ચતુર્થાંશ)ના માટે કરવી જોઈએ. શું આ સહીહ અને સાચી વાત છે ? અને આપ (અ.)ના પિદરે બુઝુર્ગવાર (અ.)એ શું કર્યું હતું ? આપ (અ.)એ ફરમાવ્યું, ૧/૩ (એક તૃત્યાંશ) એ એવું છે કે જેના માટે મારા પિદરે બુઝુર્ગવાર (અ.)એ વસિયત કરી હતી. (૫૪૫૦)

મોહંમદ બિન અબી ઉમૈરે ઈબ્રાહીમ બિન અબ્દુલ હમીદથી, તેમણે હઝરત અબી અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ના સાહબઝાદાની કનીઝ સલમાથી રિવાયત કરી છે કે તેમનું બયાન છે કે જ્યારે હઝરત અબી અબ્દિલ્લાહ ઈમામ જાફર સાદિક (અ.)ની વફાતનો સમય નજીક આવ્યો તો હું તેમની ખિદમતમાં હાજર હતી. આપ (અ.) પર બેભાનવસ્થા જાહેર થઈ જ્યારે બેભાનવસ્થામાંથી બહાર આવ્યા તો આપ (અ.)એ ફરમાવ્યું કે હસન બિન અલી બિન અલી ઈબ્નુલ હુસૈન (મશહૂર બ અફતસ)ને સિત્તેર દીનાર આપી દો. મેં અરજ કરી કે આપ (અ.) એવા માણસને આપી રહ્યા છો કે જેણે આપ (અ.) ઉપર ખંજરથી હુમલો કર્યો હતો. આપ (અ.)એ ફરમાવ્યું, વાય થાય તારા ઉપર, શું તું કુરઆન પઢતી નથી ? મેં અરજ કરી, જી હાં. ફરમાવ્યું, શું તેં અલ્લાહનો આ કોલ નથી સાંભળ્યો,

وَ الَّذِيْنَ يَصِلُوْنَ مَآ اَمَرَ اللّٰهُ بِهٖٓ اَنْ يُّوْصَلَ وَ يَخْشَوْنَ رَبَّهُمْ وَ يَخَافُوْنَ سُوْٓءَ الْحِسَابِ ﴿٢١﴾

(સૂરા રઅદ, આયત–૨૧)

*(એ લોકો કે જેઓ સુંદર વર્તન કરે છે એવા લોકો સાથે જેમની સાથે સુંદર વર્તન કરવાનો અલ્લાહે હુકમ આપ્યો છે અને પોતાના રબથી ડરે છે અને બૂરા હિસાબથી બીએ છે.)* (૫૫૫૧)

ઈબ્ને અબી ઉમૈરે અમ્માર બિન મર્વાનથી રિવાયત કરી છે. તેમનું બયાન છે કે એક વખત મેં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને અરજ કરી કે, મારા વાલિદના વફાતનો જ્યારે સમય નજીક આવ્યો તો મેં એમને કહ્યું કે આપ (અ.) કોઈ વસિયત કરો. તો તેમણે કહ્યું કે, આ મારો બેટો છે અર્થાત ઉમૈર. એ જે કંઈ કરે તે જાઈઝ છે. આપ (અ.)એ ફરમાવ્યું, તમારા બાપે વસિયત કરી અને ખૂબ જ સંક્ષેપમાં કરી. તેમનું બયાન છે કે મેં અરજ કરી. પછી તેમણે હુકમ આપ્યો અને વસિયત એવા એવા કામની કરી. આપ (અ.)એ ફરમાવ્યું, તેના પર અમલ કરો. મેં

અરજ કરી, પરંતુ તેણે એક મોમિન અને માઅરેફ્ત ધરાવતા બંદાને આઝાદ કરવાની વસિયત કરી અને જ્યારે અમે તેને આઝાદ કર્યો તો માલૂમ પડ્યું કે તે સહીહ નિકાહથી નથી. આપ (અ.)એ ફરમાવ્યું, તમે વસિયત પૂરી કરી દીધી. તેની મિસાલ એવી છે કે જેવી રીતે એક માણસે કુરબાનીનું જાનવર એવા ખયાલથી ખરીદ્યું કે તે મોટું, તાજું થશે પરંતુ તે દૂબળું પાતળું નીકળ્યું. તો તેના તરફથી એ કુરબાની પૂરી થઈ ગઈ. (૫૫૫૨)

અબ્દુલ્લાહ બિન જાફ્ર હમીરીએ હસન બિન માલિકથી રિવાયત કરી છે કે તેમનું બયાન છે કે મેં આંજનાબ (અ.) અર્થાત્ અલી બિન મોહંમદ (અ.) ને પત્ર લખ્યો કે એક માણસની વફાત થઈ અને પોતાની જિંદગીમાં દરેક વસ્તુ આપ (અ.)ના માટે ગણી લીધી કેમકે તેને કોઈ ઓલાદ ન હતી. પરંતુ તેના મોત પછી તેને છોકરો પેદા થયો અને તેનો માલ ૩૦૦૦ દિરહમ છે એમાંથી એક હજાર હું આપ (અ.)ની ખિદમતમાં અદા કરી ચૂકયો છું. હું આપ (અ.) ઉપર કુરબાન થઈ જાઉં, હવે આપ (અ.) ની જેવી રાય હોય મને જણાવજો. હું તેના ઉપર અમલ કરીશ. આપ (અ.)એ લખીને ફરમાવ્યું કે હવે તે લોકોના માટે છોડી દો. (૫૫૫૩)

*ઝહીર હોસ્ટેલ તથા ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, હિંમતનગરના વિદ્યાર્થી ભાઈ–બહેનોને માહે રમઝાનુલ મુબારક માસમાં ઈફ્તારી કરાવવાની ઈચ્છા હોય તેમણે મો.હૈદરઅલી (રેક્ટર) 9574297051નો સંપર્ક કરવો.*

# શબ્દ પરિચય

## તબીઅ્ત

**તબીઅ્ત : (طبیعت)** તબીઅત અરબી ભાષાનો શબ્દ છે. જેના અર્થ આ મુજબ થાય છે : (૧) સ્વભાવ, ખાસિયત, પ્રકૃતિ (૨) આદત (૩) રૂચિ (૪) દિલ (૫) મિઝાજ (૬) પેદાઈશ, ખલ્કત. આ શબ્દ ઉપરથી બનતા રૂઢિપ્રયોગો જોઈએ : **તબીઅત આના -** પ્રેમ હોવો, આશક થવું, ચાહવું, કોઈ વસ્તુ પસંદ આવવી **તબીઅત ઉલઝના -** વ્યાકુળ થઈ જવું, ઉલટાઈ જવું, મિઝાજ બદલાઈ જવો **તબીઅતકા બંદા -** પોતાની મરજીથી કામ કરનાર, સ્વાર્થી, ઘમંડી **તબીઅત લગના -** ધ્યાન ચોંટવું, રૂચિ પેદા થવી **તબીઅત લડાના -** ખૂબ વિચારવું **તબીઅતકા લહરાના -** તબીયતમાં ઉમંગ પેદા થવો **તબીઅત પર રખ લેના -** ઈરાદો કરી લેવો **તબીઅતદાર -** હોંશિયાર, ચાલાક, સમજદાર **તબીઅત બાગ બાગ હોના -** ખૂબ ખુશ થવું **તબીઅત બિગડના -** (૧) બીમાર પડવું (૨) સ્થિતિ ખરાબ હોવી (૩) નારાજ હોવું **તબીઅત રંગ પર આના -** ઉમંગ પેદા થવો, ઈચ્છા જાગવી **તબીઅત શનાસ -** તબીઅત / મિઝાજ ઓળખનાર **તબીઅત હટ જાના -** નફરત થઈ જવી **તબીઅતે સાનિયા -** આદત, ટેવ **તબીઅત બહાલ હોના -** તબીઅત સુધરી જવી, આરામ થવો, મિઝાજ ખુશ થવો **તબીઅત ભર જાના -** ધરાઈ જવું **તબીઅત પર બોજ ડાલના -** ખૂબ જ વિચારવું કે ચિંતનમનન કરવું **તબીઅત પર છોડ દેના -** કોઈની મરજી પર કામ છોડી દેવું **તબીઅત લાઉબાલી હોના -** બેપરવા થઈ જવું

# આપણા ઘરની વાતો

● **બુંદ બુંદ સે ઝિયારત :**

દમણથી ગુલામશબ્બીર (એસ.એ.ટી.) અને બુંદ બુંદ સે ઝિયારત કમિટિના સભ્યોની યાદી જણાવે છે કે બુંદ બુંદ સે ઝિયારત દ્વારા દમણ-વસો-લંડન-લેસ્ટર સ્થિત મોમિન ભાઈ બહેનો દ્વારા ડોનેશન ઉઘરાવી આર્થિક રીતે નબળા વસો –દમણ જમાતના ભાઈ –બહેનોને ચૌદ માઅસૂમીન (અ.)ની ઝિયારત માટે મોકલવામાં આવે છે. ચાલુ સાલે એક મોમિના બહેનને 100 % રકમ રાહેલિલ્લાહ, અન્ય મોમિનને કુલ ખર્ચના 50 % રકમ રાહેલિલ્લાહ અને અન્ય એક મોમિના બહેનને કુલ ખર્ચના 50 % રકમ ઉછીના આપેલ (જે પરત કરી દીધી છે) આ રીતે બુંદ બુંદ સે ઝિયારત કમિટિ દ્વારા ત્રણ મોમિનોને ઝિયારત માટે મોકલવામાં આવ્યાં હતાં.

આ સાથે સાથે બુંદ બુંદ સે ઝિયારતમાં જે મોમિન ભાઈ બહેનોએ પોતાની યથાશક્તિ પ્રમાણે ફાળો આપી સહભાગી થયા તે બદલ જઝાકલ્લાહ. ઈન્શાઅલ્લાહ ભવિષ્યમાં પણ આપ આ નેક કાર્યમાં સહભાગી થશો એવી અપેક્ષા રાખવામાં આવે છે.


● **ઇન્નાલિલ્લાહે..:**




પીંપોદર નિવાસી **મર્હૂમા મો.તાહિરાબેન આબિદહુસૈન ભટ્ટ** મુ.તા. ૨૧, જમાદીઉલ આખર ૧૪૩૫ તા. ૨૨/૪/૨૦૧૪, મંગળવારના રોજ ૪૦ વર્ષની વયે અલ્લાહતઆલાની રહેમતે પહોંચ્યાં છે. ⟶



⟵ મહેરપુરા નિવાસી **મર્હૂમા મો.શાકેરાબાનું નજરહુસૈન દાંત્રોલિયા** મુ.તા. ૨૬ જમાદીઉલ આખર, હિ.સ. ૧૪૩૫ તા. ૨૭/૪/૨૦૧૪, રવિવારે સાંજે ૭:૩૦ કલાકે ૩૨ વર્ષની વયે અલ્લાહતઆલાની રહેમતે પહોંચ્યાં છે.




બાદરપુર નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન હબીબભાઈ રાબડી** મુ.તા. ૯ જમાદીઉલ આખર ૧૪૩૫, તા. ૧૦/૪/૨૦૧૪ને ગુરુવારના રોજ ૮૧ વર્ષની વયે અલ્લાહતઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, દયાળુ. અને મિલનસાર હતા. ⟶



⟵ બાદરપુર નિવાસી **મર્હૂમ મો.દાવૂદભાઈ ઈબ્રાહીમભાઈ મૂસે** મુ.તા. ૨૭ જમાદીઉલ અવ્વલ ૧૪૩૫, તા. ૨૯/૩/૨૦૧૪ને શનિવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહતઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા, નિખાલસતા, નેકદિલ, ઈમાનદાર તથા અહલેબૈત (અ.)ના ચાહક અને અઝાદારે ઈમામ હુસૈન (અ.)ના નગારાની નૌબત વગાડવાના શોખીન હતા.



←મોલીપુર નિવાસી **મર્હૂમ મો.મુસ્તાકઅલી રસૂલભાઈ સુથાર** મુ.તા. ૧૨ જમાદીઉલ આખર ૧૪૩૫, તા.૧૩/૪/૨૦૧૪ રવિવારના રોજ ૫૨ વર્ષની વયે અલ્લાહતઆલાની રહેમતે પહોંચ્યા છે.



શેરપુરા નિવાસી **મર્હૂમ મો.ઝાકિરહુસૈન યૂસુફભાઈ અઘારીયા (અબૂજી)** મુ.તા. ૨૧ જમાદીઉલ આખર ૧૪૩૫, તા.૨૩/૩/૨૦૧૪ રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. →

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મોમિન ગુલામ અબ્બાસ ગુલામહુસૈન કઠોરવાલા (જોગેશ્વરી-મુંબઈ) તરફથી જાફરી ઘરની તમામપાક અર્વાહો તથા મર્હૂમ મોલ્વી હાજી ગુલામહુસૈન કમાલભાઈ તેમજ મર્હૂમા હાજીયાણી ખતીજાહાજી ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો. મયસમઅલી મોહંમદઅલી ભગત (દમણ) તરફથી જાફરી આવાઝના ઉત્તેજન અર્થે.

**મર્હૂમા મો.તાહેરાબેન આબિદહુસૈન ભટ્ટ (પીંપોદર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો. આબિદહુસૈન ગુલામહુસૈન ભટ્ટ
રૂા.૧૦૦/- મો. સાજિદઅલી આબિદહુસૈન ભટ્ટ
રૂા.૧૦૦/- મો. મહેમૂદહુસૈન આબિદહુસૈન ભટ્ટ
રૂા.૧૦૦/- મો. અમીનાબેન ગુલામહુસૈન ભટ્ટ
રૂા.૧૦૦/- મો. બાકિરઅલી ગુલામહુસૈન ભટ્ટ તથા તેમના કુટુંબીજનો તરફથી
રૂા.૧૦૧/- મો. ગુલામઅબ્બાસ નૂરભાઈ ખાણશિયા
રૂા.૧૦૧/- મો. હૈદરઅલી અબ્બાસભાઈ કોવડીયા
રૂા.૧૦૧/- મો. અકબરઅલી ઈસ્માઈલભાઈ ભટ્ટ
રૂા.૧૦૧/- મો. આબિદઅલી યૂસુફભાઈ લોઢા
રૂા.૫૦/- મો. અલજીભાઈ શરીફભાઈ આગલોડીયા

**મર્હૂમા શાકેરાબાનુ નજરહુસૈન દાંત્રોલિયા (મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો. અલીભાઈ તૈયબભાઈ દાંત્રોલિયા
રૂા.૧૦૦/- મો. કુલસૂમબેન અલીભાઈ દાંત્રોલિયા
રૂા.૪૪૦/- મો. નજરહુસૈન અલીભાઈ દાંત્રોલિયા તથા તેમના દિકરા આબિદહુસૈન તથા મન્સૂરહુસૈન તરફથી.
રૂા.૨૦૦/- મો. ગુલામહૈદર અલીભાઈ દાંત્રોલિયા
રૂા.૧૦૦/- મો. ફિજ્જાબેન ગુલામહૈદર દાંત્રોલિયા
રૂા.૧૦૦/- મો. એહસાનઅલી ગુલામહૈદર દાંત્રોલિયા
રૂા.૧૦૦/- મો. સાજેદાબાનુ ગુલામહૈદર દાંત્રોલિયા
રૂા.૨૦૦/- મો. અબ્બાસભાઈ અલીભાઈ દાંત્રોલિયા
રૂા.૧૦૦/- મો. આબિદહુસૈન ગુલામભાઈ રેવાસિયા
રૂા.૧૦૦/- મો. શીરીનબેન ઈસ્માઈલભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો. સુગરાબેન દાવૂદભાઈ ધાંગા
રૂા.૧૦૦/- મો. સાબેરાબેન એહસાનઅબ્બાસ માણશીયા
રૂા.૧૦૦/- મો. નૂરભાઈ જમાલભાઈ સલેમા
રૂા.૧૦૦/- મો. શહરબાનું નૂરભાઈ સલેમા
રૂા.૫૦/- મો. મહેમૂદાબાનું આબિદહુસૈન વિજાપુરા

રૂા.૫૦/- મો. નજમાબાનું હસનઅલી ડોડિયા
રૂા.૫૦/- મો. અબ્બાસઅલી નૂરભાઈ સલેમા
રૂા.૫૦/- મો. હુસૈનાબહેન અબ્બાસઅલી સલેમા
રૂા.૫૦/- મો. મોહંમદહુસૈન ગુલામમોહંમદ સલેમા

**રૂા.૭૮૬/- મર્હૂમ દાવૂદભાઈ ઈબ્રાહીમભાઈ મૂસેના રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.**

**રૂા.૧૧૧૧/- મર્હૂમા અમીનાબેન હબીબભાઈ રાબડી (બાદરપુર)ના કુટુંબીજનો તરફથી.**

મર્હૂમ મો.મુસ્તાકઅલી રસૂલભાઈ સુથાર (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૫૦૦/- મો. સકીનાબેન મુસ્તાકઅલી સુથાર
રૂા.૧૦૦/- મો. આબિદઅલી મુસ્તાકઅલી સુથાર
રૂા.૧૦૦/- મો. નજમાબાનું આબિદ અલી સુથાર
રૂા.૫૦/- મો. મહેમૂદાફાતેમા આબિદઅલી સુથાર
રૂા.૫૦/- મો. મોહંમદહામિદ આબિદઅલી સુથાર
રૂા.૨૫૧/- મો. મુરાદઅલી રસૂલભાઈ સુથારના પરિવાર તરફથી
રૂા.૫૦૦/- મો. ઈમદાદઅલી રસૂલભાઈ સુથારના પરિવાર તરફથી
રૂા.૧૦૦/- મો. મંજૂરઅલી મોહંમદભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો. ઝૈનબબાનુ મંજૂરઅલી સુથાર
રૂા.૫૧/- મો. મોહંમદઅલી વલીભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો. નજરમોહંમદ ગુલામહુસૈન સુથાર
રૂા.૧૦૦/- મો. શાકેરાબાનુ નજરમોહંમદ સુથાર
રૂા.૧૦૧/- મો. અબ્બાસઅલી ગુલામમોહંમદ સુથાર
રૂા.૧૦૧/- મો. કનીઝફાતેમા અબ્બાસઅલી સુથાર
રૂા.૫૧/- મો. મોહંમદઈસ્હાક અબ્બાસઅલી સુથાર
રૂા.૭૫૦/- મો. મર્હૂમ વજીરભાઈ કરીમદભાઈ સુથારના પરિવાર તરફથી
રૂા.૧૦૦/- મો. ફકીરમોહંમદ વલીભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો. ફાતમાબેન ફકીરમોહંમદ સુથાર
રૂા.૧૦૦/- મો. ઈસ્માઈલભાઈ રસૂલભાઈ આસુદ
રૂા.૧૦૦/- મો. કુલસૂમબેન ઈસ્માઈલભાઈ આસુદ
રૂા.૫૦/- મો. હૈદરઅબ્બાસ ઈસ્માઈલભાઈ આસુદ
રૂા.૫૦/- મો. આબિદઅલી ઈસ્માઈલભાઈ આસુદ
રૂા.૫૦/- મો. મોલ્વી મન્સૂરઅલી ઈસ્માઈલભાઈ આસુદ
રૂા.૫૦/- મો. હુસૈનાબાનુ હૈદરઅબ્બાસ આસુદ
રૂા.૫૦/- મો. આબેદાબાનુ આબિદઅલી આસુદ
રૂા.૫૦/- મો. તાહેરાબાનુ મન્સૂરઅલી આસુદ
રૂા.૨૫/- મો. સરમદહુસૈન હૈદરઅબ્બાસ આસુદ
રૂા.૨૫/- મો. સુલેમાનઅલી આબિદઅલી આસુદ
રૂા.૨૫/- મો. હકીમાફાતમા મન્સૂરઅલી આસુદ
રૂા.૨૫/- મો. સાદેકાફાતેમા હૈદરઅબ્બાસ આસુદ
રૂા.૫૦/- મો. તાહેરાબાનું કાસમઅલી સુથાર
રૂા.૫૦/- મો. સાબેરાબાનુ ઈમદાદઅલી સુથાર

રૂા.૧૦૦૧/- મો. યૂસુફભાઈ રાજેભાઈ ધરખડ (બાદરપુર)- કાર્યપાલક ઈજનેરશ્રી) તરફથી પુત્ર એજાજઅહમદની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો. મો. શબ્બીરઅલી નશીરમોહંમદ (સાથળ) તરફથી તેમના પૌત્ર 'મોહંમદફરીદ' ની જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો. મો. હુસૈનાબાનું શબ્બીરઅલી (સાથળ) તરફથી હઝરત અલી (અ.)ની પાક રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો. મયસમ અલી મોહંમદઅલી મોમિન (દમણ) તરફથી જાફરી આવાઝના ઉત્તેજન અર્થે.

રૂા.૫૦૦/- મો.મર્હૂમ મો.ઝાકિરહુસૈન યૂસુફભાઈ અધારીયા (અબુજી) (શેરપુરા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- બંદએ ખુદા તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.